# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

18 APRIL, 2026 SATURDAY



પેજ 2  દાંતા તાલુકામાં કોંગ્રેસના કાર્યાલયના ઉદ્ઘાટનમાં ઠાકોર સમાજ ન જાય તેવી વિનંતી

પેજ 3  દીકરીના પ્રેમ લગ્નનો બદલો લેવા પાડોશી મહિલાએ રચ્યું ખૌફનાક કાવતરું

પેજ 7  કરનાળીના 'મા રેવા આશ્રમ' ખાતે શ્રદ્ધાળુઓ દ્વારા હનુમાન ચાલીસા અને ભોજન પ્રસાદ

પેજ 5  અમિત ચાવડા અને ભરતસિંહના ગઢમાં ભાજપનો કેસરીયો!



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 33 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


## બંને દેશ સીઝફાયરની નજીક, ઈસ્લામાબાદમાં ડીલ સાઈન થઈ તો હું પાકિસ્તાન જઈશ : ટ્રમ્પ

# ઈરાન ઘૂંટણિયે પડ્યું, એનરિચ્ડ યુરેનિયમ સોંપવા તૈયાર

### અમેરિકાનું માનવું છે કે તેનો ઉપયોગ પરમાણુ હથિયાર બનાવવા માટે થઈ શકે છે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન પોતાના એનરિચ્ડ (સંવર્ધિત) યુરેનિયમનો ભંડાર અમેરિકાને સોંપવા માટે તૈયાર થઈ ગયું છે. અમેરિકાનું માનવું છે કે તેનો ઉપયોગ પરમાણુ હથિયાર બનાવવા માટે થઈ શકે છે. તેમણે વ્હાઈટ હાઉસમાં પત્રકારોને એમ પણ કહ્યું કે બંને દેશ શાંતિ સમજૂતીની ખૂબ નજીક છે. તેમણે કહ્યું કે વાતચીત ખૂબ સફળ ચાલી રહી છે અને સમજૂતીની સંભાવના ઘણી વધારે છે.

ટ્રમ્પે કહ્યું કે જો આ ડીલ થઈ જાય છે, તો તેલનો પુરવઠો શરૂ થઈ જશે, હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લો રહેશે અને સ્થિતિ સામાન્ય થઈ જશે. તેમણે એમ પણ કહ્યું કે જો સમજૂતી ઈસ્લામાબાદમાં થાય છે, તો તેઓ પાકિસ્તાનની યાત્રા પણ કરી શકે છે.

જોકે ઈરાની મીડિયાએ ટ્રમ્પના દાવાને ખોટો ગણાવ્યો છે અને કહ્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ હવાઈ કિલ્લા બનાવી રહ્યા છે. જ્યારે ઈઝરાયલ અને લેબનાન 10 દિવસના સીઝફાયર પર રાજી થઈ ગયા છે. આ યુદ્ધવિરામ ભારતીય સમય અનુસાર ગુરુવાર મોડી રાત્રે 3:30 વાગ્યાથી લાગુ થઈ ગયો છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું કે તેમણે લેબનાનના રાષ્ટ્રપતિ જોસેફ ઔન અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે વાતચીત કરી, જેના પછી આ સહમતિ બની.



યુરેનિયમ એક એવો પદાર્થ છે, જેનાથી પરમાણુ ઊર્જા પણ બનાવી શકાય છે અને પરમાણુ બોમ્બ પણ. ફરક માત્ર એ વાતથી પડે છે કે તેને કેટલું એનરિચ એટલે કે શુદ્ધ કરવામાં આવ્યું છે.

કુદરતી યુરેનિયમમાં કામનો હિસ્સો ખૂબ ઓછો હોય છે, તેથી તેને મશીનો (સેન્ટ્રીફ્યુજ) દ્વારા સ્ટેપ બાય સ્ટેપ શુદ્ધ કરવામાં આવે છે. આ જ પ્રક્રિયાને 'યુરેનિયમ એનરિચમેન્ટ' કહે છે. આંતરરાષ્ટ્રીય એજન્સી IAEA ના રિપોર્ટ્સ અનુસાર ઈરાન પાસે કુલ મળીને લગભગ 5 થી 6 ટન વચ્ચે એનરિચ્ડ યુરેનિયમ ઉપલબ્ધ છે. જોકે, આ એટલું એનરિચ્ડ નથી કે તેનાથી પરમાણુ હથિયાર બની શકે.

હાલમાં 120 થી 130 કિલોગ્રામની આસપાસ 60% સુધી એનરિચ્ડ કરવામાં આવ્યું છે. જો આ એનરિચમેન્ટ 90% સુધી કરી લેવામાં આવે તો તેનાથી પરમાણુ હથિયાર બનાવી શકાય છે. તેથી અમેરિકા અને ઈઝરાયલ, ઈરાન પર પરમાણુ કાર્યક્રમ સીમિત કરવા અને એનરિચ્ડ યુરેનિયમ સોંપવાનું દબાણ કરતા રહ્યા છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજેશકિયાને દેશના પરમાણુ કાર્યક્રમ અંગે આકરો નિવેદન આપ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે એક તરફ કેટલાક દેશો પાસે પરમાણુ હથિયારો છે, જ્યારે બીજી તરફ ઈરાનના શાંતિપૂર્ણ પરમાણુ કાર્યક્રમને આધાર બનાવીને તેની વિરુદ્ધ યુદ્ધ છેડવામાં આવી રહ્યું છે.

તેમણે ઈરાન, ઈરાક અને સીરિયામાં વૈજ્ઞાનિકોની હત્યાઓ અને સામાન્ય નાગરિકો, ખાસ કરીને બાળકોના મૃત્યુનો ઉલ્લેખ કરતા સવાલ ઉઠાવ્યો કે શું દુનિયાના નેતાઓની અંતરાત્મા ખતમ થઈ ગઈ છે.

એક અન્ય પોસ્ટમાં તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તેમણે બધા ધર્મો અને માનવતાના ગોલ્ડન રૂલ પર પાછા ફરવાની અપીલ કરી હતી. એટલે કે, બીજાઓ સાથે એવું વર્તન ન કરો, જેવું તમે તમારી સાથે નથી ઈચ્છતા. તેમણે આરોપ લગાવ્યો કે ઈઝરાયેલ ખુલ્લેઆમ આ સિદ્ધાંતનું ઉલ્લંઘન કરી રહ્યું છે. યુકે અને ફ્રાન્સ આજે લગભગ 40 દેશોની એક મોટી બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠક હોર્મુઝમાં નાકાબંધી અને તેનાથી દુનિયામાં તેલ અને સપ્લાય પર પડી રહેલી અસરને લઈને હશે. આ બેઠકમાં અમેરિકા સામેલ નહીં થાય.

રોઈટર્સ અનુસાર, આ બેઠકનો હેતુ દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને એ સુનિશ્ચિત કરવાનો છે કે જહાજો કોઈપણ અવરોધ વિના આ માર્ગોથી પસાર થઈ શકે.

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે કહ્યું છે કે અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લો કરાવવા માટે કોઈ મદદ માંગી નથી.

તેમણે જણાવ્યું કે ગયા મહિને અમેરિકાએ ખાડી પ્રદેશમાં સુરક્ષા સહયોગ માંગ્યો હતો, જેના પછી ઓસ્ટ્રેલિયાએ UAE ની મદદ માટે E-7 વેજટેલ નિરીક્ષણ વિમાન અને કેટલીક મિસાઈલો તૈનાત કરી હતી.

આ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઓસ્ટ્રેલિયા પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે જ્યારે જરૂર પડી, ત્યારે ઓસ્ટ્રેલિયા અમેરિકા સાથે સંપૂર્ણપણે ઊભું રહ્યું ન હતું. લેબનોનના સિડોન શહેરમાં યુદ્ધવિરામ લાગુ થયા બાદ શુક્રવારે સવારે વિસ્થાપિત લોકો પોતાના ઘરોમાં પાછા ફરવા લાગ્યા. રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો જોવા મળી અને લોકો ધ્વજ લહેરાવીને આ અસ્થાયી રાહતની ઉજવણી કરતા જોવા મળ્યા.

## નેપાળમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ સૌથી મોટી તપાસ શરૂ 7 પૂર્વ PM, 3 રાષ્ટ્રપતિ, રાજાની સંપત્તિની તપાસ

### 100 મંત્રી અધિકારીઓ પણ તપાસના દાયરામાં

• કાઠમંડુ

નેપાળમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. વડાપ્રધાન બાલેન શાહની સરકારે 5 સભ્યોની ન્યાયિક પેનલ બનાવી છે, જે 2006 થી લઈને 2025-26 સુધી જાહેર પદો પર રહેલા લોકોની સંપત્તિની તપાસ કરશે.

આ તપાસના દાયરામાં 2005-06 પછીના તમામ 7 વડાપ્રધાનોને પણ સામેલ કરવામાં આવ્યા છે. તેમાં ગિરિજા પ્રસાદ કોઈરાલા, પુષ્પ કમલ દહલ, માધવ કુમાર નેપાળ, ઝલનાથ ખનાલ, બાબુરામ ભટ્ટરાઈ, કેપી શર્મા ઓલી અને શેર બહાદુર દેઉબાનો સમાવેશ થાય છે. આ સાથે જ બે વચગાળાની સરકારોના પ્રમુખ ખિલરાજ રેગ્મી અને સુશીલા કાર્કી પણ તપાસના દાયરામાં આવશે.

તેમાં પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહ પણ આવશે. આ ઉપરાંત ત્રણ રાષ્ટ્રપતિ રામ બરન યાદવ, વિદ્યા દેવી ભંડારી અને વર્તમાન રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલ પણ તપાસના ઘેરામાં હશે. આ તપાસ માત્ર મોટા નેતાઓ સુધી સીમિત નથી, પરંતુ તેમાં



મંત્રીઓ, બંધારણીય પદો પર બેઠેલા 100 થી વધુ લોકો અને વરિષ્ઠ નોકરશાહો પણ સામેલ હશે.

આ તપાસ નેપાળમાં રાજશાહી સમાપ્ત થયા પછીના સમગ્ર સમયગાળાને આવરી લેશે. આનો અર્થ એ છે કે 2006 પછીનું લગભગ સમગ્ર રાજકીય નેતૃત્વ હવે તપાસના દાયરામાં આવી ગયું છે.

ખાસ વાત એ છે કે આ તપાસ શાહ સરકારના પોતાના રાજકીય દાયરા સુધી પણ જઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ઈઝરાયલ-લેબનોન વચ્ચે 10 દિવસનો યુદ્ધવિરામ:ટ્રુથ સોશિયલ પર ટ્રમ્પની જાહેરાત;આજે રાત્રે 2-30 વાગ્યાથી શરૂ થશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈઝરાયલ અને લેબનોન 10 દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયા છે. આ યુદ્ધવિરામ ગુરુવારે ભારતીય સમય મુજબ સવારે 2:30 વાગ્યે અમલમાં આવશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કર્યું કે તેમણે લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉન અને ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે વાત કરી હતી, ત્યારબાદ આ કરાર થયો હતો.

તેમણે જણાવ્યું હતું કે તેઓ ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉનને વાટાઘાટો માટે વોશિંગ્ટન આમંત્રણ આપશે. આ અઠવાડિયે, 34 વર્ષમાં બંને દેશો વચ્ચે પહેલી સીધી વાટાઘાટો વોશિંગ્ટનમાં થઈ હતી, જેમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો પણ સામેલ હતા.

### ચાર ધોરણ ભણેલા ગુજરાતીની ચાર-ચાર પત્ની!:50 તોલા સોનાના દાગીના પહેરીને ફરતો, ફિલ્મ સ્ટારોને બનાવ્યા નિશાન

• ગુરુગ્રામ

હરિયાણાના ગુરુગ્રામમાં સસ્તા સોનાના સિક્કાની લાલચ આપી કરોડોની છેતરપિંડી કરનાર માસ્ટરમાઈન્ડ પ્રભુ ભાઈ સોલંકીને માત્ર સોનું પહેરવાનો શોખ નથી, પરંતુ તેને ફિલ્મો અને રાજકારણમાં નામ કમાવવાની પણ ઈચ્છા છે. પોલીસે જ્યારે તેને પકડ્યો ત્યારે તેણે 50 તોલા સોનાના દાગીના પોતાના ગળા અને હાથમાં પહેર્યા હતા.

આ જોઈને પોલીસકર્મીઓ પણ ચોંકી ગયા. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે તે ગરીબ બુલડોઝર ઓપરેટરનો વેશ ધારણ કરીને ભણેલા-ગણેલા શ્રીમંતોને ફસાવતો હતો. તે 25 વર્ષથી આ ધંધામાં હતો. તેના પર મહારાષ્ટ્રમાં 2 અને ગુજરાતમાં 7 છેતરપિંડીના કેસ નોંધાયેલા છે. તે માત્ર ચોથા ધોરણ સુધી જ ભણેલો છે.

### સ્પેસમાં 18 વખત ભારતીય સેટેલાઇટ પર જોખમ તોળાયું:ઇસરોએ રસ્તો બદલીને કાટમાળથી બચાવ્યા; 2025માં 1.5 લાખ વખત એલર્ટ આપ્યું

ઈસરોની 'ઈન્ડિયન સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ રિપોર્ટ-2025' મુજબ, ગયા વર્ષે ભારતે તેના સેટેલાઈટ્સને સુરક્ષિત રાખવા માટે ખૂબ જ સાવચેતી રાખવી પડી હતી. 2025માં ઈસરોના સેટેલાઈટ્સ માટે લગભગ દોઢ લાખથી વધુ એલર્ટ જારી કરવામાં આવ્યા હતા. આ એલર્ટ અમેરિકી સ્પેસ કમાન્ડ તરફથી મળ્યા હતા, જેનું વિશ્લેષણ ભારતીય વૈજ્ઞાનિકોએ વધુ સચોટ ઓર્બિટલ ડેટા સાથે કર્યું હતું. આ આંકડા સ્પષ્ટ સંકેત આપે છે કે લો-અર્થ ઓર્બિટ (LEO) હવે ખતરનાક રીતે ભીડભાડવાળી બની ગઈ છે. અંતરિક્ષમાં કાટમાળના ટકરાવાના જોખમોથી બચવા માટે ઈસરોને 18 વખત 'કોલિઝન એવોઈડન્સ મેન્યુવર' કરવું પડ્યું હતું. આ 14 વખત LEO સેટેલાઈટ્સ અને 4 વખત જિયો સ્ટેશનરી સેટેલાઈટ્સ (GEO) માટે કરવામાં આવ્યું હતું. આ મેન્યુવર્સમાં સેટેલાઈટની ગતિ અને ઊંચાઈમાં ફેરફાર કરીને સંભવિત ટકરાવને ટાળવામાં આવે છે.

## આસ્થા પર પ્રહાર કરનારા 'ઘરના જ ગદ્દારો'નો હવે સામાજિક અને કાનૂની સફાયો થશે

### ફેક વીડિયોના આધારે કરોડોની ખંડણી માંગનારી 'હુડિયા-પારેખ' ગેંગ બેનકાબ!

# ધર્મના લૂંટારુઓનું 'ડેથ વોરંટ'! સુરતમાં જિનાલય વિરુદ્ધ હનીટ્રેપ અને ઇન્ટરનેશનલ કાવતરાનો પર્દાફાશ

### ગ્રુપ એડિટર પવન માકનની ગર્જના– 'ધમકી આપનારા સાંભળી લે, તમારી જેલયાત્રાની ઉલ્ટી ગણતરી શરૂ

• સુરત

જ્યારે ગીધડાંના મોત આવે છે ત્યારે તે શહેર તરફ ભાગે છે, અને જ્યારે બ્લેકમેલરોનો અંત નજીક હોય છે ત્યારે તેઓ પવિત્ર ધર્મસ્થાનકોને નિશાન બનાવે છે! સુરતના વેસુ વિસ્તારમાં નિર્માણ પામી રહેલું શ્રી અભય પાર્શ્વનાથ ભગવાન જિનાલય આજે એવા 'ડિજિટલ ડાકુઓ'ની આંખોમાં ખૂંચી રહ્યું છે જેમણે આસ્થાને ઉઘાડી લૂંટનો ધંધો બનાવી દીધો છે. 'મહાનગર મેટ્રો' આજે એ આંતરરાષ્ટ્રીય ટોળકીના ચીંથરેચીંથરા ઉડાવી રહ્યું છે, જે મુનિ ભગવંતોના નામે કરોડોની ઉઘરાણીનો ગંદો ખેલ રમી રહી છે.

ષડયંત્રનું 'પોસ્ટમોર્ટમ': ફેક વીડિયો અને બ્લેકમેલિંગ

સાવધ રહો! આ ગેંગ 'મોર્ફ્ડ' અને 'ફેક' વીડિયોના માધ્યમથી સમાજના તેજસ્વી સંતોને બદનામ કરવાનું હીન




કાવતરું ઘડી રહી છે. જે વીડિયોને તપાસ એજન્સીઓ દોઢ વર્ષ પહેલા જ 'તદ્દન ખોટો અને કચરો' જાહેર કરી ચૂકી છે, તેને હથિયાર બનાવી આગામી ૨૩ એપ્રિલના *'અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ'*ને અટકાવવાની ધમકી અપાઈ રહી છે. આ ટોળકીનો મકસદ ધર્મની રક્ષા નથી, પણ માત્ર 'કરોડોની પ્રોટેક્શન મની' વસૂલવાનો છે.

ગદ્દારોની કુંડળી: કોણ છે સમાજના આ દુશ્મનો?

1. હાર્દિક હુડિયા (મુંબઈ): ગદ્દારીનું પર્યાય! પોતાને જૈન સમાજનો કહેવડાવતો આ કથિત પત્રકાર મુંબઈમાં બેસીને વેસુના જિનાલયને તોડવા વહીવટીતંત્રને ગેરમાર્ગે દોરતી ખોટી અરજીઓ કરી રહ્યો છે.

2. જગત પારેખ (અમદાવાદ): ગુનાહિત ઈતિહાસ ધરાવતો આ એવો મહોરો છે જેનું કામ માત્ર સમાજમાં ડર ફેલાવી ખંડણી વસૂલવાનું છે.

પવન માકનનો સીધો પ્રહાર: 'તમારી ધમકીઓથી ડરતા નથી'

આ કૌભાંડનો ભાંડો ફોડતા જ હાર્દિક હુડિયાના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. તેણે ગ્રુપ એડિટર પવન માકનને ડરાવવાની કોશિશ કરી, જેના જવાબમાં માકને સિંહગર્જના કરી છે કે: 'પત્રકારત્વ જ્યારે સંકલ્પ બને છે, ત્યારે માફિયાઓના સામ્રાજ્ય ધૂળ ચાટતા થઈ જાય છે. હુડિયા, તારી ધમકીઓ જ સાબિતી છે કે અમે તારી નસ દબાવી છે. જ્યાં સુધી તું જેલના સળિયા નહીં ગણે, ત્યાં સુધી અમે અટકીશું નહીં!'

તંત્રને અલ્ટીમેટમ: ગુનેગારોના પ્યાદા ન બનો

અમે સુરત મહાનગરપાલિકા (SMC) અને પોલીસ પ્રશાસનને સ્પષ્ટ ચેતવણી આપીએ છીએ કે આ બ્લેકમેલરોની પાયાવિહોણી ફરિયાદો પર કોઈ પણ કાર્યવાહી કરવી આત્મઘાતી સાબિત થશે. ગુનેગારો ધર્મગુરુઓ પર દબાણ લાવવા માટે સરકારી મશીનરીનો દુરુપયોગ કરી રહ્યા છે. જો તંત્ર આ 'ડિજિટલ ડાકુઓ'ના પ્રભાવમાં આવશે, તો જૈન સમાજનો આક્રોશ રસ્તા પર ઉતરશે.

અંતિમ ચેતવણી: હવે કુદરત ન્યાય કરશે!

પૈસાની ભૂખમાં ભગવાનના ઘરને નુકસાન પહોંચાડનારા આ તત્વો ભૂલી ગયા છે કે કુદરતનો ન્યાય અચૂક હોય છે. જૈન સમાજ હવે આ પાપીઓના સામાજિક બહિષ્કાર અને કાનૂની સજા માટે કમર કસી ચૂક્યો છે.

ધર્મના નામે રમત રમનારા આ ચહેરાઓને ઓળખી લેજો, આ સમાજના રક્ષક નહીં પણ ભક્ષક છે!

## અગાઉની સુનાવણીમાં SCએ કહ્યું હતું કે- કરોડોની આસ્થાને ખોટી ઠેરવવી મુશ્કેલ છે

• નવી દિલ્હી

કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓની એન્ટ્રીને લઈને સુપ્રીમ કોર્ટમાં પાંચમા દિવસની સુનાવણી શરૂ થઈ ગઈ છે. 9 જજોની બેન્ચે 15 એપ્રિલે અગાઉની સુનાવણીમાં કહ્યું હતું કે કરોડો લોકોની આસ્થાને ખોટી ઠેરવવી એ સૌથી મુશ્કેલ કાર્યોમાંનું એક છે. સાથે જ એ પણ કહ્યું કે સામાજિક સુધારના નામે ધર્મને ખોખલો કરી શકાય નહીં.

જ્યારે મંદિર પ્રશાસન ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ (TDB) એ કહ્યું કે સબરીમાલા કોઈ રમકડાની દુકાન કે રેસ્ટોરન્ટનો મામલો નથી. અહીંના દેવતા બ્રહ્મચારી છે. ભારતમાં અયપ્પાના લગભગ 1,000 મંદિર છે. જો મહિલાઓને દર્શન કરવા હોય, તો ત્યાં જાય. તેમને આ જ ખાસ મંદિરમાં શા માટે આવવું છે.

કેરળ હાઈકોર્ટે 1991માં સબરીમાલામાં માસિક ધર્મવાળી મહિલાઓ (10-50 વર્ષ) ની એન્ટ્રી પર રોક લગાવી હતી. સુપ્રીમ કોર્ટે 2018માં પ્રતિબંધ હટાવી દીધો. નિર્ણય વિરુદ્ધ ઘણી પુનર્વિચાર અરજીઓ દાખલ કરવામાં આવી, જેના પર હવે સુનાવણી થઈ રહી છે. મંદિર પ્રશાસન મહિલાઓની એન્ટ્રીનો વિરોધ કરી રહ્યું છે.

સબરીમાલા મંદિર કેસ પર 7 એપ્રિલથી સુનાવણી શરૂ થઈ છે. પહેલા 3 દિવસ, 9 એપ્રિલ સુધી સુનાવણી થઈ. આ દરમિયાન કેન્દ્ર સરકારે મહિલાઓની એન્ટ્રીના વિરોધમાં દલીલો રજૂ કરી.

સરકારે કહ્યું હતું કે દેશના ઘણા દેવી મંદિરોમાં પુરુષોની એન્ટ્રી પણ પ્રતિબંધિત છે, તેથી ધાર્મિક પરંપરાઓનું સન્માન થવું જોઈએ. એડવોકેટ વેંકટેશ: હું મારી જાતને આ પ્રશ્ન પૂછીશ કે સ્વતંત્ર શું છે, અંતરાત્માની સ્વતંત્રતા શું છે.

## છત્તીસગઢમાં હીટવેવ, 11 દિવસ વહેલા શાળાઓમાં ઉનાળુ વેકેશન

• નવી દિલ્હી

મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને મહારાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી લૂ ચાલી રહી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું છે કે 20 એપ્રિલ સુધી આ રાજ્યોમાં ગરમી અને બફારાથી રાહત મળવાની આશા નથી. તાપમાન 40 થી 44C ની વચ્ચે રહી શકે છે. મધ્ય પ્રદેશના 6 અને રાજસ્થાનના 4 શહેરોમાં ગુરુવારે તાપમાન 42C થી વધુ નોંધાયું. MP માં નર્મદાપુરમ 43C સાથે સૌથી ગરમ શહેર રહ્યું. રાજસ્થાનનું બાડમેર 42.9C સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું. રાજસ્થાનમાં આવનારા દિવસોમાં સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. છત્તીસગઢના ઘણા ભાગોમાં ગુરુવારે તાપમાન 43C સુધી પહોંચી ગયું છે. ભીષણ ગરમી અને હીટવેવ વચ્ચે રાજ્ય સરકારે શાળાઓની ઉનાળાની રજાઓ 11 દિવસ વહેલા, 1 મે ને બદલે 20 એપ્રિલથી જ જાહેર કરી દીધી. રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળાઓ 20 એપ્રિલથી 15 જૂન સુધી બંધ રહેશે. મહારાષ્ટ્રમાં આગામી કેટલાક દિવસોમાં ગરમીની અસર વધુ તીવ્ર બનવાની છે. IMD અનુસાર, રાજ્યના વિદર્ભ, મધ્ય અને કોંકણ પ્રદેશમાં 19 એપ્રિલ સુધી લૂ ચાલશે. આ દરમિયાન લોકોને જરૂરી સાવચેતી રાખવા અને ગરમીથી બચવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, પૂર્વોત્તર રાજ્યો આસામ અને મેઘાલયમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.


 ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# શહેરમાં 'ટીમ ટીમ તારા' કાર્યક્રમનો પ્રારંભ

## અપરાજીથા ફાઉન્ડેશન દ્વારા બાળકોને વ્યસનમુક્તિ અને ઉમદા નાગરિક બનાવવા માટેનું એક સ્તુત્ય અભિયાન

• અમદાવાદ

અમદાવાદ સ્થિત બાળ સુરક્ષા એકમ હેઠળના મુસ્લિમ યતીમખાનાના આંગણે અપરાજીથા ફાઉન્ડેશનના પ્રેરક પ્રકલ્પ 'ટીમ ટીમ તારા' પ્રોગ્રામનો ગરિમાપૂર્ણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. બાળકોના સર્વાંગી વિકાસને સમર્પિત આ કાર્યક્રમમાં જિલ્લા બાળ પ્રોટેકશન અધિકારી, સંસ્થાના અધિક્ષકશ્રી તેમજ બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ અને સ્ટાફ મિત્રોએ વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ અવસરે ફાઉન્ડેશનના સ્ટેટ પ્રોજેક્ટ કોર્ડિનેટર મિહિરભાઈ શુક્લા દ્વારા બાળકોને 'વ્યસનમુક્તિ'ના વિષય પર એક પ્રભાવશાળી વીડિયો પ્રસ્તુતિ બતાવી, તેમને નશાની બદીથી દૂર રહી સ્વસ્થ જીવન જીવવાની



પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. અપરાજીથા ફાઉન્ડેશનના નેજા હેઠળ કાર્યરત 'ટીમ ટીમ તારા' પ્રોગ્રામ એ ખરા અર્થમાં બાળકોના જીવન કૌશલ્યોના સિંચન માટેનો એક નવતર પ્રયોગ છે. આ પ્રોગ્રામમાં અત્યાધુનિક વીડિયો માધ્યમનો ઉપયોગ કરીને બાળકોને સંવાદ કળા (Communication), સમયનું સુવ્યવસ્થિત આયોજન (Time Management) અને જીવનનું લક્ષ્ય નિર્ધારિત (Goal Setting) કરવા જેવી વિવિધ પાયાની કુશળતાઓનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. બાળકોના જીવન કૌશલ્યોને સુદ્રઢ બનાવી, તેમને સમાજમાં એક જવાબદાર અને શ્રેષ્ઠ નાગરિક તરીકે સ્થાપિત કરવામાં અપરાજીથા ફાઉન્ડેશન પાયાની અને પથદર્શક ભૂમિકા અદા કરી રહ્યું છે.અપરાજીથા ફાઉન્ડેશન ગુજરાતમાં 77 લાખ વિદ્યાર્થીઓ સાથે જીવન કૌશલ્યના વિડીયોના માધ્યમથી એમના જીવનમાં આમૂલ પરિવર્તન લાવી રહ્યું છે આ સાથે 54 હજારથી વધુ સ્કૂલો ગુજરાતની 'ટીમ ટીમ તારા પ્રોગ્રામ' અંતર્ગત જોડાયેલી છે જેમાં સરકારી સ્કૂલો, બાળ સુરક્ષા કેન્દ્રો,આ સિવાય જવાહર નવોદય સાથે સાથે કોર્પોરેશન સ્કૂલો તથા બી.એડ કોલેજોનો સમાવેશ થાય છે

# SOG પોલીસે દેશી બંદૂક સાથે એકને પકડ્યો : રોહીકા ગામ પાસેથી આરોપી ઝડપાયો, આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

અમદાવાદ : અમદાવાદ ગ્રામ્ય SOG પોલીસે રોહીકા ગામ પાસેથી એક વ્યક્તિને ગેરકાયદેસર દેશી બંદૂક સાથે ઝડપી પાડ્યો છે. આરોપી જાવેદભાઈ અબીબભાઈ ભોહરીયા વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ગેરકાયદેસર હથિયારોના ઉત્પાદન, સંગ્રહ, હેરાફેરી અને ઉપયોગ સામે કડક કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. SOGને ખાનગી બાતમી મળી હતી.આ બાતમીના આધારે, પોલીસ ટીમે રોહીકા ગામના પાટિયા પાસે, રોહીકા તરફ જતા આશરે 100 મીટર દૂર જમણી બાજુ આવેલા બાવળના ઝાડ પાસે દરોડો પાડ્યો હતો.

જવાબદારી

### સ્વદેશી બુલેટ ટ્રેનનું નિર્માણ ભારતમાં

# BEMLને અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ ટ્રેનની ડિઝાઈન, ઉત્પાદન અને મેઈન્ટેનન્સની જવાબદારી સોંપાઈ

## હવે એવા પ્રયાસો પણ શરૂ થયા છે કે જેનાથી ભવિષ્યમાં હાઈ સ્પીડ ટ્રેન પણ મેઈડ ઈન ઈન્ડિયા હશે

• અમદાવાદ

ભારતમાં પ્રથમ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ અમદાવાદ અને મુંબઈ વચ્ચે સાકાર થવા જઈ રહ્યો છે. તેમજ દેશને આત્મનિર્ભર બનાવવાના વડાપ્રધાન મોદીના સપનાને પૂરા કરવાના પર્યાસો શરુ થયા છે. હવે એવા પ્રયાસો પણ શરૂ થયા છે કે જેનાથી ભવિષ્યમાં હાઈ સ્પીડ ટ્રેન પણ મેઈડ ઈન ઈન્ડિયા હશે. આ દિશામાં આગળ વધતા અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ માટે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRCL) દ્વારા રક્ષા મંત્રાલય હસ્તકની ભારતની નવરત્ન ગણાતી કંપની BEML લિમિટેડને ટ્રેનની ડિઝાઈન, ઉત્પાદન, ટેસ્ટિંગ, મેન્ટેનન્સ અને સંલગ્ન કામગીરી માટે સિંગલ ટેન્ડર (એક જ નિર્ધારિત કંપનીને ટેન્ડર) જારી કરાયુ છે. આ કંપની સંરક્ષણ, રેલવે, ઊર્જા, ખનન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં મશીનરી ઉત્પાદન અને મહત્વપૂર્ણ સેવાઓ પૂરી પાડે છે. આ ટેન્ડર અનુસાર કંપનીએ હાઈ સ્પીડ ટ્રેનની ડિઝાઈન બનાવવાથી શરૂ કરીને તેનું ઉત્પાદન, ટેસ્ટિંગ, તેનું કમિશનિંગ (ટ્રેનને કાર્યાન્વિત કરવા માટે



સંપૂર્ણ રીતે તૈયાર કરવી) અને લાંબા ગાળાના મેન્ટેનન્સની કામગીરી કરવાની રહેશે. આ કોરિડોર નિર્માણથી ઉત્તર અને પૂર્વ ભારત તેમજ દક્ષિણ ભારત અને પશ્ચિમ ભારતના વિસ્તારોમાં કનેક્ટિવિટીનો વ્યાપ વધશે. નાણામંત્રીના જણાવ્યા અનુસાર આ નિર્ણય પર્યાવરણને અનુકૂળ ટકાઉ પેસેન્જર પ્રણાલીને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવ્યો છે જેનાથી શહેરો વચ્ચે જોડાણ વધશે અને તેમના વિકાસને ગતિ મળશે. ભારતમાં સ્વદેશી હાઈ સ્પીડ ટ્રેન નિર્માણના ભવિષ્યલક્ષી વિઝન અનુસાર આ પ્રયાસો શરૂ કરાયા છે. અમદાવાદ અને મુંબઈ વચ્ચે ભારતનો પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યો છે. તેના માટે 508 કિલોમીટરનો રેલ કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે, જેમાંથી ગુજરાત અને દાદરા-નગર હવેલીમાં 352 કિલોમીટર અને મહારાષ્ટ્રમાં 156 કિલોમીટરનો રૂટ રહેશે. આ ટ્રેનના રૂટમાં 12 સ્ટેશન રહેશે, જેમાં સાબરમતી, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, બિલીમોરા, વાપી, બોઈસર, વિરાર, થાણે અને મુંબઈનો સમાવેશ થાય છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કેન્દ્રીય બજેટ 2026-27માં રેલવે કનેક્ટિવિટીને નવો આકાર આપવા માટે 7 હાઈ સ્પીડ રેલ કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. તેમાં મુંબઈથી પુણે, પૂણેથી હૈદરાબાદ, હૈદરાબાદથી બેંગલુરુ, હૈદરાબાદથી ચેન્નઈ, ચેન્નઈથી બેંગલુરુ, દિલ્હીથી વારાણસી અને વારાણસીથી સિલિગુડી કોરિડોર સામેલ છે.આ કોરિડોર નિર્માણથી ઉત્તર અને પૂર્વ ભારત તેમજ દક્ષિણ ભારત અને પશ્ચિમ ભારતના વિસ્તારોમાં કનેક્ટિવિટીનો વ્યાપ વધશે. નાણામંત્રીના જણાવ્યા અનુસાર આ નિર્ણય પર્યાવરણને અનુકૂળ ટકાઉ પેસેન્જર પ્રણાલીને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવ્યો છે જેનાથી શહેરો વચ્ચે જોડાણ વધશે અને તેમના વિકાસને ગતિ મળશે.

### એલ.સી.બી ટીમ સક્રિય બની કામગીરી કરી રહી છે

# કુતિયાણાના ઈશ્વરીયા ગામેથી વરલી - મટકા નો જુગાર રમતા શખ્સને પકડી પાડતી એલ.સી બી.

**જપ્ત** વરલી મટકા ના આંકડા લખેલ ચીઠ્ઠી તથા બોલપેન સાથે રૂ.૧૦, ૭૫૦ની રોકડ રકમ જપ્ત

• ગોસા(ઘેડ) તા.૧૭

પોરબંદર જીલ્લા ના કુતિયાણા પોલીસ સ્ટેશન વિસ્તારના ઈશ્વરીયા ગામેથી વરલી - મટકા ના આંકડાનો જુગારનો ગણના પાત્ર કેસ પોરબંદર એલ.સી.બી. એ શોધી કાઢ્યો છે જેમાં રૂ.૧૦, ૭૫૦ રોકડા અને ચિટ્ઠી તથા બોલપેન સાથે એક શખ્સ જુગાર રમતા પકડાયો છે

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં દારૂ અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કાબૂમાં લેવા માટે આપવામાં આવેલ સૂચનાઓ મુજબ એલ.સી.બી ટીમ સક્રિય બની કામગીરી કરી રહી છે.



તે દરમિયાન એલ સી.બી.ઈન્ચાર્જ પો.ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયા ની દેખરેખ હેઠળ એલ.સી.બી સ્ટાફના માણસો પેટ્રોલિંગ માં હતા ત્યારે એલ.સી.બી ના એ એસ આઈ મુકેશભાઈ માવદીયા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ ઓડેદરા તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા ને મળેલી ચોક્કસ બાતમીના આધારે કુતિયાણાના ઈશ્વરીયા ગામે દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન ઈશ્વરીયા ગામ બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં વરલી-મટકાના આંકડાઓ ઉપર બેટિંગ લઈ જુગાર રમતા આરોપી બ્રિજેશ વિનોદરાય મેઘનાથી ઠકરાર (ઉંમર ૨૮, રહેવાસી ઈશ્વરીયા, શિવ મંદિર પાસે તા. કુતિયાણાવાળાને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે તેની પાસેથી વરલી મટકાના આંકડા લખેલી ૨ ચીટ્ઠીઓ, ૧ બોલપેન અને રૂ. ૧૦,૭૫૦ની રોકડ રકમ જપ્ત કરી છે.

આ મામલે કુતિયાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નં.૧૧૨૧૮૦૦૪૨ ૬૦૨૧૦/૨૦૨૬ હેઠળ જુગાર અધિનિયમની કલમ ૧૨(અ) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓમાં એલ સી બી પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયા તથા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર બટુકભાઈ વિંઝુડા, રાજેન્દ્રભાઈ જોષી, રણજીતસિંહ દયાતર, ગોવિંદભાઈ મકવાણા, ઉદયભાઈ વરૂ, મુકેશભાઈ માવદીયા તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા, હીમાંશુભાઈ મક્કા, કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રા. હેડ કોન્સ્ટેબલ જગમાલભાઈ ભારવાડીયા વિગેરે રોકાયેલ હતા.

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

# દાંતા તાલુકામાં કોંગ્રેસના કાર્યાલયના ઉદ્ઘાટનમાં ઠાકોર સમાજ ન જાય તેવી વિનંતી

### દાંતા કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખે ઠાકોર સમાજનાં છોકરીઓને ફસાવવા મોટો ફાળો રહ્યો છે

નગરપાલિકા અને જિલ્લા પંચાયત તાલુકા પંચાયતની ચૂંટણીઓના પ્રચારો ચાલુ થઈ ચૂક્યા છે ત્યારે ભાજપ કોંગ્રેસ અને આપ પાર્ટીનો સીધો જંગ જામવાનો છે ત્યારે ત્રી પંખીયા જંગ માં ઉમેદવારો હેડી ચોટીનું જોર લગાવી રહ્યા છે ત્યારે દાંતા તાલુકામાં ઠાકોર સમાજ સાથે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ તેમની આગેવાનીમાં ઠાકોર સમાજના માણસો ઉપર દાંતા પોલીસ સ્ટેશનમાં ખોટી અરજીઓને ખોટી ફરિયાદો આપતા ઠાકોર સમાજના માણસોને ફસાવવામાં કાવતરું કરનાર દાંતા ના કોંગ્રેસના પૂર્વ પ્રમુખની આગેવાની ને લઈ ઠાકોર સમાજના માણસો ઉપર ફરિયાદો કરાવતા ઠાકોર સમાજના ઘણા એવા ગામોના લોકોએ કોંગ્રેસ સામે નારાજગી વ્યક્ત કરી છે ત્યારે કોંગ્રેસના પૂર્વ પ્રમુખે તેમના સંબંધીઓ સાથે મળીને ખોટી દાંતા પોલીસ સ્ટેશનમાં અરજીઓ કરાવી હતી ત્યારે આ બાબતની જાણ દાંતા ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીને પણ



કરવામાં આવી હતી પરંતુ તેઓએ પણ સરખો જવાબ ન આપ્યો હતો અને જ્યારે ચૂંટણી બાબતની વાત કરતા તેઓને એવું જણાવ્યું હતું કે અમારે કોઈ ઠાકોર સમાજના વોટની જરૂર નથી આવો જવાબ આપતા ઠાકોર સમાજના લોકોએ રોષ વ્યક્ત કર્યો હતો ત્યારે શનિવારના રોજ કોંગ્રેસ કાર્યાલયનું ઉદઘાટન કરવાનું હોય ત્યારે ઠાકોર સમાજના લોકો ન જાય તેવી સમગ્ર ઠાકોર સમાજને વિનંતી કરવામાં આવે છે જો આ વખતે કોંગ્રેસને મોકો આપ્યો તો ફરીથી ઠાકોર સમાજને ભોગવવું પડશે એટલે કોંગ્રેસને વોટ આપતા પહેલા જોઈ વિચારીને આપજો

રિપોર્ટર જ્યોતિ ઠાકોર અંબાજી બનાસકાંઠા

# દાંતામા માં વરલી મટકાનો જુગાર ધમધમતા પોલીસ સામે સવાલો

### વર્લી મટકાનો જુગારીયાઓ પોલીસ ને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે

દાંતા વરસોથી વિવાદમાં ચાલતુ આવ્યું છે ત્યારે દાંતામાં ફરીથી વર્લી મટકાનો જુગાર ધમધમી રહ્યો છે ત્યારે પોલીસ સામે સવાલો ઉઠી રહ્યા દાંતામાં દેશી વિદેશી દારૂ જેવી પ્રવૃત્તિઓના કારણે અનેક વાર વિવાદમાં આવતું રહ્યું છે દાંતા મા ફરીથી વર્લી મટકાનો જુગાર ધમધમતા પોલીસ સામે સવાલો ઉભા થયા છે ત્યારે દાંતા પોલીસની રહેમનજર ચાલતા વર્લી મટકાનો જુગાર કોની રહેમનજર ચાલી રહ્યો છે અને દાંતામાં કયા પોલીસ કર્મચારીઓ ની નજર હેઠળ ચાલે છે તેની તપાસ ઉચ્ચ કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવે નહીં તો જુગાર ના રવાડે યુવાધન બરબાદ થઈ રહ્યું છે ત્યારે એક તરફ સરકાર યુવાનો બરબાદી ના માર્ગે ન જાય તેવા સરકાર પ્રયાસો કરી રહી છે તો બીજી બાજુ દાંતા પોલીસ સ્ટેશનની હદમાં વર્લી મટકાનો જુગાર ધમધમી રહ્યો છે ત્યારે હવે આ યુવા ધન બરબાદ થતુ અટકાવશે કે નહીં તે જોવાનું રહ્યું




# બિહારના નવા મુખ્યમંત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર આરોપી સાણંદથી ઝડપાયો



અમદાવાદ : બિહાર રાજ્યના નવનિયુક્ત મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને મોબાઈલ ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં અમદાવાદની સાણંદ પોલીસે મોટી સફળતા મેળવી છે. બિહારના મુંગેર જિલ્લાના સંગ્રામપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનાના આરોપીને સાણંદ પોલીસે સાણંદ-કડી રોડ પરથી ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીએ પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જ પોતાનો ગુનો કબૂલી લીધો હતો, જેને પગલે પોલીસે તેને રાઉન્ડ-અપ કરીને આગળની કાયદાકીય કાર્યવાહી માટે બિહાર પોલીસને સોંપી દીધો છે. બિહારના મુખ્યમંત્રીને ફોન પર ધમકી આપવા મામલે સંગ્રામપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ બનાવની જાણ થતાં સતત બિહાર પોલીસના સંપર્કમાં રહીને સર્વેલન્સ સ્ટાફને ધમકી આપનાર શખ્સના મોબાઈલ નંબરના આધારે આરોપીનું લોકેશન ટ્રેસ કરી તેને દબોચી લેવામાં આવ્યો હતો.

### ૭૦૦+ બેઠકો બિનહરીફ: લોકશાહીનો વિજય કે વિપક્ષનો વીંટો?

# ચૂંટણી પહેલા જ પરિણામોનો વરતારો! શું જનતાનો જોશ છે કે વિપક્ષની મજબૂરી? 'પાક્કો ગુજરાત'નું ખાસ વિશ્લેષણ

• ગાંધીનગર | પાક્કો ગુજરાત ન્યૂઝ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ ખરાખરીના તબક્કે પહોંચ્યો છે, પરંતુ મતદાનના ડબલાં ભરાય તે પહેલા જ એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. રાજ્યભરમાં ૭૦૦થી વધુ બેઠકો પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આ આંકડો માત્ર સંખ્યા નથી, પણ ગુજરાતના બદલાતા રાજકીય સમીકરણોનો એક મોટો સંકેત છે.

બિનહરીફનો આંકડો શું સૂચવે છે?

જ્યારે કોઈ બેઠક બિનહરીફ થાય ત્યારે તેના બે પાસા હોય છે:

૧. મજબૂત જનસમર્થન: શાસક પક્ષના કામ અને સંગઠનની શક્તિ એટલી પ્રચંડ હોય કે સામે કોઈ ઉભું રહેવા તૈયાર ન થાય.

૨. વિપક્ષની કમજોરી: શું કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી પાસે સક્ષમ ઉમેદવારોનો અભાવ છે? અથવા શું છેલ્લી ઘડીએ ફોર્મ ખેંચાવવાની 'ખેલદિલી' પાછળ કોઈ દબાણ છે? આંકડાની નજરે 'બિનહરીફ' જંગ

તાજેતરના અહેવાલો મુજબ, ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૯,૯૯૪ બેઠકોમાંથી ૭૨૪ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ થયા છે. ખાસ કરીને નગરપાલિકાઓમાં ભાજપનો દબદબો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

વિપક્ષ ક્યાં કાચું કાપ્યું?

સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં વિપક્ષે આક્રમક દેખાવો તો કર્યા, પણ મેદાનમાં ટકી શકવામાં ક્યાંક કમી રહી હોય તેવું લાગે છે. ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે જે રીતે સામૂહિક રીતે વિપક્ષી ઉમેદવારોએ પીછેહઠ કરી, તેણે અનેક સવાલો ઉભા કર્યા છે:

* શું વિપક્ષી ઉમેદવારોને તોડવામાં આવ્યા?

* શું સ્થાનિક લેવલે ગઠબંધન અને સંગઠન વચ્ચે તાલમેલનો અભાવ હતો?

* શું જનતાનો મિજાજ પારખીને વિપક્ષે હાર સ્વીકારી લીધી?

પાક્કો ગુજરાત સવાલ પૂછે છે:

* શું બિનહરીફ બેઠકો લોકશાહીની મજબૂતી છે કે તંદુરસ્ત સ્પર્ધાનો અંત?

* ચૂંટણી ખર્ચ બચે એ સારી વાત, પણ શું મતદારોને પસંદગીનો અધિકાર મળ્યો?

* જો ચૂંટણી પહેલા જ ૭૦૦+ બેઠકો નક્કી થઈ જતી હોય, તો વિપક્ષની ભૂમિકા શું?

અંતે 'પાક્કો' વિચાર:

લોકશાહીમાં હાર-જીત તો ચાલ્યા કરે, પણ 'લડત' હોવી અનિવાર્ય છે. જો જનતાના પ્રશ્નો ઉઠાવનારા જ મેદાન છોડી દે, તો વિકાસના નામે થતા કામો પર લગામ કોણ કસશે? ૨૬મી એપ્રિલે મતદાન થશે, પણ આ ૭૦૦+ બેઠકોએ અત્યારથી જ રાજકીય ગરમાવો વધારી દીધો છે.

# 'બિનહરીફ' વિજય કે મતાધિકારની હત્યા? શું 'NOTA' સામે પણ ચૂંટણી થવી અનિવાર્ય છે?

## ચૂંટણી પંચે આપણને 'NOTA' (None of the Above) નો વિકલ્પ આપ્યો છે

અમદાવાદ: લોકશાહીમાં જનતા જ જનાર્દન છે, પરંતુ તાજેતરમાં વધતા 'બિનહરીફ' વિજેતાઓના ટ્રેન્ડે એક નવો જ વિવાદ છેડ્યો છે. 'શામ, દામ, દંડ અને ભેદ'ના જોરે મેદાન ખાલી કરાવી દેવાની રાજનીતિમાં શું સામાન્ય માનવીનો 'નકારવાનો અધિકાર' (Right to Reject) ગૂંગળાઈ રહ્યો છે?




ગોઠવણ વિરુદ્ધ જનમત

ચૂંટણી પંચે આપણને 'NOTA' (None of the Above) નો વિકલ્પ આપ્યો છે. આનો અર્થ એ છે કે ચૂંટણીમાં જનતા પણ એક મજબૂત પક્ષ છે. જ્યારે કોઈ ઉમેદવાર અન્ય ફોર્મ પરત ખેંચાવીને 'બિનહરીફ' જાહેર થાય છે, ત્યારે તે વિસ્તારના લાખો મતદારોનો મત આપવાનો અધિકાર છીનવાઈ જાય છે. તર્ક એવો છે કે ભલે મેદાનમાં એક જ ઉમેદવાર બચ્યો હોય, તેને વિજેતા જાહેર કરતા પહેલા 'નોટા' સામે ચૂંટણી લડાવવી જોઈએ.

કેમ 'નોટા' સામે મતદાન જરૂરી છે?

૧. લોકશાહીની ગરિમા: જો એકમાત્ર ઉમેદવાર કરતા 'નોટા' ને વધુ મત મળે, તો તેનો અર્થ એ કે જનતાને તે પ્રતિનિધિ મંજૂર નથી. આવા સંજોગોમાં ફરી ચૂંટણી થવી જોઈએ.

૨. અનૈતિક ખેલ પર લગામ: જો ઉમેદવારોને ખબર હશે કે એકલા બચ્યા પછી પણ જનતા તેમને નકારી શકે છે, તો ફોર્મ ખેંચાવવા માટે ખેલાતા ડર અને લાલચના ખેલ બંધ થશે.

૩. સાચી મંજૂરી: લોકશાહી ત્યારે જ સાર્થક કહેવાય જ્યારે પ્રતિનિધિની પસંદગી 'ગોઠવણ' થી નહીં, પણ જનતાના સક્રિય 'મત' થી થાય.

નિચોડ:

જ્યાં સુધી છેલ્લો ઉમેદવાર 'નોટા' ને હરાવી ન દે ત્યાં સુધી તેને વિજયી જાહેર કરવો એ લોકશાહીના મૂળભૂત મૂલ્યોની વિરુદ્ધ છે. સમય પાકી ગયો છે કે આપણે 'બિનહરીફ'ની વ્યાખ્યા બદલીએ અને મતદારની અનિવાર્યતા સ્થાપિત કરીએ.

દીપક જગતાપ

આ પેલેસમાં 1 હજાર જેટલા બારી-બારણા છે.

# રાજપીપળાનું ગૌરવ વધારતો રાજપીપળાનો વડીયા પેલેસ: કલા અને સ્થાપત્ય નો અદભૂત નમૂનો

## ગોહિલ વંશના રાજા વિજયસિંહ મહારાજે રાજપીપળા નજીક વડીયા ખાતે તે વખતના 40 લાખના ખર્ચે 151 એકર જમીનમાં બનાવ્યો હતો

• લેખક :દીપક જગતાપ...

રિયાસતી રાજવી નગરી રાજપીપળાનો વડીયા પેલેસ,કલા અને સ્થાપત્યનો અદભૂત નમૂનો ગણાય છે. હેરિટેજ દિવસે વડીયા પેલેસ ની આન બાન અને શાન સાથે રાજપીપળા વાસીઓ તેનું ગૌરવ અનુભવી રહ્યા છે .ગોહિલ વંશના રાજા વિજયસિંહ મહારાજે રાજપીપળા નજીક વડીયા પાસે તે વખતના 40 લાખના ખર્ચે 151 એકર જમીનમાં વડીયા પેલેસ બનાવ્યો હતો. આ પેલેસને સફેદ ઇટાલિયન માર્બલ થી બનાવવામાં આવ્યો હતો છે.જેની ચમક આજે પણ એવી જ છે.જાણે આજે જ નવો પેલેસ બનાવ્યો હોય તેવો લાગે છે આ પેલેસમાં 1 હજાર જેટલા બારી-બારણા છે

ગોહિલ વંશના રાજવી પરિવાર પૌત્ર વિક્રમજીત સિંહ ના જણાવ્યા અનુસાર મહારાજા વિક્રમસિંહ 1943 થી 1942 માં બે નમૂના વડીયા પેલેસ બનાવ્યો હતો.રાજપીપળાના સ્વ. વિજયસિંહ ગોહિલ ઈંગ્લેન્ડમાં ડર્બી રેસ જીત્યા હતા તેના નામની મળેલી રકમમાંથી પોતાના ભાઈ ઈન્દ્રસિંહ માટે ઈન્દ્રજીતપદમણી પેલેસ બનાવડાવ્યો હતો. જે વડિયા ગામમાં બન્યો હોવાથી તે વડીયા પેલેસ તરીકે જાણીતો થયો બાકી તેનો અસલી નામ ઈન્દ્રજીતપદમણી પેલેસ




છે.આજે તેની કિંમત કરોડો નહીં પણ અબજો માં થવા જાય છે.તેવી બેનમૂન કલા અને સ્થાપત્ય નો અદભૂત નમૂના વડીયા પેલેસમાં ફર્નિચર કિંમત બર્માસાગ માંથી બનાવેલું છે.આજે પણ ચકચકિત જણાય છે. તેના વિવિધ રંગના માર્બલ સાથે નું ફલોરિંગ તેમજ આકર્ષિત ભીંતચિત્રો જે મહારાજ એ જર્મન યુદ્ધ કેદીને અંગ્રેજ સરકારની પરવાનગી મેળવીને રાજપીપળા બોલાવી પેઈન્ટ કરાવ્યા હતા, તેમાં કૃષ્ણ ભક્તિના ચિત્રો ઉપરાંત ડાન્સ રૂમ, બાથરૂમ ના ચિત્રો હાલ સરકારી કચેરીની ધૂળ ખાતે દીવાલોમાં ધરબાઈ ગયા છે.તેની ગેલેરીના કાંગરા ખરી ગયા છે. અગાસીના તૂટેલા માર્બલની જગ્યાએ સિમેન્ટના લપેટ ગાબડા પુરી દેવાયા છે. પેસમાં એલીવેટરની વ્યવસ્થા હતી તેથી તેમાંથી સુગંધ પ્રસરતી હતી.

આ પેલેસમાં કુલ 11 શયનકક્ષ આવેલા છે. દરેક કક્ષમાં સ્નાન કક્ષ હતા,અને આંખો મહેલ એરકન્ડિશનર હતો.સમગ્ર મહેલમાં બર્માના સાગના બનેલા 1000 બારી બારણા લગાડેલા છે. એ ઉપરાંત બોલ રૂમમાં બર્માના સાગથી લોરિંગ કરવામાં આવ્યું છે. દીવાલો પર ઈટલીની પ્રખ્યાત ચિત્રોકારોના બેનમૂન પેન્ટિંગ કરેલા છે . પણ આજે આ વડિયા પેલેસ સરકારી કચેરીઓમાં તબદીલ થઈ જતા મહામૂલો પેન્ટિંગ ફાઈલોની ધૂળની ચાદરમાં લપેટી ગયા છે. આજના હેરિટેજ દિવસે આ વડિયા પેલેસ ને પુરાતત્વ વિભાગ જાળવણી કરે તેવી માંગ ઉઠી છે .જોકે

હાલ સરકાર દ્વારા 18કરોડ ના ખર્ચે થઈ રહ્યું છે રીનોવેશન.

-દીપક જગતાપ

રાજવી મહારાજ છત્રસિંહ ગંભીરસિંહ ગોહિલે પોતાના શાસનકાળમાં 1899 માં દિવાના ખાનબહાદુર ધનજીશાએદલજી અને કાર્યપાલક ઈજનેર ભગવાનદાસ દલાલના નેજા હેઠળ પેલેસનું બાંધકામ કરાયું હતું. જોકે છત્ર વિલાસ પેલેસની ડિઝાઈન લંડનના બંકીમહામે પેલેસ ની પ્રતિકૃતિ સમાન બનાવી હતી.આ મહેલમાં મુંબઈના પ્રખ્યાત ચિત્રકાર સાબુકીએ મહેલના ચિત્રો, રાજા મહારાજાના શિકાર કરતા ચિત્રો દોરેલા હતા આ ચિત્રો હવે ભૂતકાળ બની ગયો છે.મહેલમાં બેનમુન ભીતચિત્રો હતાં, બેલ્જીયમ ગ્લાસ પર કલાત્મક કોતરણી કરેલી હતી. પરંતુ સરકારી અમલદારોને મહેલની દીવાલો પર હથોડા મારી તોડી પાડતા આ પેલેસની ભવ્યતા હવે ભવ્ય ભૂતકાળ બની ગઈ છે.

-દીપક જગતાપ

## ચોરીઓને રોકવા પોલીસે સીસીટીવી કેમેરાનો ઊંડો અભ્યાસ કર્યો હતો

# 'માસ્ટર કી' થી બાઈક ચોરતી ગેંગનો પર્દાફાશ, સોલા પોલીસે 23 બાઈક સાથે રાજસ્થાનની ત્રિપુટીને દબોચી

**ત્રિપુટીને દબોચી** | સોલા ભાગવત બ્રિજ નીચેથી સતત થતી ચોરીઓને રોકવા પોલીસે સીસીટીવી કેમેરાનો ઊંડો અભ્યાસ કર્યો હતો

• અમદાવાદ

અમદાવાદ શહેરના એસજી હાઈવે અને આસપાસના વિસ્તારોમાં ટુ-વ્હીલર ચોરીના વધતા જતા બનાવો વચ્ચે સોલા પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે રાજસ્થાનના બાંસવાડાની એક રીઢા ચોર ટોળકીને ઝડપી પાડી છે. આ ટોળકી પાસેથી કુલ 23 ચોરાઉ બાઈક જપ્ત કરવામાં આવ્યા છે. જેનાથી શહેરના વિવિધ પોલીસ સ્ટેશનના 19 ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. મુખ્ય આરોપી ગોપાલ અગાઉ પણ 11 થી વધુ ચોરીના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. તે કોઈ નશા માટે નહીં પરંતુ મહેનત વગર



સરળતાથી પૈસા કમાવવા માટે આ રસ્તો અપનાવતો હતો. હાલ સોલા પોલીસે ત્રણેયની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કેવી રીતે ચોરી કરતી હતી આ ટોળકી?

DCP હર્ષદ પટેલે આ ઓપરેશન અંગે વિગતો આપતા જણાવ્યું કે, મુખ્ય આરોપી ગોપાલ અને તેના સાગરીતો મુકેશ તથા ભરત ખૂબ જ ચાલાકીથી ચોરીને અંજામ આપતા હતા. તેઓ ખાસ કરીને એવા પાર્કિંગ સ્થળો પસંદ કરતા જ્યાં લોકો આખો દિવસ વાહન મૂકીને નોકરીએ જતા હોય. ગોપાલ પોતાની પાસે ડુપ્લીકેટ અને ઘસાયેલી ચાવીઓનો જથ્થો રાખતો. તે જૂના બાઈકને ટાર્ગેટ કરતો કારણ કે તેના લોક ઢીલા થઈ ગયા હોય છે, જે ઘસાયેલી ચાવીથી સરળતાથી ખુલી જતા હતા. ચોરી કર્યા બાદ આ બાઈકોને ભાડજ સર્કલ પાસે ઝાડી-ઝાંખરામાં છુપાવી દેતા હતા. જેથી કોઈની નજર ન પડે.સીસીટીવી અને બાતમીએ અપાવી સફળતાસોલા ભાગવત બ્રિજ નીચેથી સતત થતી ચોરીઓને રોકવા પોલીસે સીસીટીવી કેમેરાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. જેમાં રાજસ્થાનના ગોપાલની કડી મળી હતી. રિંગરોડ પર અદાણી પેટ્રોલ પંપ પાસે વોચ ગોઠવીને પોલીસે ગોપાલને ઝડપી પાડ્યો અને તેની પૂછપરછમાં અન્ય બે સાગરીતોના નામ ખુલ્યા હતા. તેને ઝડપી લઈને પુછપરછ કરતા 19 ગુનાઓનો ભેદ ઉકેલાયો હતો. અનેક પોલીસ સ્ટેશનના ગુના ઉકેલાયા પોલીસે જપ્ત કરેલા 23 બાઈકમાંથી સોલા હાઈકોર્ટ: 9 ગુના ઉપરાંત રામોલ, કૃષ્ણનગર, ઓઢવ, નિકોલ, સાબરમતી રિવરફ્રન્ટ અને કઠલાલ પોલીસ સ્ટેશનના ગુના પણ ઉકેલાયા હતા. મુખ્ય આરોપી ગોપાલ અગાઉ પણ 11 થી વધુ ચોરીના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. તે કોઈ નશા માટે નહીં પરંતુ મહેનત વગર સરળતાથી પૈસા કમાવવા માટે આ રસ્તો અપનાવતો હતો. હાલ સોલા પોલીસે ત્રણેયની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં પ્રસાદીના બહાને 'ઝેર' પીરસાયું! દીકરીના પ્રેમ લગ્નનો બદલો લેવા પાડોશી મહિલાએ રચ્યું ખૌફનાક કાવતરું

## ' દીકરી પોતાની મરજીથી પરણી ગઈ, તેનો બદલો નિર્દોષ પાડોશી પાસેથી લેવા મહિલાએ આ ખૌફનાક રસ્તો અપનાવ્યો

સુરત: કહેવાય છે કે પાડોશી એ પહેલો સગ્વો હોય છે, પણ સુરતના પાંડેસરા વિસ્તારમાં આ વાત લોહીના સંબંધોથી પણ વધુ ઝેરી સાબિત થઈ છે. પોતાની દીકરીના પ્રેમલગ્નથી ભભૂકી રહેલી એક માતાએ વેરની અગ્નિમાં અંધ બની પાડોશી પરિવારને ખતમ કરવાનું કાવતરું ઘડ્યું. પ્રસાદીના લાડુમાં ઝેર ભેળવીને આખા પરિવારને મોતના મુખમાં ધકેલનાર મહિલાને પોલીસે દબોચી લીધી છે.



શું હતી આખી ઘટના?

ઘટનાની વિગત એવી છે કે, સુરતના પાંડેસરામાં રહેતી આરોપી મહિલાની દીકરીએ પાડોશમાં રહેતા પરિવારના સંબંધી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. આ વાતની અદાવત રાખીને મહિલાએ બદલો લેવાનું નક્કી કર્યું. રવિવારે 'સત્યનારાયણની કથા' હોવાનું બહાનું ધરીને તે પાડોશીના ઘરે પ્રસાદીના લાડુ આપવા ગઈ હતી. આ લાડુમાં તેણે અગાઉથી જ ઝેરી પદાર્થ ભેળવી દીધો હતો.

પરિવારના 4 સભ્યો હોસ્પિટલમાં

જેવા પરિવારે આ લાડુ ખાધા, તે સાથે જ એક પછી એક સભ્યોને ઉલ્ટીઓ અને ચક્કર આવવા લાગ્યા હતા. નાના બાળકો સહિત પરિવારના 4 સભ્યોની તબિયત લથડતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. સદનસીબે, સમયસર સારવાર મળતા મોટી જાનહાનિ ટળી હતી.

'દીકરી પોતાની મરજીથી પરણી ગઈ, તેનો બદલો નિર્દોષ પાડોશી પાસેથી લેવા મહિલાએ આ ખૌફનાક રસ્તો અપનાવ્યો. પોલીસે સીસીટીવી અને પૂછપરછના આધારે મહિલાની ધરપકડ કરી છે.' – પોલીસ તપાસ અધિકારી

પાક્કો ગુજરાતનો સવાલ:

શું સમાજમાં વધી રહેલી અસહિષ્ણુતા આ હદે પહોંચી ગઈ છે કે લોકો હવે ભગવાનના પ્રસાદને પણ વેર વાળવાનું સાધન બનાવી રહ્યા છે? આ ઘટનાએ માનવતા અને પાડોશી ધર્મ પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

# પંજાબમાં નોકરીના નામે 'ભીખ' અને ગુજરાતમાં વિકાસના 'બણગાં'!

## ૩૫,૦૦૦ નોકરીઓનું વચન હવામાં ઓગળ્યું; પંજાબના યુવાનોનો અંધકારમય ભવિષ્ય જોઈ ગુજરાતની જનતા સાવધ!

• અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ

રાજકારણમાં રેવડી વહેંચવી સહેલી છે, પણ વચનો પાળવા અઘરા છે. પંજાબમાં સત્તા પર આવવા માટે જે પક્ષે ૩૫,૦૦૦ સરકારી નોકરીઓની મસમોટી જાહેરાતો કરી હતી, આજે એ જ પંજાબના યુવાનો નોકરીના નામે રસ્તા પર ભીખ માંગવા મજબૂર બન્યા છે. યુવાનોના ભવિષ્ય સાથે છેડા કરનાર 'આપ' (AAP) હવે ગુજરાતમાં આવીને વિકાસના પાઠ ભણાવવા નીકળી છે, જેણે ગુજરાતની જનતામાં ભારે રોષ જગાડ્યો છે.પંજાબની જનતા અને ખાસ કરીને બેરોજગાર યુવાનો આજે એક જ સવાલ પૂછી રહ્યા છે - 'નોકરીઓ ક્યાં છે?' ચૂંટણી સમયે આંકડાઓની માયાજાળ રચીને યુવાનોને સપના બતાવવામાં આવ્યા હતા, પરંતુ વાસ્તવિકતામાં યુવાનોના હાથમાં નિમણૂક પત્રોને બદલે લાઠીઓ અને બેરોજગારી મળી છે. યુવાનોના ભવિષ્યને અંધકારમાં ધકેલી દેનાર આ શાસન પદ્ધતિ હવે ખુલ્લી પડી ગઈ છે.

ગુજરાતને વિકાસ શીખવાડવાની જરૂર નથી!

જે પક્ષે પંજાબ જેવા સમૃદ્ધ રાજ્યને અરાજકતા અને દેવાના ડુંગર નીચે દબાવી દીધું છે, તે ગુજરાતમાં આવીને 'મોડેલ'ની વાતો કરે છે તે હાસ્યાસ્પદ છે. ગુજરાતના સમજદાર યુવાનો અને નાગરિકો જોઈ રહ્યા છે કે પંજાબમાં શું હાલત છે.

* પંજાબમાં અરાજકતા: ડ્રગ્સની સમસ્યા હોય કે કથળતી કાયદો-વ્યવસ્થા, પંજાબ આજે મુશ્કેલીમાં છે.* નોકરીના નામે છેતરામણી: જાહેરાતોમાં કરોડો ખર્ચાય છે, પણ યુવાનોને રોજગાર આપવામાં સરકાર નિષ્ફળ રહી છે.

પાક્કો ગુજરાતનો સીધો સવાલ:

* યુવાનોના ભવિષ્ય સાથે છેડા કરવાનું ક્યારે બંધ થશે?

* શું પંજાબના યુવાનોનો જવાબ માંગવાનો અધિકાર નથી?

# લાઇસન્સ કઢાવવું હવે થશે સાવ સરળ! સરકારે નિયમોમાં કર્યો મોટો ફેરફાર, જાણો હવે શું કરવું પડશે?

ડ્રાઈવિંગ લાઈસન્સના નિયમોમાં ફેરફાર



ગાંધીનગર: વાહન ચાલકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકારે ડ્રાઈવિંગ લાઈસન્સ (DL) મેળવવાના નિયમોમાં ધરખમ ફેરફાર કર્યા છે, જેનાથી હવે સામાન્ય જનતાને આરટીઓ (RTO) ના ધક્કામાંથી મુક્તિ મળશે.

નવા નિયમોની મુખ્ય વિગતો:

* RTO ટેસ્ટની જરૂર નહીં: હવે તમારે લાઈસન્સ માટે RTO જઈને ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાની જરૂર રહેશે નહીં.

* પ્રાઈવેટ સેન્ટર પર માન્યતા: સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ ડ્રાઈવિંગ ટ્રેનિંગ સેન્ટર પરથી તમે ટ્રેનિંગ લઈને સર્ટિફિકેટ મેળવી શકશો.

* ડાયરેક્ટ લાઈસન્સ: પ્રાઈવેટ સેન્ટરનું સર્ટિફિકેટ સબમિટ કરવા પર તમને સીધું જ ડ્રાઈવિંગ લાઈસન્સ ઈશ્યૂ કરી દેવામાં આવશે.

## ફિલ્મ સ્ટાર્સને પણ ન છોડ્યા, પત્નીને કોંગ્રેસમાં લડાવી ચૂંટણી; જાણો કેવી રીતે આ 'ગોલ્ડન ઠગ' લગાવતો કરોડોનો ચૂનો!

# ૪ પાસ ગુજરાતીનો 'ફિલ્મી' ખેલ: ૪ પત્નીઓ, ૫૦ તોલા સોનું અને હાઈપ્રોફાઈલ છેતરપિંડીનો માસ્ટરમાઈન્ડ!

• અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ

કહેવાય છે કે ભણતર અને ગણતર અલગ હોય છે, પણ આ કિસ્સામાં તો છેતરપિંડીનું એવું 'ગણતર' જોવા મળ્યું છે કે પોલીસ પણ માથું ખંજવાળતી થઈ ગઈ છે. માત્ર ચાર ધોરણ ભણેલો એક ગુજરાતી શખ્સ, જેની જીવનશૈલી કોઈ મોટા બિઝનેસ ટાયકૂન કે બોલિવૂડ સ્ટાર જેવી હતી, તે હકીકતમાં એક રીઢો ઠગ નીકળ્યો છે. જેણે સામાન્ય લોકો તો ઠીક, પણ નામચીન ફિલ્મ સ્ટાર્સને પણ રડાવ્યા છે.

૫૦ તોલા સોનું અને લક્ઝરી લાઈફસ્ટાઈલ આ ઠગની ઓળખ તેની ભારેખમ સોનાની ચેઈન અને ઘરેણાંથી થતી હતી. શરીરે હંમેશા ૫૦ તોલા સોનાના દાગીના પહેરીને ફરતો આ શખ્સ સામે જોનાર અંજાઈ જતો. લક્ઝરી ગાડીઓનો કાફલો અને શાહી ઠાઠ જોઈને કોઈને શંકા પણ ન જતી કે આ વ્યક્તિ માત્ર ચાર ચોપડી ભણેલો છે અને તેનો અસલી ધંધો લોકોને ચૂનો લગાવવાનો છે.

૪ પત્નીઓ અને રાજકીય કનેક્શન આ ઠગની પર્સનલ લાઈફ પણ કોઈ મસાલા ફિલ્મથી ઓછી નથી. તેણે એક-બે નહીં પણ ચાર-ચાર પત્નીઓ રાખી હતી. પોતાની વગ વધારવા માટે તેણે પત્નીને કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટણી પણ લડાવી હતી, જેથી તે રાજકીય ઓથ હેઠળ પોતાના કાળા કારનામા છુપાવી શકે અને લોકો પર પ્રભાવ પાડી શકે.

ઠગાઈની મોડસ ઓપરેન્ડી: સ્ટાર્સ પણ બન્યા શિકાર આ શખ્સની ઠગાઈની રીત અત્યંત શાતિર હતી. તે મોટા પ્રોજેક્ટ્સ, જમીનના સોદા કે રોકાણના બહાને લોકો પાસે કરોડો રૂપિયા પડાવતો હતો.

* ફિલ્મ સ્ટાર્સને નિશાન: તેણે બોલિવૂડના જાણીતા કલાકારોને પણ ફિલ્મ ફંડિંગ કે બિઝનેસ પાર્ટનરશિપના બહાને લાખોનો ચૂનો લગાવ્યો છે. * હાઈપ્રોફાઈલ નેટવર્ક: તે પોતાની રાજકીય પકડનો ઉપયોગ કરી અધિકારીઓ અને મોટા માથાઓને ડરાવી કે લલચાવીને કામ કઢાવતો હતો.

પાક્કો ગુજરાત સવાલ પૂછે છે:

* શું માત્ર ઠાઠમાઠ જોઈને આપણે કોઈના પર ભરોસો કરી લેવો જોઈએ?

* ચાર પત્નીઓ અને આટલું સોનું હોવા છતાં તપાસ એજન્સીઓની નજર આના પર વહેલી કેમ ન પડી?

* રાજકારણનો ઉપયોગ શું ગુનાખોરી છુપાવવા માટે જ થઈ રહ્યો છે?

અંતે 'પાક્કો' ખુલાસો:

આ ઠગની ધરપકડ બાદ હવે એક પછી એક અનેક કૌભાંડો બહાર આવી રહ્યા છે. તેની ચારેય પત્નીઓની ભૂમિકા અને રાજકીય ભલામણોની પણ તપાસ ચાલી રહી છે. જેણે આખી દુનિયાને ઉલ્લુ બનાવ્યો, તે આજે જેલના સળિયા પાછળ પોતાની 'સોનાની લંકા' ગુમાવીને બેઠો છે.

# સુરત ભાજપનો 'ગઢ' પણ વરાછા કેમ 'વેઠ' ઉતારે છે? ૧૨ ધારાસભ્યો અને ૨ સાંસદ હોવા છતાં વિકાસમાં વહાલા-દવલાની નીતિ!

### વરાછાની જનતાનો વેધક સવાલ: ટેક્સ અમે ભરીએ અને સુવિધા અન્ય વિસ્તારોને? જુઓ, વરાછા સાથે ઓરમાયું વર્તન!

• સુરત | પાક્કો ગુજરાત ન્યૂઝ

સુરત એટલે ભાજપનો અજેય કિલ્લો. આ શહેરે ભાજપને ૧૨ ધારાસભ્યો, ૨ સાંસદો અને ૧૦૦થી વધુ કોર્પોરેટરો (૯૩ ચૂંટાયેલા + ૧૨ આયાતી) આપ્યા છે. છતાં, જ્યારે વિકાસની વાત આવે છે ત્યારે સુરતનો હૃદય સમાન ગણાતો 'વરાછા' વિસ્તાર આજે પણ ઉપેક્ષિત કેમ છે? શહેરના અન્ય ચળકાટ મારતા વિસ્તારોની સરખામણીએ વરાછાને શું મળ્યું? આ સવાલ હવે વરાછાની શેરીએ-ગલીએ ગુંજી રહ્યો છે.

આંકડાઓની માયાજાળ જુઓ, આખું સુરત કોર્પોરેશન ભાજપમય છે. છતાં વરાછાની હાલત શું છે?

* ટ્રાફિકની સમસ્યા: વર્ષોથી વરાછા ટ્રાફિકના ચક્કરવ્યૂહમાં ફસાયેલું છે. ફ્લાયઓવર બન્યા પણ આયોજનના અભાવે સમસ્યા જસની તસ છે.

* ગાર્ડન અને ખુલ્લી જગ્યા: અડાજણ કે વેસુમાં જેટલા બગીચા અને મોકળાશ છે, તેની સરખામણીએ વરાછામાં જનતાને શ્વાસ લેવા માટે પણ પૂરતી જગ્યા નથી.

* શિક્ષણ અને આરોગ્ય: શું વરાછામાં હાઈટેક મ્યુનિસિપલ હોસ્પિટલો કે આધુનિક શાળાઓ અન્ય વિસ્તારોની જેમ વિકસી છે?

શહેરના પોશ વિસ્તારોમાં જે ઝડપે રસ્તાઓ બને છે અને સુવિધાઓનું ખાતમુહૂર્ત થાય છે, તેની સામે વરાછામાં માત્ર 'લોલીપોપ' આપવામાં આવે છે. ભાજપના ૧૨-૧૨ ધારાસભ્યો હોવા છતાં વરાછાના પ્રશ્નો માટે વિધાનસભામાં ગર્જના કેમ સંભળાતી નથી? જ્યારે ૧૨ કોર્પોરેટરો ખરીદીને સત્તા વધારવામાં આવી, ત્યારે વરાછાની જનતાને આશા હતી કે હવે વિકાસ બમણો થશે, પણ પરિણામ શૂન્ય દેખાઈ રહ્યું છે.

પાક્કો ગુજરાત સવાલ પૂછે છે:

* ટેક્સ વરાછાની જનતા વધુ ભરે છે, તો સુવિધામાં અન્યાય કેમ?* શું ભાજપને લાગે છે કે વરાછા તો 'ગઢ' છે, ગમે તે કરશું તો પણ વોટ તો મળશે જ?* ૧૨ ધારાસભ્યો અને ૨ સાંસદોની ફોજ હોવા છતાં વરાછાની જનતાએ ટ્રાફિક અને ખાડામાં જ કેમ જીવવાનું?

જનતાનો મિજાજ:વરાછાની જનતા હવે જાગૃત થઈ છે. સોશિયલ મીડિયાથી લઈને પાનના ગલ્લા સુધી એક જ ચર્ચા છે કે, 'અમે સત્તા આપી, સંખ્યાબળ આપ્યું,.

# રાજકારણમાં ગરમાવો: "મોદી સરકારની ઊંધી ગણતરી શરૂ, હડબડાટમાં કરી રહી છે આવી હરકતો" - સપા સાંસદ રાજીવ રાયનો પ્રહાર

નવી દિલ્હી: દેશના રાજકારણમાં અત્યારે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર ચરમસીમાએ છે. સમાજવાદી પાર્ટીના સાંસદ રાજીવ રાયે કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, સરકાર હવે ડરી ગઈ છે અને તેની ઊંધી ગણતરી શરૂ થઈ ગઈ છે. દિલ્હીમાં મીડિયા સાથેની વાતચીતમાં તેમણે સરકારની તાજેતરની કામગીરીને 'છટપટાહટ' ગણાવી છે.તાજેતરના રાજકીય ઘટનાક્રમો, મહિલા અનામત અને સીમાંકન (Delimitation) જેવા મુદ્દાઓ પર બોલતા રાજીવ રાયે કહ્યું કે: "મોદી સરકારમાં અત્યારે ભારે છટપટાહટ અને હડબડાટ જોવા મળી રહી છે. તેમને પોતાની હાર દેખાઈ રહી છે અને એટલે જ તેઓ આવી હરકતો કરી રહ્યા છે.

**બહુજન સમાજ પાર્ટી દ્વારા આક્ષેપ** શહેરમાં સુવિધાઓ વધવાના બદલે અનેક પ્રશ્નો ઊભા થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે

# પોરબંદર મનપા સામે વનાણા ટોલનાકા મુદ્દે બહુજન સમાજ પાર્ટીનો ભારે આક્રોશ

### મીડિયામાં કઈક અલગ વાતો અને ભીતરમાં કઈક અલગ કમિશનર નો જુઠ્ઠાણા નો RTI અરજીમાં થયો મોટો ખુલાશો !

• ગોસા(ઘેડ) તા.૧૭



પોરબંદર નગરપાલિકા મહાનગર પાલિકામાં રૂપાંતરિત થયા બાદ શહેરમાં સુવિધાઓ વધવાના બદલે અનેક પ્રશ્નો ઊભા થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમાં ખાસ કરીને વનાણા ટોલનાકા મુદ્દે વિવાદ વધુ તેજ બન્યો છે.

બહુજન સમાજ પાર્ટી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે વનાણા ટોલનાકું ગેરકાયદેસર રીતે ચાલી રહ્યું છે અને પ્રજાથી ટોલના નામે અન્યાયપૂર્વક વસૂલી કરવામાં આવી રહી છે. આ મામલે પક્ષ દ્વારા પોરબંદર મનપા કમિશ્નરને પુરાવા સાથે અનેક વખત લેખિત ફરિયાદો અને અરજીઓ કરવામાં આવી હોવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી.મનપા કમિશ્નર હસમુખ પ્રજાપતિ પર ખોટા નિવેદનો આપવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે.આ સાથે રાજ્ય અને કેન્દ્રમાં પોરબંદરના જનપ્રતિનિધિઓ ઉચ્ચ પદ પર હોવા છતાં શહેરના નાગરિકોનો પ્રશ્ન ઉકેલવામાં નિષ્ફળ રહ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.બહુજન સમાજ પાર્ટીના મનપા પ્રભારી દિનેશ માંડવિયા દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં જણાવાયું છે કે જો તાત્કાલિક ન્યાય નહીં મળે તો ઉચ્ચ ન્યાયપાલિકાનો દરવાજો ખટખટાવવામાં આવશે.

મનપા કમિશ્નર દ્વારા મીડિયા સમક્ષ જણાવાયું હતું કે હાઈવે ઓથોરિટીને આ મુદ્દે લેખિતમાં જાણ કરવામાં આવી છે, પરંતુ ત્યાંથી કોઈ હકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી. જોકે, આ નિવેદનથી અસંતોષ વ્યક્ત કરતા પક્ષ દ્વારા તા. ૧૦/૦૨/૨૦૨૬ના રોજ RTI મારફતે હાઈવે ઓથોરિટી પાસે માહિતી માંગી હતી.

તેના જવાબમાં ૩૦ દિવસની સમયમર્યાદા બદલે ૬૫ દિવસ બાદ તા. ૧૫/૦૪/૨૦૨૬ના રોજ સિટી ઈજનેરના હસ્તાક્ષર સાથે મળેલા પત્રમાં જણાવાયું કે આ મામલે કોઈ પણ પ્રકારના દસ્તાવેજો તેમની પાસે ઉપલબ્ધ નથી.

પક્ષના જણાવ્યા મુજબ, છેલ્લા ૧૬ મહિનાથી પોરબંદરની જનતા આ ગેરકાયદેસર ટોલનાકાના કારણે આર્થિક નુકસાન સહન કરી રહી છે. મનપા કમિશ્નર હસમુખ પ્રજાપતિ પર ખોટા નિવેદનો આપવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે.આ સાથે રાજ્ય અને કેન્દ્રમાં પોરબંદરના જનપ્રતિનિધિઓ ઉચ્ચ પદ પર હોવા છતાં શહેરના નાગરિકોનો પ્રશ્ન ઉકેલવામાં નિષ્ફળ રહ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.બહુજન સમાજ પાર્ટીના મનપા પ્રભારી દિનેશ માંડવિયા દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં જણાવાયું છે કે જો તાત્કાલિક ન્યાય નહીં મળે તો ઉચ્ચ ન્યાયપાલિકાનો દરવાજો ખટખટાવવામાં આવશે.

રિપોર્ટર:વિરમભાઈ કે.આગઠ

### કોર્ટની આકરી ટિપ્પણી: 'કાયદો બધા માટે સમાન'

# આસારામ આશ્રમ પર હાઈકોર્ટનો હથોડો: 'આદત મુજબ ગુનો કરનાર' ગણાવી રાહત આપવાનો ઈન્કાર, 500 કરોડનું સામ્રાજ્ય થશે જમીનદોસ્ત!

**જમીનદોસ્ત!** કોર્ટે ટ્રસ્ટને કોઈ પણ પ્રકારની વચગાળાની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો છે

અમદાવાદ: વિવાદોના પર્યાય બનેલા આસારામ આશ્રમની મુશ્કેલીઓમાં હવે ધરખમ વધારો થયો છે. ગુજરાત હાઈકોર્ટે આશ્રમ ટ્રસ્ટની ઝાટકણી કાઢતા તેને 'હેબિચ્યુઅલ ઓફેન્ડર' (આદત મુજબ ગુનો કરનાર) ગણાવ્યું છે. આ સાથે જ 500 કરોડની કિંમતી જમીન પર બનેલા આશ્રમને બચાવવા માટેની ટ્રસ્ટની આખરી આશા પર પણ પાણી ફરી વળ્યું છે.

આસારામ આશ્રમ ટ્રસ્ટ દ્વારા ડિમોલિશન સામે વચગાળાની રાહત માંગતી અરજી કરવામાં આવી હતી. જોકે, હાઈકોર્ટે આ અરજીને ફગાવી દેતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આ ટ્રસ્ટ વારંવાર કાયદાનું ઉલ્લંઘન કરવા માટે ટેવાયેલું છે. કોર્ટે ટ્રસ્ટની દલીલોને ગ્રાહ્ય રાખવાને બદલે વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવનારા પગલાંને લીલી ઝંડી આપી દીધી છે.

શું છે સમગ્ર વિવાદ?

* જમીન હડપવાનો મામલો: વર્ષોથી



આક્ષેપ હતો કે આશ્રમ દ્વારા સરકારી અને ગૌચરની અબજો રૂપિયાની જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવી બાંધકામ કરવામાં આવ્યું છે.

* 500 કરોડની મિલકત: જે જમીન પર આશ્રમનું બાંધકામ છે તેની બજાર કિંમત અંદાજે 500 કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે.

* ડિમોલિશનની તૈયારી: હાઈકોર્ટના આ આકરા વલણ બાદ હવે વહીવટી તંત્ર ગમે ત્યારે બુલડોઝર ફેરવીને આ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડે તેવી પૂરેપૂરી શક્યતા છે.

'કોર્ટે ટ્રસ્ટને કોઈ પણ પ્રકારની વચગાળાની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો છે, જેનો અર્થ એ છે કે હવે આશ્રમ તૂટવો નિશ્ચિત છે.'

આશ્રમ ટ્રસ્ટની છબી પર ફરી લાગ્યો ડાઘ

ભૂતકાળમાં પણ આ આશ્રમ અને તેના સંચાલકો વિવિધ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા રહ્યા છે. ત્યારે હવે હાઈકોર્ટ દ્વારા તેને 'આદત મુજબ ગુનો કરનાર' જાહેર કરવામાં આવતા કાયદાના નિષ્ણાતો આને એક ઐતિહાસિક ચુકાદો ગણાવી રહ્યા છે.

પાક્કો ગુજરાતનો સવાલ: શું આ ચુકાદો અન્ય ભૂમાફિયાઓ અને ગેરકાયદેસર દબાણ કરનારાઓ માટે લાલબત્તી સમાન સાબિત થશે?

# રાજકારણમાં ગરમાવો: 'ધમકીઓ બંધ કરો, નહિ તો ઘરે આવી જઈશ!' - પદ્મિનીબા વાળાની ભાજપને સીધી ચેતવણી

### ' જો ઉમેદવારોને ધમકાવવાનું બંધ નહી થાય, તો યાદ રાખજો, આ છેલ્લી વોર્નિંગ છે

અમદાવાદ/રાજકોટ: ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. આમ આદમી પાર્ટી (AAP) ના ફાયરબ્રાન્ડ નેતા પદ્મિનીબા વાળાએ સત્તાધારી પક્ષ ભાજપ સામે બાંયો ચઢાવી છે. એક વીડિયો સંદેશ જાહેર કરીને તેમણે જે અંદાજમાં હુંકાર કર્યો છે, તેનાથી રાજકીય ગલીયારાઓમાં ખળભળાટ મચી ગયો છે.

શું છે પૂરો વિવાદ?

પદ્મિનીબા વાળાએ ગંભીર આરોપ લગાવ્યો છે કે છેલ્લા 4-5 દિવસથી તેમના પક્ષના ઉમેદવારોને સતત ધમકાવવામાં આવી રહ્યા છે. આરોપ મુજબ, અજાણ્યા નંબર પરથી ફોન કરીને ઉમેદવારો પર ફોર્મ પરત ખેંચવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. લોકશાહીના પર્વમાં આ પ્રકારે ડરાવી-ધમકાવીને ચૂંટણી જીતવાના પ્રયાસો સામે પદ્મિનીબાએ લાલ આંખ કરી છે.

'આ છેલ્લી વોર્નિંગ છે...'

વીડિયો મારફતે ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓને લલકારતા પદ્મિનીબાએ કહ્યું:

'જો ઉમેદવારોને ધમકાવવાનું બંધ




નહીં થાય, તો યાદ રાખજો, આ છેલ્લી વોર્નિંગ છે. પછી મારે તમારા ઘરે આવતા વાર નહીં લાગે. લોકશાહી ઢબે ચૂંટણી લડો, ગુંડાગીરી બંધ કરો.'

મુખ્ય મુદ્દાઓ:

* ગંભીર આરોપ: ઉમેદવારોને ફોર્મ પરત ખેંચવા માટે ફોન પર ધમકીઓ અપાઈ રહી છે.

* સીધો પડકાર: 'ઘરે આવી જઈશ' કહીને પદ્મિનીબાએ ભાજપ સામે મોરચો માંડ્યો.

* રાજકીય માહોલ: પદ્મિનીબાના આ વીડિયો બાદ સોશિયલ મીડિયા પર સમર્થકો અને વિરોધીઓ વચ્ચે જંગ જામ્યો છે.

જનતામાં ચર્ચા

ચૂંટણી પહેલા જ જે રીતે આક્ષેપ-પ્રતિઆક્ષેપ અને ધમકીઓની રાજનીતિ શરૂ થઈ છે, તેનાથી સામાન્ય જનતામાં પણ ચર્ચા જાગી છે કે શું હવે સત્તા માટે સામ-દામ-દંડ-ભેદની નીતિ જ બાકી રહી છે? પદ્મિનીબાના આ આકરા તેવર બાદ હવે ભાજપ તરફથી શું વળતો પ્રહાર આવે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

# હિંમતનગરમાંથી CM ની લલકાર: 'ખોટા ખેડૂતોને છોડવામાં નહીં આવે!'

### પ્રચાર મેદાનમાં મુખ્યમંત્રીના કડક તેવર; ખેડૂતોના નામે ખેલ કરનારા તત્વોને CMની સીધી ચેતવણી!

હિંમતનગર | પાક્કો ગુજરાત ન્યૂઝ

સાબરકાંઠાના હિંમતનગરમાં ચૂંટણી પ્રચારનો પારો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપના ઉમેદવારના સમર્થનમાં સભા ગજવવા આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિરોધીઓ અને કાયદા સાથે રમત કરનારાઓ પર આકરા પ્રહાર કર્યા છે. ખાસ કરીને 'ખેડૂત'ના નામે થતી ગેરરીતિઓ મુદ્દે CMએ સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે, સરકાર કોઈ પણ સંજોગોમાં નકલી ખેડૂતોને ચલાવી લેશે નહીં.

ખેડૂતોના હિતમાં 'દાદા'ની ગર્જના

હિંમતનગરની જંગી જનસભાને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, અમારી સરકાર સાચા ખેડૂતોની સાથે છે અને રહેશે. પણ જે લોકો કાયદાની છટકબારી શોધીને 'ખોટા ખેડૂત' બની જમીનો હડપવાના કે સરકારી લાભો લેવાના ખેલ કરે છે, તેમને હવે જેલના સળિયા ગણવાનો વારો આવશે. CMએ ભારપૂર્વક કહ્યું કે, 'ખોટા ખેડૂતોને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં.'

વિકાસના મુદ્દે વિપક્ષ પર પ્રહાર

પ્રચારના આ માહોલમાં મુખ્યમંત્રીએ ભાજપના વિકાસકામોનો ચિતાર આપતા કહ્યું કે, અમે કામ કરીને મત માંગવા આવ્યા છીએ. હિંમતનગર અને સાબરકાંઠાના વિકાસ માટે સરકારે હંમેશા પ્રાથમિકતા આપી છે. ખેતી, પશુપાલન અને સિંચાઈના પ્રશ્નોને હલ કરવા માટે ડબલ એન્જિન સરકાર સતત કાર્યરત છે.

પાક્કો ગુજરાત વિશ્લેષણ: * શું CMના આ નિવેદનથી જમીન કૌભાંડીઓમાં ફફડાટ ફેલાશે? * શું 'નકલી ખેડૂત'નો મુદ્દો આગામી ચૂંટણીમાં મોટો વળાંક લાવશે? * સાબરકાંઠાની જનતા મુખ્યમંત્રીના આ કડક વલણને કેવી રીતે વધાવશે?

ચૂંટણી જંગમાં નવો વળાંક મુખ્યમંત્રીના આ નિવેદન બાદ હવે રાજકીય ગલિયારાઓમાં ચર્ચા છે કે, શું સરકાર આગામી દિવસોમાં ખોટા ખેડૂત પ્રમાણપત્રોના આધારે જમીનો ખરીદનારાઓ સામે કોઈ મોટું ઓપરેશન પાર પાડશે?

# રાજકોટમાં 'રક્ષક જ ભક્ષક': સવા લાખના દારૂ સાથે SRP જવાન ઝડપાયો, PCBની રેડમાં ખાખીના લીરેલીરા ઉડ્યા!

રાજકોટ: ગુજરાતમાં દારૂબંધીના કાયદાના અમલની જવાબદારી જેમના ખભા પર છે, તે જ જ્યારે કાયદો તોડવા નીકળે ત્યારે સવાલ ઉઠવો સ્વાભાવિક છે. રાજકોટ પીસીબી (PCB) એ એક સનસનાટીભર્યા ઓપરેશનમાં એસઆરપી (SRP) ના એક જવાનને લક્ઝુરિયસ કારમાં દારૂની ખેપ મારતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસના હાથે પોલીસ જ પકડાતા સમગ્ર બેડામાં ખળભળાટ મચી ગયો છે.

PCBની ફિલ્મી ઢબે કાર્યવાહી

રાજકોટ પીસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે એક કારમાં મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે.આ બાતમીના આધારે વોચ ગોઠવીને જ્યારે શંકાસ્પદ કારને આંતરવામાં આવી, ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને ખુદ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. કાર ચલાવનાર વ્યક્તિ બીજું કોઈ નહીં પણ એસઆરપી (SRP) નો જવાન હોવાનું બહાર આવ્યું હતું.

સવા લાખનો મુદ્દામાલ જપ્ત * દારૂનો જથ્થો: કારમાંથી અંદાજે સવા લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે.* જપ્તી: પોલીસે દારૂ, મોબાઈલ ફોન અને લક્ઝુરિયસ કાર સહિત લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

* ધરપકડ: એસઆરપી જવાનની અટકાયત કરી તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### અમદાવાદ ACBની ટ્રેપ

# ખાખીના નામે લાંચનો ખેલ! પોલીસવાળો ફરાર, વચેટિયો 'કાકા' જેલના સળિયા પાછળ!

• અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેની જવાબદારી છે, એ જ પોલીસ હવે ભ્રષ્ટાચારના રવાડે ચઢી હોય તેવું લાગી રહ્યું છે. અમદાવાદ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ એક મોટી કાર્યવાહી કરતા લાંચ લેતા વચેટિયાને રંગેહાથ ઝડપી પાડ્યો છે, જ્યારે લાંચની માંગણી કરનાર પોલીસકર્મી હાલ ફરાર થઈ ગયો છે.

શું હતો સમગ્ર મામલો?

મળતી વિગતો અનુસાર, એક અરજદાર વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં કોઈ બાબતે તપાસ ચાલી રહી હતી. આ તપાસમાં પતાવટ કરવા અને અરજદારને હેરાન ન કરવા માટે જે-તે પોલીસકર્મીએ મોટી રકમની લાંચ માંગી હતી. પોલીસકર્મીએ સીધી રીતે પૈસા લેવાને બદલે પોતાના વિશ્વાસુ એવા એક વચેટિયા (જે 'કાકા' તરીકે ઓળખાય છે) ને આગળ કર્યો હતો.

ACBની ફિલ્ડિંગ અને 'કાકા'ની ધરપકડ

અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે તુરંત અમદાવાદ ACBનો સંપર્ક કર્યો હતો. ACBની ટીમે છટકું ગોઠવ્યું અને જેવો 'કાકા'એ પોલીસકર્મી વતી લાંચનો સ્વીકાર કર્યો, કે તરત જ ત્રાટકેલી ટીમે તેમને રંગેહાથ દબોચી લીધા હતા.

* ઝડપાયેલ આરોપી: વચેટિયો (કાકા)

* મુખ્ય સૂત્રધાર: ફરાર પોલીસકર્મી (શોધખોળ શરૂ)

* મુદ્દામાલ: લાંચની રોકડ રકમ જપ્ત

પોલીસબેડામાં ફફડાટ: સાહેબ ભાગ્યા, વચેટિયો ફસાયો!

ટ્રેપની ગંધ આવી જતા જ લાંચ માંગનાર પોલીસકર્મી નાસી છૂટવામાં સફળ રહ્યો છે. જોકે, ACBએ ગુનો નોંધીને ફરાર પોલીસકર્મીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાને પગલે અમદાવાદ પોલીસબેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સામાન્ય રીતે જે 'કાકા' પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ બનીને 'વહીવટ' કરતા હોય છે, એ જ કાકા આજે જેલના સળિયા ગણી રહ્યા છે.

પાક્કો ગુજરાત સવાલ પૂછે છે:

* શું પોલીસ સ્ટેશનોમાં આવા 'કાકા'ઓ વગર કોઈ કામ નથી થતું?* પોલીસકર્મી પોતે લાંચ લેતા ડરે છે એટલે જ આવા વચેટિયાઓનો સહારો લેવાય છે?* ભ્રષ્ટ પોલીસકર્મી સામે કડક ખાતાકીય તપાસ થશે કે પછી મામલો થાળે પાડી દેવાશે?

તપાસનો ધમધમાટ:ACB હાલ એ તપાસ કરી રહી છે કે આ વચેટિયો ક્યારથી આ પોલીસકર્મી માટે કામ કરતો હતો અને અત્યાર સુધી કેટલા લોકો પાસેથી આ રીતે નાણાં પડાવવામાં આવ્યા છે.

# આણંદમાં કોંગ્રેસના સુપડા સાફ: અમિત ચાવડા અને ભરતસિંહના ગઢમાં ભાજપનો કેસરીયો!



આણંદ: ગુજરાતના રાજકારણમાં જેને દાયકાઓ સુધી કોંગ્રેસનો અભેદ્ય કિલ્લો માનવામાં આવતો હતો, તે આણંદ જિલ્લામાં આજે રાજકીય ભૂકંપ આવ્યો છે. કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અમિત ચાવડા અને ભરતસિંહ સોલંકીના હોમગ્રાઉન્ડમાં ભાજપે લડ્યા વગર જ બાજી મારી લીધી છે. ભાજપના 5 ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થતા જ કોંગ્રેસના પાયા હચમચી ગયા છે.

ગઢમાં ગાબડું કે સત્તાનો સૂર્યોદય?

ચૂંટણીના શંખનાદ પહેલા જ ભાજપનો આ વિજય એ સાબિત કરે છે કે ચરોતરની ધરતી પર હવે 'પંજા'ની પકડ નબળી પડી છે. જ્યારે વિપક્ષના ગઢમાં શાસક પક્ષના ઉમેદવારો બિનહરીફ ચૂંટાય, ત્યારે તે માત્ર બેઠકની જીત નથી, પણ વિપક્ષની રણનીતિ અને સંગઠનની ભારે નિષ્ફળતા છે. કાં તો કોંગ્રેસ પાસે સક્ષમ ઉમેદવારોનો અભાવ હતો, અથવા આંતરિક જૂથબંધી એટલી વકરી કે ફોર્મ પાછા ખેંચવાની નોબત આવી.

આ પરાજય કોંગ્રેસ માટે આત્મઘાતી સાબિત થઈ શકે છે. અમિત ચાવડા અને ભરતસિંહ સોલંકી જેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ માટે પોતાના જ આંગણે હાર સ્વીકારવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. આ ઘટનાથી જમીની સ્તરના કાર્યકરોનું મનોબળ તૂટશે અને મતદારોમાં એવો સંદેશ જશે કે કોંગ્રેસ હવે લડવા માટે સક્ષમ રહી નથી.ભાજપની 'પેજ સમિતિ' અને માઈક્રો-પ્લાનિંગ સામે કોંગ્રેસનું પરંપરાગત રાજકારણ હવે વામણું પુરવાર થઈ રહ્યું છે. જો સમય રહેતા કોંગ્રેસ આ 'ગાબડા' ને નહીં પૂરે, તો આગામી દિવસોમાં મધ્ય ગુજરાતના બાકીના કિલ્લાઓ પણ ધ્વસ્ત થતા વાર નહીં લાગે. આણંદનો આ કેસરીયો રંગ આગામી મોટી ચૂંટણીઓના એંધાણ આપી રહ્યો છે.

-પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

# જૂનાગઢમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા: ડુંગર પુરમાં મજૂર યુવાનની કરપીણ હત્યાથી ફફડાટ!

જૂનાગઢ: સોરઠની શાંત ગણાતી ધરતી પર ફરી એકવાર લોહીના ડાઘા પડ્યા છે. જૂનાગઢના ડુંગરપુર ગામ પાસે અજાણ્યા શખ્સોએ આતંક મચાવી એક 40 વર્ષીય નિર્દોષ મજૂર યુવાનને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભયનો માહોલ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ડુંગરપુર ગામની સીમમાં આ શ્રમિક યુવાન પર અજાણ્યા શખ્સો કાળ બનીને ત્રાટક્યા હતા. હુમલાખોરોએ કોઈ પણ જાતના ડર વગર લાકડી અને ધોકા જેવા બોથડ પદાર્થો વડે યુવાન પર આડેધડ પ્રહાર કર્યા હતા. હુમલો એટલો ઘાતકી હતો કે ગંભીર ઈજાઓને કારણે યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

**નિધન** ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારના અવસાનને કારણે હવે ટેકનિકલ પ્રશ્નો ઊભા થયા છે

# ચૂંટણીના જંગ વચ્ચે શોકની લહેર: સાબરકાંઠાના ભાજપ ઉમેદવાર લીનાબેન નિનામાનું નિધન

## વિજયનગરની ચિતરિયા બેઠક પર ચૂંટણી મોકૂફ રહેવાની શક્યતા; ભાજપે એક મજબૂત મહિલા આગેવાન ગુમાવ્યા

• સાબરકાંઠા | પાક્કો ગુજરાત ન્યૂઝ




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે સાબરકાંઠા જિલ્લામાંથી એક અત્યંત દુખદ અને આંચકાજનક સમાચાર સામે આવ્યા છે. વિજયનગર તાલુકા પંચાયતની ચિતરિયા બેઠકના ભાજપના સક્રિય અને લોકપ્રિય ઉમેદવાર લીનાબેન નિનામાનું અચાનક અવસાન થતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

તબિયત લથડતા દમ તોડ્યો

મળતી માહિતી મુજબ, બુધવારની સાંજે લીનાબેનની તબિયત એકાએક બગડી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે ભિલોડાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ડોક્ટરોના તમામ પ્રયાસો છતાં ટૂંકી સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનના સમાચાર વાયુવેગે પ્રસરતા ભાજપના કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

વિસ્તારના પ્રભાવશાળી મહિલા નેતાની વિદાય

લીનાબેન નિનામા માત્ર એક ઉમેદવાર નહોતા, પરંતુ વિજયનગર વિસ્તારના એક પ્રભાવશાળી અને લડાયક મહિલા આગેવાન તરીકે જાણીતા હતા. આદિવાસી બેલ્ટમાં તેમની પકડ અને જનતા સાથેનો સીધો સંપર્ક ભાજપ માટે એક મોટી તાકાત સમાન હતો. તેમના નિધનથી પક્ષને માત્ર રાજકીય જ નહીં, પણ સંગઠનાત્મક રીતે પણ મોટી ખોટ પડી છે.

ચૂંટણી સમીકરણો પર અસર: બેઠક મોકૂફ રહેવાની શક્યતા

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારના અવસાનને કારણે હવે ટેકનિકલ પ્રશ્નો ઊભા થયા છે. નિયમ મુજબ, બેલેટ પેપર અથવા EVMમાં ઉમેદવારનું નામ હોય અને મતદાન પહેલા જ તેમનું નિધન થાય, તો તે બેઠકની ચૂંટણી મોકૂફ રાખવાની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. ચિતરિયા બેઠક પર હવે ફરીથી ઉમેદવારી ફોર્મ ભરાય અને નવી તારીખ જાહેર થાય તેવી પ્રબળ શક્યતા છે.

પાક્કો ગુજરાત શ્રદ્ધાંજલિ અર્પે છે:

* શું ભાજપ આ મજબૂત ગઢ જાળવી શકશે?
* લીનાબેનની ખોટ આગામી દિવસોમાં પક્ષને કેટલી નડશે?
* પરિવાર અને સમર્થકો પર આવી પડેલા આ આઘાત વચ્ચે હવે નવો ચહેરો કોણ હશે?

નિષ્કર્ષ:

રાજકારણમાં હાર-જીત તો ચાલ્યા કરે છે, પરંતુ લીનાબેન જેવા નિષ્ઠાવાન કાર્યકરની વિદાય લોકશાહીના આ પર્વ વચ્ચે અત્યંત કરુણ છે. 'પાક્કો ગુજરાત' આ દુખદ ઘડીએ તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે.

## ૫ વર્ષની પગરખાં ત્યાગની 'તપસ્યા' બાદ કોકિલાબેનને ટિકિટની 'પ્રસાદી'!

# કોઈએ ગાંડપણ કહ્યું, તો કોઈએ કરી મજાક; હવે વડોદરાના રાજકીય જંગમાં ભાજપના આ 'તપસ્વી' ઉમેદવારની એન્ટ્રી!

**તપસ્વી** શું વડોદરાની જનતા આ 'તપસ્વી' ઉમેદવારને વિજયનું તિલક કરશે?

• વડોદરા | પાક્કો ગુજરાત ન્યૂઝ



રાજકારણમાં ટિકિટ મેળવવા માટે નેતાઓ એડીચોટીનું જોર લગાવતા હોય છે, લોબિંગ કરતા હોય છે અને આકાઓના આશીર્વાદ મેળવવા દોડધામ કરતા હોય છે. પરંતુ વડોદરામાં ભાજપે એક એવા મહિલા ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળ્યો છે, જેની પાછળ પાંચ વર્ષની કઠિન સાધના અને અડગ શ્રદ્ધા જોડાયેલી છે. આ વાત છે કોકિલાબેનની, જેમણે વડોદરાના વિકાસ અને પક્ષ પ્રત્યેની અતૂટ નિષ્ઠા માટે પાંચ વર્ષ સુધી ઉઘાડા પગે ફરવાની બાધા રાખી હતી.

'પગરખાંનો ત્યાગ' અને લોકોના ટોણા

જ્યારે કોકિલાબેને પગરખાં ત્યાગવાનો નિર્ણય લીધો, ત્યારે અનેક લોકોએ તેમને 'ગાંડા' ગણાવ્યા હતા. રાજકીય ગલીઓમાં ક્યાંક તેમની હાંસી ઉડાવવામાં આવી તો ક્યાંક તેને માત્ર એક 'સ્ટંટ' ગણાવવામાં આવ્યો. ભરઉનાળાની કાળઝાળ ગરમી હોય કે ચોમાસાનો કાદવ-કીચડ, કોકિલાબેને ક્યારેય પગમાં ચંપલ પહેર્યા નહીં. તેમની આ હઠ કોઈ સ્વાર્થ માટે નહીં, પણ પક્ષની જીત અને લોકસેવા માટેની એક આગવી 'તપસ્યા' હતી.

તપસ્યાનું ફળ: ટિકિટની 'પ્રસાદી'

ભાજપ હાઈકમાન્ડે જ્યારે વડોદરાના જંગ માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા, ત્યારે કોકિલાબેનનું નામ આવતા જ ટીકાકારોના મોઢા સીવાઈ ગયા છે. પક્ષે તેમની વર્ષોની નિષ્ઠા, પાયાની મહેનત અને આ અનોખા સંકલ્પની નોંધ લીધી છે. કાર્યકરોમાં પણ આનંદની લહેર છે કે એક એવા વ્યક્તિને સ્થાન મળ્યું છે જે જમીન સાથે જોડાયેલા છે - અક્ષરશ: 'જમીન' સાથે, કારણ કે પાંચ વર્ષથી તેમના પગે જમીનનો સ્પર્શ છોડ્યો નથી.

વડોદરાના રાજકીય જંગમાં નવો વળાંક

કોકિલાબેન હવે વડોદરાના ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. જે પગે પાંચ વર્ષ સુધી કંકર અને પથ્થર સહન કર્યા છે, એ જ પગ હવે મતદારોના ઉંબરા ખૂંદશે. વિરોધીઓ માટે પણ આ એક મોટો પડકાર છે, કારણ કે કોકિલાબેન પાસે માત્ર પક્ષનું પીઠબળ નથી, પણ તેમની તપસ્યા પ્રત્યેની લોકોની સહાનુભૂતિ અને સન્માન પણ છે.

પાક્કો ગુજરાત 'સલામ' કરે છે:

* શું રાજકારણમાં શ્રદ્ધા અને સંકલ્પ હજુ પણ જીવંત છે?
* ટિકિટ મેળવવા લોબિંગ કરનારા નેતાઓ માટે કોકિલાબેન એક ઉદાહરણ બનશે?
* શું વડોદરાની જનતા આ 'તપસ્વી' ઉમેદવારને વિજયનું તિલક કરશે?

ટૂંકમાં:

રાજકારણ માત્ર સત્તાની રમત નથી, પણ ક્યારેક તેમાં લોકસેવા માટેનો આવો અનોખો મિજાજ પણ જોવા મળે છે. કોકિલાબેનની આ સફર 'ગાંડપણ' થી શરૂ થઈને આજે 'ગૌરવ' સુધી પહોંચી છે. હવે જોવાનું એ રહેશે કે વડોદરાની જનતા આ 'નિષ્ઠા' ને મતના રૂપમાં કેટલો આશીર્વાદ આપે છે.

# લોકશાહીના ચીભડાં ગળાઈ રહ્યા છે? વિપક્ષ માટે 'કાયદો' અને મળતિયાઓ માટે 'વાયદો'!

## આખેઆખું 'ચીભડું' ગળાઈ જતું હોય તો પણ તંત્રને ઓડકાર સુધ્ધાં આવતો નથી!

• [સ્થળ: અમદાવાદ/રાજકોટ]



ગુજરાતના રાજકારણમાં હાલમાં એક નવી જ કહેવત પ્રચલિત થઈ રહી છે: 'નાની માછલી જાળમાં ફસાય અને મગરમચ્છો દરિયો ગજવે!' આશ્ચર્યની વાત તો એ છે કે જ્યાં વિપક્ષના ઉમેદવારોની સામાન્ય ટાઈપિંગ મિસ્ટેક કે સોગંદનામાની એકાદ ભૂલ પકડાય એટલે તરત જ તેમનું ફોર્મ રદ કરી દેવામાં આવે છે. કાયદાના રખેવાળો ત્યારે જાણે 'બાજ' જેવી નજર રાખીને બેઠા હોય તેમ લાગે છે.

પરંતુ, જ્યારે સત્તાપક્ષના કે માનીતાઓના મોટા કૌભાંડો સામે આવે, ત્યારે આખેઆખું 'ચીભડું' ગળાઈ જતું હોય તો પણ તંત્રને ઓડકાર સુધ્ધાં આવતો નથી!

ગજબની સિસ્ટમ, અજબનો ન્યાય!

લોકોમાં ચર્ચા છે કે આ તે કેવો ન્યાય?

* વિપક્ષ માટે: ફોર્મમાં નાની ભૂલ એટલે 'આઉટ'! લોકશાહીના નિયમોનું કડક પાલન.
* મળતિયાઓ માટે: ગંભીર ક્ષતિઓ હોય, ભ્રષ્ટાચારની ગંધ આવતી હોય કે આખેઆખી ફાઈલો ગાયબ થઈ જાય, તો પણ બધું 'અંડર કંટ્રોલ'!

જનતા પૂછી રહી છે સવાલ...

શું કાયદો માત્ર વિરોધ પક્ષને ઠેકાણે પાડવા માટે જ છે? જ્યારે જનતાના ટેક્સના કરોડો રૂપિયા સ્વાહા થઈ જાય અથવા મોટા માથાઓ નિયમોનું ઉલ્લંઘન કરે, ત્યારે આ 'નિયમનિષ્ઠા' ક્યાં જતી રહે છે? 'અસંભવ' લાગતી વાતો હવે ગુજરાતના રાજકારણમાં 'સામાન્ય' બની ગઈ છે.

પાક્કો ગુજરાતનો સણસણતો સવાલ:

'સાહેબ, ફોર્મ રદ્દ કરવામાં જેટલી સ્ફૂર્તિ બતાવો છો, એટલી જ સ્ફૂર્તિ જનતાના લૂંટાયેલા નાણાં અને વ્યવસ્થાના 'ચીભડાં' ગળનારાઓને પકડવામાં કેમ નથી દેખાતી?'

રિપોર્ટર:'પાક્કો ગુજરાત' ટીમ

સત્યની સાથે, જનતાના અવાજ સાથે

# રાજકોટના રાજકીય જંગમાં 'મિલકત'નો દબદબો: કોની પાસે કેટલું સોનું અને કોણ છે સૌથી ધનવાન?

• રાજકોટ | પાક્કો ગુજરાત ન્યૂઝ

રાજકોટમાં ચૂંટણીનો પારો ગરમાયો છે, ત્યારે ઉમેદવારો દ્વારા જાહેર કરવામાં આવેલી મિલકતોના આંકડાઓએ જનતામાં ભારે કુતૂહલ જગાડ્યું છે. રાજકીય મેદાનમાં માત્ર મતોની જ નહીં, પણ સોના-ચાંદી અને કરોડોની મિલકતોની પણ હોડ જામી હોય તેવું ચિત્ર સામે આવ્યું છે.

સોનાનો શણગાર અને કરોડપતિ ઉમેદવારો

રાજકોટ કોંગ્રેસના ઉમેદવારની સંપત્તિએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. વિગતો મુજબ, કોંગ્રેસના ઉમેદવાર પાસે ૨ કિલો ૪૦૦ ગ્રામ સોનું હોવાનું જાહેર થયું છે. જે દર્શાવે છે કે વિપક્ષી નેતા પણ સંપત્તિની બાબતમાં કોઈથી ઉતરે તેવા નથી.

નયનાબા જાડેજા: ૧૭ કરોડની માલિક

ક્રિકેટર રવીન્દ્ર જાડેજાના બહેન અને કોંગ્રેસ નેતા નયનાબા જાડેજા પણ ચર્ચામાં છે. તેમના નામે અંદાજે ૧૭ કરોડ રૂપિયાની સ્થાવર અને જંગમ મિલકત હોવાનું એફિડેવિટમાં સામે આવ્યું છે. રાજકીય વર્તુળોમાં નયનાબાની આ મિલકત અને તેમની કામગીરી બંને ટોક ઓફ ધ ટાઉન બની છે.

ભાજપના સૌથી ધનવાન ઉમેદવાર: નરેન્દ્રસિંહ

બીજી તરફ, ભાજપના ઉમેદવારોમાં નરેન્દ્રસિંહ સૌથી શ્રીમંત સાબિત થયા છે. તેમની પાસે કુલ ૪૦ કરોડ રૂપિયાની મિલકત છે, જે તેમને આ ચૂંટણી જંગમાં ભાજપના સૌથી ધનવાન ઉમેદવાર બનાવે છે.

પાક્કો ગુજરાત સવાલ પૂછે છે:

* શું ઉમેદવારોની આ કરોડોની મિલકત જનતાના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ થશે?
* શું વધુ મિલકત હોવી એ જ રાજકારણમાં સફળતાની ગેરંટી છે?
* સામાન્ય જનતા મોંઘવારીમાં પીસાય છે, ત્યારે નેતાઓની સંપત્તિ આટલી ઝડપથી કેવી રીતે વધે છે?

નિષ્કર્ષ:

રાજકોટનો આ જંગ હવે માત્ર વિચારધારાનો રહ્યો નથી, પણ આંકડાઓ અને સંપત્તિના પ્રદર્શનનો પણ બની ગયો છે. હવે જોવાનું એ રહેશે કે જનતા કોના 'નસીબ'ના તાળા ખોલે છે.

# સુનિલ શેટ્ટીનો ચોંકાવનારો ખુલાસો: 'જ્યારે અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમે મને ફોન કરી પિતાની રેકી કરવાની ધમકી આપી હતી!'

મુંબઈ/અમદાવાદ: બોલિવૂડના 'અન્ના' એટલે કે સુનિલ શેટ્ટી હંમેશા પોતાની નીડરતા માટે જાણીતા છે. પરંતુ તાજેતરમાં તેમણે 90ના દાયકાના એ કાળા દિવસોને યાદ કર્યા છે જ્યારે બોલિવૂડ પર અન્ડરવર્લ્ડનો કાળો પડછાયો હતો. સુનિલ શેટ્ટીએ ખુલાસો કર્યો કે ખુદ દાઉદ ઈબ્રાહિમે તેમને ફોન કરીને તેમના પિતા વિશે એવી વાત કહી હતી કે કોઈ પણ દીકરાના રુવાડા ઉભા થઈ જાય.એક પોડકાસ્ટમાં વાત કરતા સુનિલ શેટ્ટીએ જણાવ્યું કે, તે સમયે અન્ડરવર્લ્ડના ફોન આવવા સામાન્ય વાત હતી. એકવાર દાઉદ ઈબ્રાહિમે તેમને ધમકાવતા કહ્યું હતું કે, 'મને ખબર છે તારા પિતા દરરોજ સવારે 5 વાગ્યે વોક કરવા (ફરવા) જાય છે.' આ વાક્ય પાછળનો સીધો અર્થ એ હતો કે અન્ડરવર્લ્ડના માણસો સુનિલ શેટ્ટીના પરિવારની પળેપળની રેકી કરી રહ્યા હતા અને તેમને ગમે ત્યારે નુકસાન પહોંચાડી શકતા હતા. સુનિલ શેટ્ટીએ આ ધમકીનો સામનો કેવી રીતે કર્યો તે જણાવતા કહ્યું કે, તે સમયે પોલીસ તેમને સલાહ આપતી હતી કે સાવચેત રહો, પણ સુનિલ શેટ્ટીએ ક્યારેય હાર ન માની. તેમણે કહ્યું:

'મેં ક્યારેય કોઈની સામે માથું ન નમાવ્યું. જો કોઈ મને ધમકાવતું તો હું પણ તેને તે જ ભાષામાં જવાબ આપતો હતો. મારે મારા પરિવારની રક્ષા કરવી હતી અને મેં ક્યારેય પાછળ વળીને જોયું નથી.'

મુખ્ય મુદ્દાઓ:

* 90નો દાયકો: બોલિવૂડમાં અન્ડરવર્લ્ડના ખૌફનો એ સમય જ્યારે સ્ટાર્સને ખંડણી માટે ફોન આવતા.
* પિતાની સુરક્ષા: પિતાની દિનચર્યા જણાવીને સુનિલ શેટ્ટીને માનસિક રીતે તોડવાનો પ્રયાસ થયો હતો.

## ભાજપના 'ગઢ'માં ભ્રષ્ટાચારના ગાબડાં!

# ક્યાંક ૨૫% કમિશનનો ખેલ, તો ક્યાંક કોર્પોરેટરને ઊંચકીને ચાલવાની નોબત!

• અમદાવાદ




ચૂંટણી સમયે જે પક્ષ 'વિકાસ'ના બણગાં ફૂંકે છે, એ જ પક્ષના નેતાઓના ઘર આંગણે આજે વિકાસ વેન્ટિલેટર પર હોય તેવું દેખાઈ રહ્યું છે. અમદાવાદમાં ભાજપના દિગ્ગજ નેતાઓ અને ધારાસભ્યોના મતવિસ્તારમાં જનતા ત્રાહિમામ પોકારી રહી છે અને ભ્રષ્ટાચારની ગંધ હવે શેરીએ ગલીએ પ્રસરવા લાગી છે.

નિકોલમાં '૨૫ ટકા'ની મલાઈનો ખેલ?

ભાજપના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જગદીશ પંચાલના મતવિસ્તાર નિકોલમાં રોડના કામોમાં ભ્રષ્ટાચારની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નિકોલમાં રોડ બનાવવા માટે સીધું ૨૫ ટકા કમિશન માંગવામાં આવી રહ્યું છે. જનતાના ટેક્સના પૈસા રોડ બનાવવામાં વપરાય છે કે નેતાઓના ખિસ્સા ભરવામાં? જો ૨૫ ટકા રકમ કમિશનમાં જતી રહેતી હોય, તો પછી રોડની ગુણવત્તા કેવી હશે એ સમજવા માટે કોઈ એન્જિનિયરની જરૂર નથી. એક ચોમાસામાં જ રોડ ધોવાઈ જાય છે, તેનું મુખ્ય કારણ આ 'કમિશન પ્રથા' હોવાનું જગજાહેર છે.

રેકોર્ડ બ્રેક લીડ છતાં રસ્તા નર્ક સમાન!

બીજી તરફ, અમદાવાદમાં સૌથી વધુ મતોની લીડથી જીતવાનો રેકોર્ડ ધરાવતા પૂર્વ કાઉન્સિલર ડો. ક્રિષ્ના ઠાકરના વિસ્તારની હાલત તો એથી પણ બદતર છે. જે નેતાને જનતાએ ખોબલે ને ખોબલે મત આપ્યા, આજે એ જ નેતાએ પોતાના વિસ્તારમાં રોડની હાલત એટલી ખરાબ કરી મૂકી છે કે ચાલવું પણ મુશ્કેલ છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે ડો. ક્રિષ્ના ઠાકરને રોડ પર ચાલવાને બદલે લોકોએ ઊંચકીને લઈ જવા પડ્યા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.

પાક્કો ગુજરાત સવાલ પૂછે છે:

* શું આ જ છે ભાજપનો મોડલ વિકાસ?
* શું જનતાએ માત્ર નેતાઓને કમિશન આપવા અને ખાડામાં ચાલવા માટે જ વોટ આપ્યા હતા?
* વધુ લીડથી જીતનારા નેતાઓ જીત્યા પછી જનતાને ભૂલી કેમ જાય છે?આ તો માત્ર ટ્રેલર છે, જો તપાસ થાય તો કમિશનના આંકડા અને ખાડાઓની ઊંડાઈ આનાથી પણ વધુ નીકળશે. જનતા હવે જાગી છે અને આગામી દિવસોમાં આ 'ખાડા-રાજ'નો જવાબ આપવા તૈયાર છે.

-પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

# ઈડરના જાદર તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠક પર ભાજપે આયાતી ઉમેદવાર મૂકતા સ્થાનિક કક્ષાએ ભડકો

### આયાતી ઉમેદવારોને લઈ જાદર પંથકના લોકો અને ભાજપ કાર્યકરોમાં ઉગ્ર રોષ

• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા

નારાજ કાર્યકરોએ ચૂંટણીમાં ભાજપને પ્રવેશ નહીં એવા બેનર લગાવતા રાજકારણમાં હડકંપસાબરકાંઠા જીલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયત અને ત્રણ નગરપાલિકાઓ માટે ભાજપે ઉમેદવારો જાહેર કર્યા બાદ જાદર પંથકમાં ભાજપી કાર્યકરોમાં ભારોભાર ભાજપ સામે ઉગ્ર રોષ જોવા મળ્યો હતો જેમાં જાદર તાલુકા અને જીલ્લા પંચાયતની બેઠક પર આયાતી ઉમેદવારો મૂકતા જાદર પંથકના સ્થાનિકો અને ભાજપ કાર્યકરોમાં રોષ ભભૂકી ઉઠયો હતો અને આ મામલે નારાજ ભાજપના કાર્યકરોએ ચૂંટણીમાં ભાજપને પ્રવેશ નહીં આપવો તેવા બેનરો લગાવતા ખળભળાટ મચી ગયો છે. અગાઉ જાદરને તાલુકાનો દરજ્જો મળે તે માટે સ્થાનિક આગેવાનો અને લોકોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યુ હતુ અને હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આયાતી ઉમેદવારોને લઈને ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. જેમાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ભાજપે પોતાના ઉમેદવારો જાહેર કર્યા

હતાં જેમાં જાદર તાલુકા અને જીલ્લા પંચાયતની બેઠક પર ભાજપે આયાતી ઉમેદવારો મૂકતા જાદર સહિત આસપાસના વિસ્તારોમાં સ્થાનિક ભાજપ કાર્યકરોમાં ઉગ્ર નારાજગી જોવા મળી હતી જેમાં




નારાજ ભાજપના કાર્યકરોએ સ્થાનિક લોકો સાથે બેઠક કરી આ ચૂંટણીમાં ભાજપના કોઈ પણ નેતાએ પ્રવેશ કરવો નહીં તેવા બેનર સાથે સોશિયલ મીડિયા થકી વિરોધ નોંધાવ્યો હતો જે બાદ આ વિરોધ વધુ ઘેરો બનતા તારીખ ૧૫ એપ્રિલ ૨૦૨૬ બુધવારના રોજ સાંજે જાદર વેપારી એસોસિએશનની એક બેઠક મળી હતી જેમાં બંને બેઠકો પર આયાતી ઉમેદવારો મામલે એક મહત્વનો નિર્ણય લીધો હતો અને નક્કી કરાયું હતું કે આ વખતે ભાજપને વોટ ન આપવો જે બાદ બુધવાર રાત્રે પણ ગામમાં એક રાત્રિ બેઠક મળી હતી અને તેમાં મોટી સંખ્યામાં લોકો અને ભાજપ કાર્યકરો દ્વારા હાથમાં બેનર લઈ નારા લગાવ્યા હતા કે ભાજપના કોઈ પણ નેતાએ પ્રવેશ કરવો નહીં આ મામલે સ્થાનિક કાર્યકરોનો આક્ષેપ છે કે ભાજપ સંગઠનને રજૂઆત કરી હતી કે અમને અમારો સ્થાનિક ઉમેદવાર આપો પરંતુ કેટલાક કહેવાતા નેતાઓએ અમારું સાંભળ્યું નહીં અને આયાતી ઉમેદવારો મૂકી દીધા હતા પરંતુ આ મામલે વધુ જાણવા મળ્યા મુજબ આ વિરોધની આગ જાદર સહિત આસપાસના વિસ્તારોમાં પણ ફેલાઈ છે જેના નજીકની એની તાલુકા અને જીલ્લા પંચાયત બેઠકમાં આવતા ગામોનો સંપર્ક જાદર પંથકના કાર્યકરો કરી રહ્યા છે જેને લઈને ભાજપને મોટું નુકસાન થાય તેવું ચિત્ર ઉપસી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

**અખાત્રીજ**

### અખાત્રીજને માત્ર સોના-ચાંદીથી તોલવાની જરૂર નથી

# નવી પેઢીને અખાત્રીજ સાથે સંકળાયેલા અક્ષયપાત્ર, તાંદુલની સમજ આપવી જોઈએ

### ધાર્મિક પર્વો જીવનને સુખી બનાવતી જડીબુટ્ટીથી ભરેલા છેઃ ધાર્મિક પર્વોની સમજ અને તેમના મહાત્મયનો પ્રચાર જરૂરી

અખાત્રીજ અથવા અક્ષય તૃતિયા આડે એક દિવસ બાકી રહ્યો છે. માર્કેટીંગ કરતી કંપનીઓએ અખાત્રીજને સોનાની ખરીદી સાથે જોડી દેવામાં જોરદાર સફળતા મેળવી છે. હાલ જ્યારે દસ ગ્રામ સોનાનો ભાવ ૧ લાખ ૫૩ હજાર રુપિયા અને ૧ કિલો ચાંદીનો ભાવ અઢી લાખને ઓળંગી ગયો છે ત્યારે આ અખાત્રીજે મધ્યમ વર્ગ ખરીદી કરવાનું વિચારી પણ શકે એમ નથી. અખાત્રીજનો સંબંધ એકાધિક ધાર્મિક કથાઓ સાથે જોડાયેલો હોવા છતાં આ કથા-તહેવારોને એક તરફ હડસેલી દેવાયા છે. અખાત્રીજ એટલે આખો દિવસ સારો, તેથી કોઈ પણ શુભ કામ માટે અખાત્રીજ ઉત્તમ દિવસ. અખાત્રીજના ધાર્મિક-આધ્યાત્મિક પરિમાણનું કશું 'માર્કેટિંગ' કરવામાં આવતું નથી. ધર્મનો પ્રચાર કરતી 'એજન્સી'ઓ અને કથાકારોએ પણ અખાત્રીજના મહાત્મ્યને નવી પેઢી સુધી પહોંચાડવાની કશી દરકાર કરી કે નથી સોશિયલ મિડીયાનો ઉપયોગ કર્યો.

કદાચ આ જ કારણે અખાત્રીજને કેવળ સોના-ચાંદીની ખરીદી સાથે જોડી દેવામાં સફળતા મળી છે. વાસ્તવમાં આપણા ધાર્મિક ગ્રંથોમાં અખાત્રીજે સોના-ચાંદી ખરીદવાનો ઉલ્લેખ ક્યાંય કરાયો નથી, પરંતુ આ દિવસ શુભ હોવાથી તે દિવસે ખરીદેલી ચીજો બેવડાય છે એવી માન્યતાને પ્રચલિત કરીને લોકોને સોના-ચાંદીતરફ વાળવામાં આવ્યા છે. પૌરાણિક કથાઓ નવી પેઢીને ગળે ઉતારવી કે



તેમને સરળતાથી સમજાવવી મુશ્કેલ છે. તેથી આ કથાઓને આધુનિક સ્પર્શ આપવો જોઈએ, પણ આવો કોઈ પ્રયાસ કરવામાં આવતો નથી.

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મિડીયા પર 'ફ્રેન્ડ્સ'નો ભારે મહિમા હોય છે, પણ અખાત્રીજના દિવસનો સંબંધ ભગવાન કૃષ્ણ અને તેમના લંગોટીયા મિત્ર સુદામા સાથે છે તે નવી પેઢી જાણતી નથી. અખાત્રીજને દિવસે સુદામા કૃષ્ણના મહેલે ગયા હતા ને કૃષ્ણ તેમને મળવા દોડયા હતા. એક તરફ દરિદ્રતાના પ્રતીક જેવા સુદામાં છે, તો બીજી તરફ રાજાઓના રાજા ભગવાન કૃષ્ણ છે. વર્ષો પછી બંનેનું મિલન થાય છે. ગરીબ સુદામા એક પોટલીમાં તાંદુલ લઈને આવ્યા છે. ભગવાન પ્રેમથી તે આરોગે છે. બંનેની આંખોમાં અશ્રુધારા વહેતી રહે છે. ભજનિકો કૃષ્ણ-સુદામા મિલનનું વર્ણન અવારનવાર કરતા હોય છે. એવી જ રીતે અક્ષયપાત્ર પણ પાંડવો પાસે અખાત્રીજના દિવસે જ આવ્યું હતું. યુધિષ્ઠિરને અક્ષયપાત્ર ભગવાન સૂર્યદેવે આપ્યું હતું. ખાવાનું ના ખૂટે એવું અક્ષયપાત્ર પાંડવોના વનવાસ દરમિયાન ચિંતા મટાડનાર હતું. અક્ષયપાત્ર આજના જમાનામાં સુસંગત નથી, પરંતુ દાનવીરો પોતાના દાનનો પ્રવાહ અવિરત ચાલુ રાખે છે ત્યારે અક્ષયપાત્રની યાદ આવી જાય છે. અખાત્રીજના દિવસને સોના-ચાંદીની ખરીદી સાથે કેવી રીતે જોડવામાં આવ્યું તેની પાછળ પણ એક ધામિક કારણ છે. ભગવાન ઈન્દ્રએ નાણા પ્રધાન તરીકે કુબેર ભંડારીની નિમણૂક કરી હતી. અખાત્રીજને કુબેરની પૂજા કરવા માટેનો શ્રેષ્ઠ દિવસ ગણવામાં આવે છે. માન્યતા એવી છે કે આ દિવસે કુબેર સ્વયં લક્ષ્મી માતાની આરાધના કરે છે. વડોદરા નજીક કુબેર ભંડારીનું મંદિર છે, જ્યાં લોકો પૂનમ કરતા હોય છે. અખાત્રીજ સાથે સંકળાયેલા ધામિક સંદર્ભો મહત્ત્વના છે, પણ ધાર્મિક પર્વો કોઈ કોમોડીટી નથી કે તેનું માર્કેટીંગ થઈ શકે. હવે જ્યારે સોશ્યલ મિડીયા પર લોકો સમક્ષ સાચું-ખોટું બધું પીરસાય છે ત્યારે ધાર્મિક પર્વોની સમજ અને તેમનું મહાત્મ્ય દર્શાવતી રીલ્સ પણ વાઈરલ કરવી જોઈએ. તટસ્થ અને પ્રોફેશનલ એજન્સીઓને આ કામ સોંપવું જોઈએ. પર્વ સંબંધિત ક્વિઝ વગેરેનું આયોજન કરીને નવી પેઢીને આકર્ષવી જોઈએ. ધાર્મિક પર્વો સાથે સંકળાયેલા ઉપદેશો રોજીંદા જીવનમાં કેવીરીતે ઉપયોગી બની શકે તેની સમજ પણ ઊભી કરવાની જરૂર છે. તહેવારો આવે છે અને જાય છે, પરંતુ પ્રજા રોજીંદી હાડમારીમાંથી બહાર આવી શકતી નથી. આમ જોવા જાઓ તો દરેક ધાર્મિક પર્વ રોજીંદા જીવનને સુખી બનાવવાની જડીબુટ્ટીથી ભરેલું છે. લોકો સુધી આ જડીબુટ્ટી કેવી રીતે પહોંચાડી શકાય તે વિચારવાની જરૂર છે. જો આવી સમજ ખીલશે તો અખાત્રીજે લોકો દાન કરતા થશે અને ખોટી ચમકદમકથી દૂર રહેશે.

# રાંદેસણની સોસાયટીમાં LCBએ ત્રાટકી સટોડિયાને દબોચ્યો

### પોલીસે તેને રન અને વિકેટના રેશિયો પર સટ્ટો લેતા રંગેહાથ દબોચી લીધો હતો

ગાંધીનગર : આઈપીએલની સિઝન જામી છે, ત્યારે ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનું દૂષણ પણ પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. જેના પર અંકુશ મેળવવા ગાંધીનગર એલસીબી 1ની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે રાંદેસણની વૈદિકા હેપ્પી વેલીના L બ્લોકના પાર્કિંગમાં એક શખ્સ છાનામાના ક્રિકેટ સટ્ટાનો વેપલો ચલાવી રહ્યો છે. જેના પગલે ઉપરોક્ત સ્થળે ત્રાટકી ત્યારે કુલદીપ મનોજભાઈ સિંધવાણી (રહે. એલ 403, વૈદિકા હેપ્પી વેલી) મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ પર ગ્રાહકોની સાથે લેવડ-ડેવડ કરી રહ્યો હતો. પોલીસે તેને રન અને વિકેટના રેશિયો પર સટ્ટો લેતા રંગેહાથ દબોચી લીધો હતો.LCBની રેડમાં રંગેહાથ



ઝડપાયો તપાસ દરમિયાન સામે આવ્યું કે, સટોડિયો કુલદીપ ALLPANEL777 નામની વેબસાઈટનો ઉપયોગ કરીને ઓનલાઈન સટ્ટો રમાડતો હતો. તેના મોબાઈલમાં Nimsd12 યુઝર આઈડી અને Kunal1234 પાસવર્ડ વડે લોગઈન થયેલું હતું, જેમાં મુંબઈ અને પંજાબની મેચના લાઈવ સ્કોર સાથે પોઈન્ટ્સનું ગણિત ચાલતું હતું. જેના મોબાઈલની સ્ક્રીન પર 24,702 જેટલા પોઈન્ટ્સ ડિસ્પ્લે થઈ રહ્યા હતા. જે લાખોની નાણાકીય લેવડદેવડ તરફ ઈશારો કરે છે.આરોપીનો મોબાઈલ જપ્ત, મોટા બુકીના નામ ખુલી શકેઆ અંગે પીઆઈ ડી. બી. વાળાએ કહ્યુ કે, પકડાયેલ આરોપી મૂળ મોડાસાનો વતની હોવાનું અને હાલ રાંદેસણમાં રહીને આ નેટવર્ક ચલાવતો હોવાનું ખુલ્યું છે. તેની પાસેથી આઈફોન તેમજ રોકડ મળીને 12,500નો મુદ્દામાલ કબ્જે લેવાયો છે. આ સમગ્ર પ્રકરણમાં અન્ય કયા મોટા બુકીઓ કે એજન્ટો સામેલ છે, તેની તપાસ ચાલી રહી છે.

# અમદાવાદ ભાજપમાં 'ભડકો': મંત્રી ઋષિકેશ પટેલ સામે સ્વજાતિનો રોષ

### અમરાઈવાડી MLA પર ટિકિટના 'વહીવટ'નો ગંભીર આક્ષેપ!

ગુજરાત ભાજપમાં શિસ્તના લીરેલીરા ઉડતી એક એવી ઘટના સામે આવી છે જેણે રાજકીય આલમમાં ખળભળાટ મચાવી દીધો છે. જે પક્ષ પોતાની શિસ્ત માટે જાણીતો છે, ત્યાં જ હવે નેતાઓના શિંગડા ભરાયા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને અમરાઈવાડીના ધારાસભ્ય સામે પક્ષના જ લોકોએ મોરચો માંડતા રાજકારણ ગરમાયું છે. એક તરફ ભાજપ હાઈકમાન્ડ 'નો રિપીટ થીયરી' અને શિસ્તની વાતો કરે છે, ત્યારે બીજી તરફ અમદાવાદના ગઢમાં જ ગાબડાં પડવા માંડ્યા છે. ઋષિકેશ પટેલ અને અમરાઈવાડી MLA સામેના આ આક્ષેપો ભાજપના 'વહીવટ'ની પોલ ખોલે છે કે પછી આ કોઈ આંતરિક ષડયંત્ર છે? તે તો આવનારો સમય જ કહેશે.

મુખ્ય અંશ: શું છે સમગ્ર વિવાદ?

* મંત્રી સામે સવાલોના પ્રહાર: આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સામે ગંભીર આક્ષેપ કરતા કહેવાયું છે કે, 'જે નેતા પોતાના સમાજનું કામ કરી શકતા નથી, તે રાજ્યનું શું ભલું કરશે?' આ વિધાન સીધેસીધું મંત્રીની કાર્યક્ષમતા અને સામાજિક સ્વીકાર્યતા પર પ્રહાર કરે છે.* ટિકિટ વહેંચણીમાં 'વહીવટ': અમરાઈવાડીના ધારાસભ્ય પર સૌથી ગંભીર આક્ષેપ લાગ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટિકિટની વહેંચણીમાં લાયકાત નહીં પણ 'વહીવટ' (સેટિંગ) ચાલ્યું છે. વફાદાર કાર્યકરોને પડતા મૂકીને મનસ્વી રીતે નિર્ણયો લેવાયા હોવાનો ગણગણાટ હવે બૂમરાણમાં ફેરવાયો છે.* આંતરિક વિખવાદ ચૌટાડે ચઢ્યો: અમદાવાદ ભાજપમાં લાંબા સમયથી ચાલતી જૂથબંધી હવે જાહેરમાં આવી ગઈ છે. કાર્યકરોમાં એ વાતનો રોષ છે કે સંગઠન અને સત્તા વચ્ચે કોઈ તાલમેલ રહ્યો નથી.

વિશેષ વિશ્લેષણ: 'પાક્કો ગુજરાત' વ્યૂ 'શું ભાજપમાં હવે સમર્પણ કરતા 'સેટિંગ' પાવરફુલ બની ગયું છે? જો મંત્રી પોતાના જ સમાજને સંતુષ્ટ ન રાખી શકતા હોય, તો સામાન્ય જનતાની અપેક્ષાઓનું શું થશે?'

જૂના જોગીઓમાં રોષ અમરાઈવાડી વિસ્તારના પાયાના કાર્યકરોનો આક્ષેપ છે કે ધારાસભ્યએ પોતાના અંગત ફાયદા માટે પક્ષના જૂના અને વફાદાર સભ્યોને સાઈડલાઈન કર્યા છે. આ વિવાદ માત્ર સ્થાનિક નથી, પણ આગામી સમયમાં ભાજપ માટે મોટું સંકટ ઊભું કરી શકે છે.

નિષ્કર્ષ એક તરફ ભાજપ હાઈકમાન્ડ 'નો રિપીટ થીયરી' અને શિસ્તની વાતો કરે છે, ત્યારે બીજી તરફ અમદાવાદના ગઢમાં જ ગાબડાં પડવા માંડ્યા છે. ઋષિકેશ પટેલ અને અમરાઈવાડી MLA સામેના આ આક્ષેપો ભાજપના 'વહીવટ'ની પોલ ખોલે છે કે પછી આ કોઈ આંતરિક ષડયંત્ર છે? તે તો આવનારો સમય જ કહેશે.

## રાશીફળ (તા.18-04-2026)

- **મેષ (અ.લ.ઈ)** આવતીકાલનો દિવસ તમારા માટે ઉત્સાહથી ભરેલો રહેશે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનતની પ્રશંસા થશે. પરિવાર સાથે આનંદદાયક સમય વિતાવશો. વાણી પર થોડો સંયમ રાખવો જરૂરી છે.
- **વૃષભ (બ.વ.ઉ)** આર્થિક દૃષ્ટિકોણથી દિવસ લાભદાયી છે. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. તબિયતનું ધ્યાન રાખવું, ખાસ કરીને બહારના ખાન-પાનથી બચવું. નવા રોકાણ માટે સારો સમય છે.
- **મિથુન (ક.છ.ઘ)** કોઈ સારા સમાચાર મળી શકે છે. વેપારમાં નવી ભાગીદારી ફાયદાકારક સાબિત થશે. જીવનસાથી સાથેના સંબંધો વધુ મજબૂત બનશે. મુસાફરીના યોગ દેખાઈ રહ્યા છે.
- **કર્ક (ડ.હ)** માનસિક શાંતિનો અનુભવ કરશો. ઓફિસમાં સહકર્મીઓનો પૂરો સહયોગ મળશે. સામાજિક કાર્યોમાં તમારી રુચિ વધશે. ખર્ચ પર થોડો કાબૂ રાખવો સલાહભર્યું છે.
- **સિંહ (મ.ટ)** તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. વ્યવસાયિક યોજનાઓ સફળ થતી જણાશે. વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે. જૂના મિત્રો સાથે મુલાકાત થવાથી મન પ્રસન્ન રહેશે.
- **કન્યા (પ.ઠ.ણ)** કામનું ભારણ થોડું વધારે રહી શકે છે, જેના કારણે થાક અનુભવાય. ધીરજથી કામ લેવું અને ઉતાવળમાં કોઈ મોટો નિર્ણય ન લેવો. સાંજનો સમય પરિવાર સાથે વિતાવવો.
- **તુલા (ર.ત)** દિવસ મિશ્ર ફળદાયી રહેશે. નસીબનો સાથ મળવાથી અટકેલા કામો પૂરા થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. કોર્ટ-કચેરીના કામમાં સાવધાની રાખવી.
- **વૃશ્ચિક (ન.ય.)** અચાનક ધન લાભ થવાના યોગ છે. નોકરીમાં પ્રમોશનના સંકેતો મળી રહ્યા છે. સ્વાસ્થ્ય બાબતે સજાગ રહેવું. પ્રેમ જીવનમાં મધુરતા આવશે.
- **ધન (ભ.ધ.ફ.ઢ)** નવું કામ શરૂ કરવા માટે આવતીકાલનો દિવસ શ્રેષ્ઠ છે. સર્જનાત્મક કાર્યોમાં તમારી પ્રગતિ થશે. ઘરમાં કોઈ માંગલિક પ્રસંગની ચર્ચા થઈ શકે છે.
- **મકર (ખ.જ)** મિલકતને લગતા પ્રશ્નો ઉકેલાઈ શકે છે. ક્રોધ પર કાબૂ રાખવો, નહીંતર કોઈની સાથે વિવાદ થઈ શકે છે. કાર્યસ્થળ પર તમારી પકડ મજબૂત બનશે.
- **કુંભ (ગ.શ.સ.ષ)** કરિયરમાં નવી તકો પ્રાપ્ત થશે. તમારી બૌદ્ધિક ક્ષમતાના વખાણ થશે. પારિવારિક વાતાવરણ સુખદ રહેશે અને બાળકો તરફથી આનંદના સમાચાર મળશે.
- **મીન (દ.ચ.ઝ.થ)** તમારા માટે દિવસ સુખદ અને શાંતિપૂર્ણ રહેશે. માનસિક તણાવ ઓછો થશે. જીવનસાથી સાથે બહાર ફરવા જવાનું આયોજન થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

# જેતપુરના દેવકી ગાલોલ ચેકપોસ્ટ પાસેથી ચોરીના બાઈક સાથે ત્રણ શખ્સો ઝડપાયા : ૫ મોટરસાયકલ જપ્ત

### આરોપીઓ રાત્રિના સમયે વિવિધ શહેરો અને ગામડાઓમાં ફરીને અવાવરું જગ્યાએ પાર્ક કરેલા બાઇકના લોક તોડી ચોરી કરતા હતા

• સુરેશ ભાલીયા જેતપુર,

જેતપુર તાલુકા પોલીસે દેવકી ગાલોલ ચેકપોસ્ટ પરથી વાહન ચેકિંગ દરમિયાન પાંચ ચોરાઉ મોટરસાયકલ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે હાથ ધરવામાં આવેલા સઘન પેટ્રોલિંગના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટ રેન્જ આઈ.જી.પી. નિર્લીપ્ત રાય અને ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના આદેશ બાદ, જેતપુર વિભાગના ડીવાયએસપી આર.એ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ જેતપુર તાલુકા પી.આઈ. એમ.એલ. આહિર અને તેમની ટીમ દેવકી ગાલોલ ચેકપોસ્ટ પર ફરજ પર હતી. તે સમયે જેતપુર તરફથી ત્રણ શંકાસ્પદ શખ્સો મોટરસાયકલ પર પસાર થતા જોવા મળ્યા હતા.પોલીસે શંકાના આધારે તેમને રોકી પૂછપરછ કરતા જાણવા મળ્યું કે તે પૈકીનો એક ઈસમ તાજેતરમાં જ જૂનાગઢ શહેરમાંથી બાઈક ચોરી કરતા સીસીટીવીમાં કેદ થયો હતો. જૂનાગઢ નેત્રમ શાખા દ્વારા શેર કરાયેલા ફોટાના આધારે પોલીસે આ શખ્સની ઓળખ કરી હતી. કડકાઈથી પૂછપરછ કરતા આરોપીઓએ જુદા-જુદા વિસ્તારોમાંથી કુલ પાંચ બાઈક ચોરી કર્યાની કબૂલાત આપી હતી.

પોલીસે આરોપી રોહિત ઉર્ફે વિક્રમ




ગોરધનભાઈ બોરાણીયા (ઉં.વ. 19), અંકિત નાગરભાઈ બોરાણીયા (ઉં.વ. 20)(બંને રહે. નડાણા ગામ, તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર) અને દર્શન ભરતભાઈ રાજપરા(ઉં.વ.20)(રહે.થોરીયાળી ગામ, તા. વિંછીયા, જિ. રાજકોટ) ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી કુલ રૂ.2,00,000 ની કિંમતના પાંચ મોટરસાયકલ જપ્ત કરવામાં આવ્યા છે, જેમાં ચાર હિરો સ્પ્લેન્ડર અને એક હોન્ડા સાઈન બાઈક નો સમાવેશ થાય છે.

આરોપીઓ રાત્રિના સમયે વિવિધ શહેરો અને ગામડાઓમાં ફરીને અવાવરું જગ્યાએ પાર્ક કરેલા બાઈકના લોક તોડી ચોરી કરતા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ પાંચ ચોરીઓની કબૂલાત કરી છે, જેમાં ૨૫ દિવસ પહેલા સાયલા ટાઉનમાંથી, 15 દિવસ પહેલા જસદણના નવાગામ ખાતેથી, એકાદ મહિના પહેલા ચોટીલા પંથકમાંથી, 15 એપ્રિલ 2016ના રોજ જૂનાગઢમાંથી કાળા કલરનું હોન્ડા સાઈન અને 20 દિવસ પહેલા સાયલા તાલુકાના થોરીયાળી ગામમાંથી બાઈક ચોરીનો સમાવેશ થાય છે.

# અંતરનો અવાજઃ દેખાડાની દુનિયાથી દિલના દરવાજા સુધીની સફર

• લેખકઃ પવન માકન

જીવનમાં ક્યારેક એવો વળાંક આવે છે જ્યારે આપણને સમજાય છે કે અત્યાર સુધી આપણે જે જીવતા હતા એ માત્ર એક મૃગજળ હતું. ઘણીવાર ઈશ્વર આપણી પ્રાર્થના સાંભળવામાં સમય લે છે, પણ જ્યારે એનો જવાબ મળે છે ત્યારે જીવનનો આખો નકશો બદલાઈ જાય છે. મારી આ મથામણ અને અનુભૂતિ આજે આપણી સાથે વહેંચવી છે.

ખોટા દેખાડાનું વજન

આપણે એવી દુનિયામાં જીવીએ છીએ જ્યાં 'ફેક સ્માઈલ' અને 'ખોટા ખર્ચાઓ' એ આપણી ઓળખ બની ગયા છે. બીજાને સારા દેખાવા માટે આપણે અંદરથી કેટલા પોલા થતા જઈએ છીએ, તેનો અંદાજ પણ નથી રહેતો. જો જીવનમાં સાચું માર્ગદર્શન કે સાચી વ્યક્તિનો સાથ ન મળ્યો હોત, તો કદાચ આજે પણ હું એ જ દેખાડાની જિંદગીમાં વ્યસ્ત હોત, જ્યાં હાસ્ય હોઠ પર તો હતું પણ હૃદયમાં નહીં.



દુઃખનું વૃક્ષ અને આપણે

એક સત્ય સમજવા જેવું છેઃ દુઃખ ક્યારેય બહારથી નથી આવતું. આપણે પોતે જ આપણા મનમાં નકારાત્મક વિચારો અને અપેક્ષાઓનું એક વૃક્ષ વાવીએ છીએ. રોજ ચિંતા અને ભયનું પાણી પાઈને આપણે એને મોટું કરીએ છીએ, અને પછી ફરિયાદ કરીએ છીએ કે જીવનમાં શાંતિ નથી. હકીકતમાં, આપણે જ એ માળી છીએ જેણે આ દુઃખને મોટું કર્યું છે.

હવે જીવવું છે ખુલ્લા દિલથી...

પણ હવે બહુ થયું! હવે મારે એ જૂની જિંદગીના ભાર નીચે દબાવું નથી. જીવનની હવે જેટલી પણ ક્ષણો બાકી છે, તેને મારે 'એન્જોય' કરવી છે.

* હળવું મનઃ ભૂતકાળની ભૂલો અને ભવિષ્યની ચિંતા છોડીને વર્તમાનમાં રહેવું.
* સચ્ચાઈનો સાથઃ કોઈને પ્રભાવિત કરવા માટે નહીં, પણ પોતાની જાતને ખુશ રાખવા માટે જીવવું.
* આભારની લાગણીઃ જે મળ્યું છે તેના માટે ઈશ્વરનો આભાર માનવો.

તમારા જીવનમાં પણ જો કોઈ એવી વ્યક્તિ કે એવી ક્ષણ આવી હોય જેણે તમને તમારી જાત સાથે મેળવી આપ્યા હોય, તો તેને સાચવી લેજો. કારણ કે, ખોટા દેખાડા કરતા સાચું હૃદય અને હળવું મન એ જ જીવનની સૌથી મોટી કમાણી છે.

ચાલો, આજથી જ જીવીએ - કોઈના માટે નહીં, પણ આપણી પોતાની ખુશી માટે!

# નર્મદા કિનારે ભક્તિનો સંગમ: કરનાળીના 'મા રેવા આશ્રમ' ખાતે શ્રદ્ધાળુઓ દ્વારા હનુમાન ચાલીસા અને ભોજન પ્રસાદ

• ડભોઈ/કરનાળી: ફકીરા ખત્રી



પવિત્ર તીર્થધામ કરનાળી ખાતે આધ્યાત્મિકતા અને માનવ સેવાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ડભોઈ તાલુકાના કરનાળી સ્થિત 'મા રેવા આશ્રમ' ખાતે વડોદરાની સેવાભાવી સંસ્થાઓના સહયોગથી ભક્તિમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરાની 'બા શારદા મારુ ઘર' સંસ્થા તેમજ છાણીના અશોકભાઈ સોની અને ચૈતન્યભાઈ સોની મિત્ર મંડળ દ્વારા પવિત્ર 'ઉત્તર વાહિની નર્મદા પરિક્રમા' કરવામાં આવી હતી. પરિક્રમા પૂર્ણ કરી શ્રદ્ધાળુઓએ 'મા રેવા આશ્રમ' ખાતે એકત્રિત થઈ સમૂહમાં હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ પ્રસંગે આશ્રમના નિયામક અને સેવાભાવી સંત પૂજ્ય શ્રી રજની બાપુ (રજનીભાઈ પંડ્યા) એ શ્રદ્ધાળુઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આશ્રમ દ્વારા તમામ ભક્તો માટે ચા-નાસ્તો તેમજ શુદ્ધ સાત્વિક ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

'સેવા એ જ પરમો ધર્મ' ના સૂત્રને સાર્થક કરતા રજનીભાઈ પંડ્યા (બાપુ) હંમેશા ધાર્મિક અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી આશ્રમ દ્વારા માનવ સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી રહ્યા છે.

# પરશુરામ જન્મોત્સવની ઉજવણી કરાશે:19 એપ્રિલે સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પરિવાર દ્વારા ભવ્ય શોભાયાત્રા અને લોકડાયરો

: ગાંધીનગરમાં ભગવાન પરશુરામના જન્મોત્સવ (અક્ષય તૃતીયા) નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પરિવાર દ્વારા ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ આ કાર્યક્રમ યોજાશે.આ ઉજવણી સેક્ટર-૧૬ સ્થિત સચ્ચિદાનંદજી બ્રહ્મ ભવન ખાતે બપોરે ૩:૦૦ વાગ્યાથી શરૂ થશે. ઉજવણીના ભાગરૂપે શહેરમાં એક વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવશે. આ યાત્રામાં ફૂલોથી સુશોભિત રથમાં ભગવાન પરશુરામની ૧૧ ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરાશે.આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ આશરે ૧૪ કિલોમીટરનો રૂટ આવરી લેશે. તેમાં પરંપરાગત વેશભૂષામાં સજ્જ હજારો ભૂદેવો, મહિલાઓ અને યુવાનો જોડાશે. યાત્રાના સમાપન બાદ ૨૧૦૦ દીવડાની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

**વિરોધ** | વિરોધમાં વિઘ્ન બની પોલીસ; 30 કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી

# ABVP દ્વારા GCASને લઈ ભારે વિરોધ: GCAS પોર્ટલની ખામીઓને લઈ ABVP નો ઉગ્ર વિરોધ સાથે ભારે સૂત્રોચાર

## શિક્ષણ ક્ષેત્રમાં ખાનગીકરણના વધતા જતા ચલણથી શિક્ષણ માફિયા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત કરી રહ્યા છે

• વડોદરા

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ગુજરાત પ્રદેશ દ્વારા ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS) પોર્ટલની ખામીઓ અને પોર્ટલની નિષ્ફળતા અંગે રાજ્ય સરકારને વારંવાર ધ્યાન દોરવામાં આવવા છતાં કોઈ સુધારા ન થતા આખરે આજે વિરોધ પ્રદર્શન યોજ્યું હતું.વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે આવેલી રોઝરી સ્કૂલથી સેફ્રોન ટાવર સુધી રેલી સ્વરૂપે ભારે સૂત્રોચાર સાથે વિદ્યાર્થી સંગઠન દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જો કે બાદમાં પોલીસ આવી અને એકબાદ એક એબીવીપી કાર્યકર્તાઓને ટીંગાટોળી કરી પોલીસ વેનમાં ભરી દીધા હતા.

આ વિરોધ પ્રદર્શનમાં એબીવીપીના 100 વધુ કાર્યકર્તાઓ જોડાયા હતા. પોલીસે 30 જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. ખાસ કરીને GCAS પોર્ટલમાં ખાનગી યુનિવર્સિટીઓનો સમાવેશ ન કરવાથી વિદ્યાર્થીઓને મજબૂરીમાં વધારે ફી ચૂકવીને ખાનગી સંસ્થાઓમાં પ્રવેશ લેવો પડે છે. જેને કારણે રાજ્ય વિશ્વવિધાલયો અને તેની




સંલગ્ન મહાવિધાલયોની સ્થિતિ દયાજનક બની છે. આ પરથી ધ્યાનમાં આવે છે કે શિક્ષણ ક્ષેત્રમાં ખાનગીકરણના વધતા જતા ચલણથી શિક્ષણ માફિયા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત કરી રહ્યા છે.

ABVP ગુજરાતની GCASને લઈને રાજ્ય સરકાર પાસે માંગ આ મુજબ રહી છે જેમાં ખાસ કરીને તાત્કાલિક ધોરણે GCAS પોર્ટલમાં ખાનગી યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવે. સાથે જો ખાનગી યુનિવર્સિટીઓનો સમાવેશ ન કરવામાં આવે તો GCAS માત્ર ડેટા એકત્રીકરણ માટેનું પોર્ટલ બની રહે અને પ્રવેશ પ્રક્રિયા એ ડિસેન્ટ્રલાઈઝ રીતે વિશ્વવિધાલયો દ્વારા હાથ ધરવામાં આવે. રજીસ્ટ્રેશન ફી ના નામે ઉઘરાવવામાં આવતા 300 રૂપિયાની રકમમાં ઘટાડો કરવામાં આવે અથવા તે બંધ કરવામાં આવે અને વિધાર્થીનીઓ માટે પ્રક્રિયા નિ:શુલ્ક બનાવવામાં આવે.

વિધાર્થી પરિષદના મહાનગર મહામંત્રી અમિત રામી જણાવ્યું હતું કે, યુનિવર્સિટીમાં જીકાસને વિધાર્થીઓને પડતી મુશ્કેલીઓને લઈ આજે વિધાર્થી પરિષદ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. અખિલ ભારતીય વિધાર્થી પરિષદના તમામ જિલ્લા કેન્દ્ર પર આજે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.વિધાર્થી પરિષદ વિધાર્થીઓના હિતમાં રોડ પર ઉતર્યું છે અને પ્રવેશ, પ્રક્રિયા અને પરીક્ષા સરળ બને તે માટે આ આંદોલન કરી રહ્યા છીએ. સાથે કાળી પટ્ટી ધારણ કરી જીકાસ પોર્ટલ પર રહેલ ખામીઓ દૂર થાય તે માટે વિરોધ નોંધાવ્યો છે.

શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?

# ડભોઈ: નર્મદા કેનાલમાં મસમોટા ગાબડા! તંત્ર 'ઘોર નિદ્રા' માં કે 'મોટી હોનારત' ની રાહમાં?

**ખેડૂતોમાં ભારે રોષ** | અધિકારીઓની ઓફિસથી માત્ર 200 મીટર દૂર લાખો લિટર પાણીનો વેડફાટ

• ડભોઈ: ફકીરા ખત્રી



નર્મદાના નીરને ગુજરાતની જીવાદોરી ગણવામાં આવે છે, પરંતુ ડભોઈ તાલુકાના શિનોર ચોકડી પાસેથી પસાર થતી મુખ્ય કેનાલની હાલત જોતા એવું લાગે છે કે તંત્રને આ 'જીવાદોરી' ની કોઈ કિંમત નથી. નર્મદા નિગમની ઘોર નિષ્કાળજીને કારણે કેનાલમાં મસમોટા ગાબડા પડ્યા છે, જેનાથી લાખો લિટર કિંમતી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.

ઓફિસ પાસે જ ગાબડા: અધિકારીઓ કેમ અજાણ?

નવીનતાની વાત તો એ છે કે જ્યાં કેનાલનું ધોવાણ થઈ રહ્યું છે, ત્યાંથી માત્ર 200 મીટરના અંતરે જ નર્મદા નિગમની કચેરી આવેલી છે. કચેરીના નાકની નીચે જ કેનાલ તૂટી રહી હોવા છતાં એરકન્ડિશન્ડ કેબિનોમાં બેસતા અધિકારીઓને આ દેખાતું નથી? કેનાલની રક્ષા માટે રાખેલા 'પગી' (રક્ષકો) શું ઉંઘી રહ્યા છે? તેવા વેધક સવાલો જનતા પૂછી રહી છે.

ખેડૂતોના માથે લટકતી તલવાર

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કેનાલમાં પાણીનું દબાણ વધતા જૂના નાના ગાબડાઓએ હવે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. જો તુરંત સમારકામ કરવામાં નહીં આવે, તો કેનાલ ગમે ત્યારે તૂટી શકે છે. જો આવું થશે, તો આસપાસના ખેતરોમાં પાણી ફરી વળશે અને ખેડૂતોને પાયમાલ કરી દેશે.

જનતાના વેધક સવાલો:

* શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?
* સરકારી મિલકતનું નુકસાન રોકવામાં અધિકારીઓને કેમ રસ નથી?
* શું આ માત્ર આળસ છે કે પછી કોઈ મોટી બેદરકારી?

માંગણી: સત્વરે રિપેરિંગની જરૂર

ડભોઈ પંથકના જાગૃત નાગરિકો અને ખેડૂતોની એક જ માંગ છે કે નર્મદા નિગમના અધિકારીઓ 'કુંભકર્ણની નિદ્રા' માંથી જાગે અને કેનાલનું સત્વરે ગુણવત્તાયુક્ત રિપેરિંગ કરવામાં આવે. શું તંત્ર જાગશે ખરું? કે પછી હોનારત બાદ જ પગલાં લેવાશે?

# 26 એપ્રિલે PM મોદી ગુજરાત આવી શકે:અમિત શાહ, આનંદીબેન પટેલ અને મંગુભાઈ પટેલ ગુજરાતમાં મતદાન કરશે

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય હલચલ તેજ બની છે

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય હલચલ તેજ બની છે. આવતી 26 એપ્રિલ, 2026ના રોજ યોજાનાર મતદાનમાં દેશના ટોચના નેતાઓ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જેના કારણે ચૂંટણીને ખાસ મહત્વ મળ્યું છે. અમિત શાહ અમદાવાદામાં મતદાન કરશે સૂત્રોના જણાવ્યા મુજબ, નરેન્દ્ર મોદી અમદાવાદના રાણીપ વિસ્તારમાં મતદાન કરવા આવી શકે તેમ છે. તેમના મતદાનને ધ્યાનમાં રાખીને સુરક્ષા-વ્યવસ્થાને વધુ કડક બનાવવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. તે જ રીતે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવરંગપુરા વિસ્તારમાં મતદાન કરશે.

સૂત્રો મુજબ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ ઘાટલોડિયા વિસ્તારમાં મતદાન કરશે. આ ઉપરાંત મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ નવસારી ખાતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે તેવી માહિતી સૂત્રો દ્વારા મળી છે.

ગરમીને લઈ મતદાન ઓછું થવાની શક્યતાઓ કેન્દ્રીય મંત્રી મનસુખ




માંડવીયા, સી. આર. પાટીલ અને નિમુબેન બાંભણિયા પણ પોતાના મતક્ષેત્રોમાં હાજર રહી મતદાન કરશે અને લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવશે. બીજી તરફ રાજ્યમાં કાળઝાળ ગરમીના પ્રકોપ વચ્ચે મતદાન ટકાવારીને લઈને ચિંતાઓ વ્યક્ત થઈ રહી છે, પરંતુ આવા સંજોગોમાં દેશના ટોચના નેતાઓ સામાન્ય નાગરિકની જેમ લાઈનમાં ઉભા રહી મતદાન કરે તે યુવા અને પ્રથમવાર મતદારો માટે પ્રેરણાદાયક બનશે. દિગ્ગજ નેતાઓની આ હાજરી સ્પષ્ટ સંદેશ આપે છે કે, લોકશાહીમાં એક-એક મત અમૂલ્ય છે. હવે જોવાનું એ રહેશે કે આ પ્રેરણા ગરમી પર કેટલી ભારે પડે છે અને મતદાનના દિવસે મતદારોમાં કેટલો ઉત્સાહ જોવા મળે છે. ચૂંટણીલક્ષી તમામ તૈયારીઓ પૂર્ણ દિગ્ગજ નેતાઓના મતદાનને લઈને રાજ્યમાં મતદારોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચૂંટણી આયોગ દ્વારા મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરવાની દિશામાં કામગીરી ચાલી રહી છે.

# ડભોઈ પોલીસનું 'ઓપરેશન પરાક્રમ': રૂ. ૭ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, ફિલ્મી ઢબે પીછો કરતા ચાલક ફરાર

## પોલીસે જ્યારે કારની તપાસ કરી ત્યારે તેમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો

• ડભોઈ: ફકીરા ખત્રી

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને રાખીને વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલની સૂચનાથી દારૂબંધીના કડક અમલ માટે 'ઓપરેશન પરાક્રમ' હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ડભોઈ પોલીસે રૂ. ૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરોમાં ફફડાટ ફેલાવી દીધો છે.

શું હતી સમગ્ર ઘટના?

ડભોઈ પી.આઈ. એ.ટી. પટેલ અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે છોટાઉદેપુર તરફથી એક વાદળી રંગની મારુતિ સુઝુકી બલેનો કાર (નંબર GJ-06-PH-4429) માં વિદેશી દારૂનો મોટો જથ્થો વડોદરા તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે પલાસવાડા ફાટક પાસે વોચ ગોઠવી હતી.

ફિલ્મી દ્રશ્યો સર્જાયા: ડિવાઈડર સાથે અથડાઈ ગાડી

બાતમી મુજબની કાર આવતા પોલીસે વાહનોની આડાશ કરી તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસને જોઈને ચાલકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માત બાદ ચાલક ગાડી મૂકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો.

ઝડપાયેલ મુદ્દામાલની વિગત

પોલીસે જ્યારે કારની તપાસ કરી ત્યારે તેમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો:

પોલીસની કાર્યવાહી

નાયબ જિલ્લા પોલીસ વડા આકાશ પટેલના માર્ગદર્શન હેઠળ ડભોઈ પોલીસે ગુનો નોંધી ફરાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ચૂંટણી ટાણે જ આટલો મોટો જથ્થો ઝડપાતા પોલીસની સતર્કતાની સરાહના થઈ રહી છે.

# ઉવારસદ બેઠકના ભાજપ કોંગ્રેસના ઉમેદવારોએ કુળદેવીના સોગંધ ખાઈને કહ્યું- ચૂંટણીમાં દારૂ નહી વહેંચાય



ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાની ઉવારસદ જિલ્લા પંચાયત બેઠક પરથી રાજનીતિનો એક પ્રેરણાદાયી કિસ્સો સામે આવ્યો છે. સામાન્ય રીતે ચૂંટણીમાં મતદારોને રિઝવવા માટે દારૂની રેલમછેલ થતી હોવાના આક્ષેપો થતા હોય છે, ત્યારે અહીં ભાજપ અને કોંગ્રેસના બંને પ્રતિસ્પર્ધી મહિલા ઉમેદવારોએ એકમત થઈ ચૂંટણીને વ્યસનમુક્ત રાખવાનો ઐતિહાસિક સંકલ્પ કર્યો છે. ઉવારસદ બેઠક પર ભાજપના ઉમેદવાર લક્ષ્મીબેન ઠાકોર અને કોંગ્રેસના ઉમેદવાર ભાગ્યવતીબેન ઠાકોર વચ્ચે સીધો જંગ છે. સત્તા મેળવવા માટે બંને પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે, પરંતુ ગામના યુવાધનને બચાવવા અને ચૂંટણીના પવિત્ર વાતાવરણને જાળવી રાખવા બંને પક્ષોએ રાજકીય મતભેદો બાજુ પર મૂક્યા છે.બંને પક્ષના ઉમેદવારોએ પોતપોતાના કાર્યકરોની હાજરીમાં એક સામૂહિક બેઠક યોજી હતી.

વિરોધનું મુખ્ય કેન્દ્રબિંદુ દૂધ ઉત્પાદક સંઘની પસંદગી છે

# દહેગામનાં બારિયામાં ચૂંટણી પ્રચાર વચ્ચે વિરોધનો વંટોળ, ધારાસભ્યના કાફલાને પશુપાલકોએ રોક્યો

ગાંધીનગર : સ્થાનિક સ્વ રાજ્યની ચૂંટણીઓના પડઘમ વા ગી રહ્યા છે ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં રા જ કીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ગતરોજ ગુરુવારે પ્રચાર અર્થે નીકળેલા ભાજપના નેતાઓને પશુપાલકોના ઉગ્ર રોષનો સામનો કર વો પડ્યો હતો. દહેગામના ધારા સભ્ય બલરાજસિંહ ચૌહાણ સહિતના નેતાઓ બારિયા ગામે પ્રચાર માટે પહોંચ્યા ત્યારે ગ્રા મ જનોએ તેમના કાફલાને અટકાવી દૂધના મુદ્દે આક્રમક વિરોધ નોંધાવ્યો હતો.

વિરોધનું મુખ્ય કેન્દ્રબિંદુ દૂધ ઉત્પાદક સંઘની પસંદગી છે.છેલ્લા ઘ ણા સમયથી બારીયા સહિતના તા લુકાના ગામોના પશુપાલકોમાં




ઉત્તમ ડેરી સામે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.પશુપાલકોની સ્પષ્ટ માંગ છે કે તેમનું દૂધ અમદાવાદની ઉત્તમ ડેરીને બદલે ગાંધીનગર જિલ્લાની મધુર ડેરીમાં લેવામાં આવે.જેવા ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ સહિતના નેતાઓના વાહનો ગામમાં પ્રવેશ્યા, કે તુરંત જ મોટી સંખ્યામાં પશુપાલકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પશુપાલકોએ વાદ નહીં વિવાદ નહીં, મધુર સિવાય વાત નહીં ના નારા લગાવી વાતાવરણ ગજવી મૂક્યું હતું. ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. તેમજ ધારાસભ્યને અમારી વાત સાંભળવા રોકતા તેવું રોકાયા પણ ન હતા અને સડસડાટ ગાડી લઈને નીકળી ગયા હતા. સ્થાનિક પ્રતિનિધિઓ પશુપાલકોના હિતમાં નિર્ણય લેવામાં નિષ્ફળ રહ્યા છે.જ્યાં સુધી મધુર ડેરીમાં દૂધ લેવાની પ્રક્રિયા શરૂ નહીં થાય ત્યાં સુધી રાજકીય નેતાઓને પ્રચાર માટેગામ માં પ્રવેશવા દેવામાં આવશે નહીં.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સ મ યે જ પશુપાલકોનું આ આક્રમક વ લ ણ સત્તાધારી પક્ષ ભા જ પ માટે ચિંતાનો વિષય બ ન્યું છે. દહેગામ તાલુકાના અન્ય ગામોમાં પણ આ પ્રકારની માંગ ઉઠી રહી હો વાથી જો વહેલી તકે ઉકેલ નહીં આવે, તો આગામી દિવસોમાં મધુર ડે રીનો આ વિવાદ ભાજપને ચૂંટણીમાં ભારે પડી શકે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગંદકી

ઉગત સાઈટ એન્ડ સર્વિસ વિસ્તારની સમસ્યાઓ બતાવી રહેલા સ્થાનિક નાગરિક

# સ્વચ્છતામાં અવ્વલ શહેરનો ગંદકીથી ખદબદતો વિસ્તાર :નંદઘર પાસે જ ઉકરડો અને રસ્તા પર ગટરના પાણી

## નર્ક જેવી સ્થિતિમાં બાળકો કેવી રીતે અભ્યાસ કરી શકે અને તેમનું બાળપણ કેવી રીતે સુરક્ષિત રહી શકે તે એક મોટો સવાલ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે ઊભો થયો છે

• સુરત

સુરત શહેરને સ્માર્ટ સિટી અને સ્વચ્છતામાં મોખરે ગણાવતા વહીવટી તંત્રના દાવાઓની પોલ વોર્ડ નંબર ૧ના ઉગત સાઈટ એન્ડ સર્વિસ વિસ્તારમાં ખુલ્લી પડી ગઈ છે. દિવ્ય ભાસ્કરની ટીમે જ્યારે આ વિસ્તારની મુલાકાત લીધી ત્યારે ત્યાં નર્કાગાર જેવી પરિસ્થિતિ જોવા મળી હતી. આ વિસ્તારમાં રહેતા હજારો શ્રમજીવી પરિવારો આજે પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે. સૌથી ચોંકાવનારી અને દુઃખદ બાબત તો એ છે કે, જ્યાં દેશના ભવિષ્ય સમાન નાના બાળકો શિક્ષણ લેવા જાય છે, તે આંગણવાડીની હાલત અત્યંત દયનીય છે.ઉગત સાઈટ એન્ડ સર્વિસ વિસ્તારની સમસ્યાઓ બતાવી રહેલા સ્થાનિક નાગરિક.

આંગણવાડીના મુખ્ય પ્રવેશદ્વાર પર જ ગટરનું ઢાંકણું તૂટી ગયું છે, જેના કારણે સતત અકસ્માતનો ભય રહે છે. આ તૂટેલા ઢાંકણામાંથી નીકળતી ગટરની અસહ્ય દુર્ગંધ અને આસપાસ ફેલાયેલી ગંદકીના કારણે નાના બાળકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. આંગણવાડીની બાજુની ગલીઓમાં તો પરિસ્થિતિ એટલી ખરાબ છે કે ત્યાં ગંદકીના ઢગલા ખડકાયેલા છે અને ગલીઓનું ગંદું પાણી સીધું આ તૂટેલી ગટરમાં જઈ રહ્યું છે. આવી નર્ક જેવી સ્થિતિમાં બાળકો કેવી રીતે અભ્યાસ કરી શકે અને તેમનું બાળપણ કેવી રીતે સુરક્ષિત રહી શકે તે એક મોટો સવાલ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે ઊભો થયો છે.

માત્ર આંગણવાડી જ નહીં, પણ આખા વિસ્તારમાં રોડ અને રસ્તાની સમસ્યા એટલી વિકટ છે કે લોકોનું ચાલવું પણ મુશ્કેલ બની ગયું છે. લોકોના ઘર આંગણે ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે અને કાદવ-કીચડનું સામ્રાજ્ય ફેલાયેલું છે. ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન ભગવાન શંકરના મંદિરની સામે પણ ગટરના ગંદા પાણી ભરાયેલા રહે છે, જેના કારણે ભક્તોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. પવિત્ર સ્થળોની આસપાસ પણ જ્યારે આવી ગંદકી જોવા મળે ત્યારે તંત્રની કામગીરી પર ફિટકાર વરસે તે સ્વાભાવિક છે.

પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી જતા રોગચાળો ફાટી નીકળવાની દહેશત સ્થાનિક રહીશોની સૌથી મોટી પીડા એ છે કે અહીં ગટરનું ગંદું પાણી હવે પીવાના પાણીની પાઈપલાઈનમાં ભળી રહ્યું છે. લોકોના ઘરોમાં જે નળ આવે છે તેમાં ગટરની દુર્ગંધવાળું પાણી આવતા લોકોમાં રોગચાળો ફાટી નીકળવાનો ભય સતાવી રહ્યો છે. આ વિસ્તારમાં મોટે ભાગે મજૂર વર્ગ રહે છે, જેઓ માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવે છે. આવી સ્થિતિમાં શુદ્ધ પાણી માટે તેમને દરરોજ મોંઘા ભાવની બિસલેરી કે પાણીના કેન લાવવા



મજબૂર થવું પડે છે. પોતાની રોજની મજૂરીમાંથી પાણી પાછળ આટલો મોટો આર્થિક બોજો સહન કરવો આ ગરીબ પરિવારો માટે અશક્ય બની રહ્યો છે. લોકોના ઘર પાસે શેરીમાં ગટરના પાણી ભરાયેલા રહેતા રોગચાળાની દહેશત.લોકોના ઘર પાસે શેરીમાં ગટરના પાણી ભરાયેલા રહેતા રોગચાળાની દહેશત.

સ્થાનિક લોકોમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની બેધારી નીતિ સામે પ્રચંડ રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જો અમે ટેક્સ કે વેરો ભરવામાં સહેજ પણ મોડું કરીએ તો તંત્રના માણસો તરત જ નળ કનેક્શન કાપવા અથવા તાળા મારવા પહોંચી જાય છે. વેરો વસૂલવામાં આટલી સક્રિયતા બતાવતું તંત્ર જ્યારે સુવિધાઓ આપવાની વાત આવે છે ત્યારે કેમ મૂંગું મોઢું કરીને બેસી જાય છે? અત્યાર સુધી આ વિસ્તારની મુલાકાત લેવા કે લોકોની સમસ્યા સાંભળવા માટે કોઈ પણ કોર્પોરેટર ડોકાયા નથી. ચૂંટાયેલા પ્રતિનિધિઓની આ ઉદાસીનતા હવે લોકોમાં આક્રોશમાં બદલાઈ રહી છે.

આ વિસ્તારનાલોકોએ હવે મક્કમ નિર્ધાર કર્યો છે કે જે પક્ષ કે જે નેતા તેમનું કામ કરશે અને તેમને આ નર્ક જેવી જિંદગીમાંથી મુક્તિ અપાવશે, તેમને જ તેઓ આગામી સમયમાં પોતાનો કિંમતી મત આપશે. જો વહેલી તકે આંગણવાડીનું સમારકામ કરવામાં નહીં આવે, ગટરની લાઈનો સાફ કરવામાં નહીં આવે અને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં નહીં આવે, તો આગામી ચૂંટણીમાં મતદાન ઓછું થવાની શક્યતા રહેલી છે.

વિસ્તારની વરવી વાસ્તવિકતા તપાસતા દિવ્યભાસ્કરના કેમેરામાં ખુલ્લેઆમ દારૂની મહેફીલ માણતા વીડિયો પણ કેદ થયા છે ત્યારે દારૂબંધીના કાયદા સામે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે કે જાહેરમાં જ આ વિસ્તારમાં લોકો દારૂની મહેફીલ માણતા દેખાઈ રહ્યા છે.સ્થાનિક સોનમતીએ જણાવ્યું હતું કે, અમારી તો સમસ્યા એ છે કે અમારે ત્યાં ગટર ઉભરાઈ રહી છે વર્ષોથી. બે દિવસ સાફ કરે અને ત્રીજા દિવસે પાછું એવું ને એવું જ થઈ જાય. મ્યુનિસિપાલિટીવાળાને અરજીઓ કરી કરીને થાકી ગયા છીએ. અમે 10-20 લોકો સાથે મળીને જઈએ છીએ તો તેઓ કહે છે - 'બહાર નીકળો, બહાર નીકળો!' અમે શું નકામા બેઠા છીએ? તેઓ કહે છે કે તમારી આ જગ્યા વિવાદિત છે અને તમે અહીં જબરદસ્તીથી રહો છો. તો સરકારે જ મીરાનગર અને સુભાષનગરના ઝૂંપડા તોડીને અમને અહીં રહેવા માટે આપ્યું છે. સરકારે તોડ્યું ત્યારે જ અમે અહીં આવ્યા છીએ ને! હવે અહીં રોડ પર પણ પાણી ભરાય છે. હમણાં ચોમાસું આવશે તો એટલું પાણી ભરાઈ જશે કે અમારે જીવવું મુશ્કેલ થઈ જશે. ગંદકીને કારણે બાળકો બીમાર પડે છે, મારી તબિયત વારંવાર ખરાબ થઈ જાય છે. અમે જઈએ ક્યાં? તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચૂંટણી આવે એટલે બધા મોઢું બતાવીને આવી જાય છે, પણ તેમને અમારી સમસ્યા દેખાતી નથી. કહેશે કે તમારી જગ્યા વિવાદિત છે. જો જગ્યા વિવાદિત છે તો અમારી પાસે વોટ માંગવા શું કામ આવે છે?લાઈટ બિલ અમે ભરીએ છીએ, વેરો ભરીએ છીએ. જો એક-બે વર્ષ ન ભરીએ તો તાળા લગાવી દે છે, ત્યારે જગ્યા વિવાદિત નથી હોતી? ત્યારે તો એ સરકારની જગ્યા થઈ જાય છે! જે ઓફિસમાં એવું બોલ્યા હતા એ જ લોકો અત્યારે મોઢું લટકાવીને આવશે. જો જગ્યા વિવાદિત છે તો તાળા કેમ મારે છે? અમે આ નાનાં બાળકોને લઈને ક્યાં જઈશું? માણસને પોતાની ફેમિલી તો હોવી જોઈએ ને?.

સુરતમાં પ્રસાદીના લાડુમાં ઝેર ભેળવવાનો કેસ

# આરોપી મહિલાના દીકરાએ પીડિત પરિવારના જર્મની અભ્યાસ કરતા દીકરાને ધમકાવ્યો

આક્ષેપો કર્યા

આ સમગ્ર ઘટનામાં જ્યારે ભોગ બનનાર પરિવારે મીડિયામાં આરોપી મહિલા અંગે આક્ષેપો કર્યા હતા

• સુરત

સુરતમાં મોટા વરાછા સ્થિત શાલીગ્રામ સ્ટેટ્સ સોસાયટીમાં પાડોશમાં રહેતી મહિલાએ પુત્રીના પ્રેમલગ્નની અદાવત રાખી ગોરધનભાઈ ડોંડા નામના વૃદ્ધ અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની કોશિશ કરતાં પોલીસે ઉષા નામની મહિલાની ધરપકડ કરી છે. ત્યારે આરોપી મહિલાનો પુત્ર પીડિત ડોંડા પરિવારના જર્મની અભ્યાસ કરતા દીકરાને ધમકાવતો હોવાનું પણ સામે આવ્યું છે. કોલ કરીને કહેતો હતો કે ઘેનની ટીકડી નાખી હતી. જો કઈ બીજી ટીકડી નાખી હોત તો કાયદેસર પૂરું થઈ ગયું હોત. આ સમગ્ર ઘટનામાં જ્યારે ભોગ બનનાર પરિવારે મીડિયામાં આરોપી મહિલા અંગે આક્ષેપો કર્યા હતા. ત્યારે આરોપી મહિલા ઉષા




નાકરાણીના પુત્રએ ભોગ બનનાર કિરણબેન ડોંડાના જર્મની અભ્યાસ કરતા પુત્રને કોલ કરીને ધમકાવ્યો હતો. કોલ કરીને કહ્યું હતું કે, તું તારા પપ્પાને એવી રીતે વાત કર કે પપ્પા આપણે બધું અંદરો અંદર છે. આપણને ઘરનું થાય, એમને પણ ઘરનું થાય, એનેય દુઃખ લાગે, બધાને દુઃખ લાગે. એની ક્રેડિટ જાય, આપણી ક્રેડિટ જાય. અને તો પણ મળે શું કંઈ? લાડવો મળ્યો? આ તો બચી ગયા કે હાલો ઘેનની ટીકડી નાખી હતી કે માથાની ટીકડી નાખી હતી, એક વસ્તુ સમજી લે. કંઈક બીજી ટીકડી નાખી હોત તો તો કાયદેસર આપણે પૂરું જ થઈ ગયું હોત, એક વસ્તુ સમજી લેજે. આ તો આપણા નસીબ અને કરમ કે ભાઈ એટલું નહોતું થવાનું ને તોય આમાં આટલી બધી વસ્તુ ઉમેરીને થઈ ગઈ છે, એક વસ્તુ સમજી લેજે. આરોપી ઉષા નાકરાણીનો દીકરો ડોંડા પરિવારના દીકરાને આ કેસ આગળ ન વધારવા માટે પણ કહેતો હતો.વધુમાં ધમકાવતા કહ્યું હતું કે, સમજો કંઈ? એટલે તું તારી રીતે તારા પપ્પાને કંઈક હવે કન્વિન્સ કર, કોઈને, તારા દાદાને, કે આવી રીતે પપ્પા કે દાદા કે બાપુજી આવી રીતે છે, હવે જે કંઈ થઈ ગયું છે એનું જે તમારે સમજવું હોય એક વસ્તુ સમજી લેજો. આપણે કંઈ નથી એવા કોઈ અને આપણો એવો કોઈ ઈરાદો હતો નહીં કે ભાઈ તમને આવી રીતે સાવ કરી દઈએ. અને એવું કરવું હોય તો આવી દવા ન નાખે, એક વસ્તુ સમજે. બાકી તું ઓળખે છે.નિવૃત્ત જીવન ગાળતાં 70 વર્ષીય ગોરધનભાઈ વશરામભાઈ ડોંડા (મૂળ રહે. નારી, જિ. ભાવનગર) 10 એપ્રિલે બપોરે ગાર્ડનમાંથી પરત ફર્યા ત્યારે તેમના ફ્લેટના ઉંબરામાં એક પ્લાસ્ટિકની થેલીમાં બે લાડુ જોવા મળ્યા હતા. કોઈ પ્રસાદી મૂકી ગયું હશે તેમ સમજી ગોરધનભાઈએ તેમાંથી ચુરમાના લાડુનો ટુકડો ખાધો હતો અને તેમની પુત્રવધૂ કિરણબેનને પણ આપ્યો હતો. પ્રસાદી સમજીને લાડુ ખાધાના થોડા સમય બાદ ગોરધનભાઈ તેમના મિત્ર સાથે ઉત્રાણ પાવર હાઉસ પાસે મઠો લેવા ગયા હતા, જ્યાં તેમને અચાનક ચક્કર આવતા બેભાન થઈ ગયા હતા. તેને કિરણ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં બે દિવસની સારવાર બાદ ભાનમાં આવ્યા હતા. બીજી તરફ તેમની પુત્રવધૂ કિરણબેનને પણ ઝેરી અસર થતા તેમને પણ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

# મહીસાગરના વાતાવરણમાં પલટો 42C સાથે રાજકોટ સૌથી ગરમ

## 19થી 21 એપ્રિલ કરા સાથે વરસાદની અંબાલાલની આગાહી, મેમાં ગરમી ભુક્કા બોલાવશે

ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. આગામી 19, 20 અને 21 એપ્રિલના રોજ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની શક્યતા છે. આજે 17 એપ્રિલે મહીસાગર જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં વાદળો છવાતા ગરમી અને આકરા તાપમાંથી લોકોને રાહત મળી છે. ગાંધીનગરના હવામાનની વાત કરીએ તો અત્યાર બપોર 12 વાગ્યાથી જ ગરમીનો પારો 38 ડિગ્રી પહોંચી ચૂક્યો છે, જે બપોર બે વાગ્યા સુધી 41 ડિગ્રી સુધી જવાની શક્યતા વર્તાઈ છે. શહેરમાં ગરમીને લઈ રસ્તાઓ સૂમસાન થઈ ગયા છે. રાજ્યના મોટા ભાગના શહેરોમાં ગરમીનો પારો 40Cને પાર પહોંચી ગયો છે. આગામી બે દિવસમાં તાપમાન 40થી 42C આસપાસ રહી શકે છે. બીજી તરફ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે એપ્રિલના અંત અને મેમાં ભૂક્કા બોલાવે તેવી ગરમી પડવાની સંભાવના વ્યક્ત કરી છે.

રાજ્યના 4 શહેરમાં ગુરૂવારે મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયુ છે. રાજકોટ 41.9 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ રહ્યું છે. તો સુરેન્દ્રનગર 41C સાથે બીજા ક્રમે રહ્યું છે. તો અમદાવાદમાં 40.4C અને અમરેલીમાં 40.3C મહત્તમ તાપમાન નોંધાયું છે. આગામી બે દિવસમાં તાપમાનનો પારો હજુ બેથી ત્રણ ડિગ્રી વધી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટ્રફ સિસ્ટમને કારણે ગુજરાતના વાતાવરણમાં પલટો આવશે. 19 અને 20 એપ્રિલ બે દિવસ રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદની સંભાવના છે. આગામી 48 કલાક મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ ત્યારબાદ 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ તરફના પવનોને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીની સાથે ભેજવાળું વાતાવરણ પરેશાન કરશે. હવામામ નિષ્ણાત અંબાલાલ પટેલ આગાહી કરતા કહ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે 19, 20 અને 21 એપ્રિલે બોટાદ, ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ, વડોદરા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા સહિતના ભાગોમાં વાતાવરણમાં પલટો આવશે અને પ્રી મોન્સૂન એક્ટિવિટીનો વરસાદ થઈ શકે છે. પંચમહાલના ભાગોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. દરિયો તોફાની બનવાની સાથે દક્ષિણ સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના ભાગોમાં કરા પડવાની પણ સંભાવના છે. આગામી 26, 27, 28 એપ્રિલના રોજ વધુ ગરમી પડવાની આગાહી છે. રાજયમાં એપ્રિલના અંતમાં મહત્તમ તાપમાન 42થી 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ શકે છે. 29 એપ્રિલથી લગભગ મેની શરૂઆતમાં ફરી હવામાનમાં પલટો આલશે, જેમાં 11થી 20 મેમાં અરબસાગરમાં હલચલ જોવા મળશે. 23 મે આસપાસ દરિયામાં ઊંચા મોજા ઉછળી શકે. મેના અંતમાં અને જૂનની શરૂઆતમાં અરબસાગરમાં ફરી એક હલચલ જોવા મળશે.. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને મહારાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી લૂ ચાલી રહી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું છે કે 20 એપ્રિલ સુધી આ રાજ્યોમાં ગરમી અને બફારાથી રાહત મળવાની આશા નથી. તાપમાન 40 થી 44C ની વચ્ચે રહી શકે છે.

# મોવિયામાં આંબેડકરની પ્રતિમા સ્થાપવા મુદ્દે મોડી રાતે ડખો, શાંતિ ડહોળાતાં પોલીસ કાફલો ખડકાયો

• ગોંડલ

ગોંડલ તાલુકાના સૌથી મોટા ગામ મોવિયામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાના સ્થાપન બાદ વાતાવરણ ગરમાયું છે. જૂના બસ સ્ટેન્ડ ચોક પાસે પ્રતિમા મૂકવા મામલે ગ્રામ પંચાયત અને દલિત સમાજ સામસામે આવી જતાં ગામમાં તનાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ છે. અણબનાવ રોકવા માટે ડીવાયએસપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે ઉતારી દેવાયો છે. વિગતો અનુસાર, ગત 14 એપ્રિલની મધ્યરાત્રિએ મોવિયાના જૂના બસ સ્ટેન્ડ રોડ પરના ચોકમાં દલિત સમાજ દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ અંગે ગ્રામ પંચાયતનું કહેવું છે કે, આ પ્રતિમા કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી લીધા વિના રાતોરાત બારોબાર મૂકી દેવામાં આવી છે.

બીજી તરફ, દલિત સમાજનો આક્ષેપ છે કે તેઓ છેલ્લા 15 વર્ષથી પ્રતિમા માટે માંગ કરી રહ્યા છે, પરંતુ પંચાયત દ્વારા દર વખતે નકારાત્મક વલણ અપનાવવામાં આવતું હતું. ઘટનાના પગલે મોવિયામાં સ્થિતિ વધુ ન વણસે તે માટે ડીવાયએસપી ઝાલા સહિતનો પોલીસ કાફલો સતત પેટ્રોલિંગ કરી રહ્યો છે. સમાજ પ્રતિમા હટાવવાની હિલચાલના સમાચાર મળતા જ મોટી સંખ્યામાં દલિત સમાજના ભાઈ-બહેનો પ્રતિમા પાસે જ ધરણા પર બેસી ગયા છે. સમાજના અગ્રણીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો ડૉ. આંબેડકરની પ્રતિમાને હટાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો દલિત સમાજ દ્વારા આત્મવિલોપન કરવામાં આવશે. આ મુદ્દે સમગ્ર ગુજરાતભરનો દલિત સમાજ મોવિયાના માર્ગો પર ઉતરી આવશે. તેઓએ સવાલ ઉઠાવ્યો હતો કે ગામેગામ પ્રતિમાઓ હોય તો મોવિયામાં જ કેમ વિરોધ કરવામાં આવે છે?સરપંચના પ્રતિનિધિ રોહિતભાઈ ખુંટે આ મામલે જણાવ્યું હતું કે, અમે દલિત સમાજને ખાતરી આપી હતી કે ચૂંટણીની આચારસંહિતા પૂર્ણ થયા બાદ પ્રતિમા માટેની જગ્યા અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

# જુગારીઓના રંગમાં ભંગ પડયો:કલોલના વાસજડામાં જુગારધામ પર પોલીસનો દરોડો

• ગાંધીનગર

કલોલ તાલુકાના વાસજડા ગામની સીમમાં જાહેરમાં જુગારધામ પર સાંતેજ પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાંથી ત્રણ જુગારીને 12 હજાર 500 રોકડ સહિત જુગારના સાહિત્ય સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે એક જુગારી પોલીસને હાથતાળી આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. સાંતેજ પોલીસ સ્ટેશનના સ્ટાફને બાતમી મળી હતી કે વાસજડા ગામની સીમમાં નહેરની બાજુમાં આવેલા બાવળના ઝાડ નીચે કેટલાક શખસો એકઠા થઈને રુપિયાથી હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ માહિતીને આધારે પોલીસે ખાનગી વાહનમાં જઈને જ્યાં જુગાર રમાતો હોય ત્યાં દરોડો પાડ્યો હતો. દરમિયાન પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે જગ્યા કોર્ડન કરીને ત્રણ શખસને સ્થળ પર જ દબોચી લીધા હતા. જ્યારે રમણજી ઠાકોર નામનો શખસ પોલીસને હાથતાળી આપી ભાગી છૂટ્યો હતો.દરમિયાન પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે જગ્યા કોર્ડન કરીને ત્રણ શખસને સ્થળ પર જ દબોચી લીધા હતા. જ્યારે રમણજી ઠાકોર નામનો શખસ પોલીસને હાથતાળી આપી ભાગી છૂટ્યો હતો. આ અંગે પકડાયેલા જુગારીની પૂછપરછ કરતા તેમની ઓળખ કમલેશ ઉર્ફે ટીનાજી દંતાણી (રહે. સોલા, અમદાવાદ), વિક્રમસિંહ સોલંકી (રહે.દેત્રોજ, અમદાવાદ) અને વરસંગજી ઉર્ફે રાજેશ ઠાકોર (રહે. વાસજડા,કલોલ) તરીકે થઈ છે. પોલીસે જુગારીઓ પાસેથી કુલ 12,500 રોકડ તેમજ જુગારનું સાહિત્ય કબજે લઈ જુગારધારા હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

VNSGUમાં 'મટકા ફોડ' આંદોલન, રુપિયા 300ની ફી ઘટાડવા અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓને જોડવા માંગ

# પોર્ટલ છે કે પરેશાની? જીકાસની ક્ષતિઓ મુદ્દે ABVP મેદાને

• સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા આજે 17 એપ્રિલે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા એડમિશન પ્રક્રિયા માટે શરૂ કરવામાં આવેલા GCAS (Gujarat Common Admission Services) પોર્ટલમાં સર્જાતી સતત ટેકનિકલ ખામીઓના વિરોધમાં કાર્યકરોએ 'મટકા ફોડ' કાર્યક્રમ યોજ્યો હતો. આ દરમિયાન વિદ્યાર્થીઓએ પોર્ટલની અવ્યવસ્થા સામે સૂત્રોચ્ચાર કરી વહેલી તકે નિરાકરણ લાવવા માંગ કરી હતી. ABVPના કાર્યકરો મોટી સંખ્યામાં યુનિવર્સિટી કેમ્પસ ખાતે એકઠા થયા હતા. વિરોધના પ્રતીક રૂપે કાર્યકરો જીકાસ પોર્ટલનું પૂતળું અને મટકું બનાવીને લાવ્યા હતા. વિદ્યાર્થી નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે એડમિશન પ્રક્રિયાના મહત્વના સમયે જ પોર્ટલ ખોરવાઈ જવાથી હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાય છે. કાર્યકરોએ કુલપતિ કચેરીની બહાર પૂતળા સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને મટકું ફોડીને તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.




આ કાર્યક્રમ દરમિયાન પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

ABVP સ્ટેટ મીડિયા કો-કન્વીનર અભિ મનવરે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, GCAS પોર્ટલમાં દર વર્ષે ગંભીર સમસ્યાઓ સર્જાય છે, જેના વિશે અમે અવારનવાર રજૂઆત કરી છે. છતાં પણ સરકાર કે ટેકનિકલ ટીમ દ્વારા કોઈ સુધારો કરવામાં આવતો નથી. વિદ્યાર્થીઓ ફોર્મ ભરવામાં અને ડોક્યુમેન્ટ અપલોડ કરવામાં હાલાકી ભોગવી રહ્યા છે. તંત્ર માત્ર આશ્વાસનો આપે છે પણ કોઈ કામગીરી દેખાતી નથી. આ આંદોલન આખા ગુજરાતભરમાં વિદ્યાર્થીઓના ન્યાય માટે છે.વિદ્યાર્થી પરિષદ દ્વારા માત્ર ટેકનિકલ ખામીઓ જ નહીં, પણ આર્થિક બોજ અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. ABVP ની માંગ છે કે જે વિદ્યાર્થીઓ પાસેથી ફોર્મ પેટે 300 રૂપિયા ઉઘરાવવામાં આવે છે, તે ફીમાં તાત્કાલિક ઘટાડો કરવામાં આવે અથવા તો આ પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવે. વધુમાં, એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે તમામ પ્રાઈવેટ યુનિવર્સિટીઓનો પણ GCAS પોર્ટલમાં સમાવેશ કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓને એડમિશન માટે અલગ-અલગ જગ્યાએ ભટકવું ન પડે. ત્રણ વર્ષથી આ મુદ્દે લડત ચલાવી રહેલી વિદ્યાર્થી પરિષદે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં યોગ્ય સુધારા કરવામાં નહીં આવે, તો આંદોલન વધુ તેજ બનશે. આગામી દિવસોમાં રાજ્યની દરેક કોલેજ કેમ્પસની બહાર ધરણા પ્રદર્શન અને વિરોધ કાર્યક્રમો કરવામાં આવશે. જ્યાં સુધી વિદ્યાર્થીઓના હિતમાં નક્કર નિર્ણય નહીં લેવાય અને પોર્ટલની ક્ષતિઓ દૂર નહીં થાય, સુધી વિદ્યાર્થી પરિષદ સતત લડતી રહેશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# ‘ઢોસા-ઈડલી-સાંભર’ ગીત કેમ વગાડ્યું?:CSKએ નાના છોકરાની જેમ BCCIને RCBની ચાડી ફૂંકી

## CSK એ ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI)ને RCB વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે



IPL 2026માં ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના મુકાબલા પછી વિવાદ સામે આવ્યો છે. CSK એ ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI)ને RCB વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. આ મામલો 5 એપ્રિલનો છે, જે દિવસે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચેન્નઈ અને બેંગલુરુ વચ્ચે મેચ રમાઈ હતી. આ દરમિયાન સ્ટેડિયમમાં એક ગીત વગાડવામાં આવ્યું હતું, જેમાં ઢોંસા, ઈડલી, સાંભર, ચટણી જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. CSK નો આરોપ છે કે આ ગીત તેના ખેલાડીઓ અને ટીમ પર કટાક્ષ તરીકે વગાડવામાં આવ્યું હતું. ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર CSKના મેનેજિંગ ડિરેક્ટર કાશી વિશ્વનાથને જણાવ્યું કે, સામાન્ય રીતે ડીજે ઘરેલું ટીમને સપોર્ટ કરવા માટે હોય છે. પરંતુ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સ્થિતિ અલગ હતી. અમારા ખેલાડીઓ વિરુદ્ધ કેટલીક ખાસ ટિપ્પણીઓ કરવામાં આવી હતી. આને ધ્યાનમાં રાખીને, અમે BCCIને પત્ર લખીને મામલાની તપાસ કરવા વિનંતી કરી છે.

RCBએ ગયા વર્ષે ચેન્નઈ સામેની મેચ પહેલા તેના વિકેટકીપર જીતેશ શર્માનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં તે ઈડલી-ઢોસા વાળું ગીત ગાઈ રહ્યા હતા. ત્યારે તેને CSK ફેન્સે ટ્રોલ કર્યા હતા. જોકે, આના પર વધુ વિવાદ થયો ન હતો. આ ગીત સંગીતકાર ગાના અપ્પુએ બનાવ્યું હતું. RCB માટે ટિમ ડેવિડે 25 બોલમાં 8 છગ્ગા ફટકારીને 70 રન બનાવ્યા. કેપ્ટન રજત પાટીદારે 48, ફિલ સોલ્ટે 46, વિરાટ કોહલીએ 28 અને દેવદત્ત પડિકલે 50 રન બનાવ્યા. ભુવનેશ્વર કુમારે 3 વિકેટ લીધી. અભિનંદન સિંહ, જેકબ ડફી અને કૃણાલ પંડ્યાને 2-2 વિકેટ મળી. ભુવીએ IPLમાં 200 વિકેટ પૂરી કરી.છેલ્લા કેટલાક વર્ષોમાં CSK અને RCB વચ્ચે રાઈવલરી જોવા મળી છે, જેના કારણે તેને IPLની સદર્ન ડર્બી કહેવામાં આવી. હેડ ટુ હેડમાં CSKનું RCB પર પલડું ભલે ભારે રહ્યું હોય, પરંતુ છેલ્લી કેટલીક સિઝનમાં બેંગલુરુએ ચેન્નઈ પર પોતાનો દબદબો બનાવ્યો છે. 5 એપ્રિલે રમાયેલી મેચમાં RCB એ CSK ને 43 રનથી હરાવ્યું હતું. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી RCB એ 250 રન બનાવ્યા. આ સિઝનનો બેસ્ટ સ્કોર છે. જવાબમાં CSK 207 રન જ બનાવી શકી હતી.

RCB માટે ટિમ ડેવિડે 25 બોલમાં 8 છગ્ગા ફટકારીને 70 રન બનાવ્યા. કેપ્ટન રજત પાટીદારે 48, ફિલ સોલ્ટે 46, વિરાટ કોહલીએ 28 અને દેવદત્ત પડિકલે 50 રન બનાવ્યા. ભુવનેશ્વર કુમારે 3 વિકેટ લીધી. અભિનંદન સિંહ, જેકબ ડફી અને કૃણાલ પંડ્યાને 2-2 વિકેટ મળી. ભુવીએ IPLમાં 200 વિકેટ પૂરી કરી.

IPL

પ્રભસિમરન-અય્યરે મુંબઇને રોવડાવ્યું; અર્શદીપની 3 વિકેટ

# 7 વિકેટે જીતી પંજાબ કિંગ્સ ટેબલ ટોપર બની:સતત ચાર મેચ હારી હાર્દિકની ટીમ ભગવાન ભરોષે

## મુંબઈ તરફથી આ સીઝનની પહેલી મેચ રમી રહેલા ઓપનર ક્વિન્ટન ડી કોકે 112 રનની સેન્ચુરી ઈનિંગ રમી હતી

પંજાબ કિંગ્સે IPLની આ સીઝનમાં સતત ચોથી જીત મેળવી છે. ટીમે ગુરુવારે મુંબઈ ઈન્ડિયન્સને 7 વિકેટે હરાવ્યું. મુંબઈ સામે પંજાબની આ સતત ત્રીજી જીત છે; ટીમે ગત સીઝનમાં પણ બે મેચ જીતી હતી. વાનખેડે સ્ટેડિયમમાં પંજાબે 196 રનનો ટાર્ગેટ 16.3 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. મુંબઈએ પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 5 વિકેટ પર 195 રન બનાવ્યા હતા. આ જીત સાથે પંજાબની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર આવી ગઈ છે. ટીમ પાસે હવે કુલ 9 અંક થઈ ગયા છે. બીજી તરફ મુંબઈની આ સતત ચોથી હાર છે. રન ચેઝ કરી રહેલી પંજાબની ટીમે 45 રન પર બે વિકેટ ગુમાવી દીધી હતી. આવી સ્થિતિમાં ઓપનર પ્રભસિમરન સિંહે કેપ્ટન શ્રેયસ અય્યર સાથે 139 રનની પાર્ટનરશીપ કરીને ટીમને જીત અપાવી હતી. તે 39 બોલમાં 80 રન બનાવી અણનમ પરત ફર્યો હતો, જ્યારે કેપ્ટન શ્રેયસ અય્યર 35 બોલમાં 66 રન બનાવી આઉટ થયો હતો. તેને



શાર્દૂલ ઠાકૂરે કેચ આઉટ કર્યો હતો.

મુંબઈ તરફથી આ સીઝનની પહેલી મેચ રમી રહેલા ઓપનર ક્વિન્ટન ડી કોકે 112 રનની સેન્ચુરી ઈનિંગ રમી હતી. 60 બોલની આ ઈનિંગમાં તેણે 8 ચોગ્ગા અને 7 છગ્ગા ફટકાર્યા હતા. તેના સિવાય નમન ધીરે 50 રન બનાવ્યા હતા. પરંતુ, આ બંને પોતાની ટીમને જીત અપાવી શક્યા નહીં. પંજાબ તરફથી અર્શદીપ સિંહે 3 વિકેટ ઝડપી હતી. તેણે મુંબઈની ઈનિંગની 18મી ઓવરમાં શેરફેન રધરફોર્ડ (એક રન) ને બોલ્ડ કર્યો હતો. અર્શદીપે રાયન રિકલટન અને સૂર્યકુમાર યાદવને સતત બે બોલ પર આઉટ કર્યા હતા, પરંતુ હેટ્રિક પૂરી કરી શક્યો નહીં. 16મી ઓવરમાં પંજાબે ત્રીજી વિકેટ ગુમાવી. કેપ્ટન શ્રેયસ અય્યર 66 રન બનાવીને આઉટ થયા. તેમને શાર્દૂલ ઠાકૂરે નમન ધીરના હાથે કેચ આઉટ કરાવ્યા. આ સાથે જ સેન્ચુરી પાર્ટનરશીપ તૂટી. 15મી ઓવરમાં શ્રેયસ અય્યરે પોતાની ફિફટી 37 બોલમાં પૂરી અય્યરે બુમરાહના ચોથા બોલ પર ચોગ્ગો ફટકારીને 50 પૂર્ણ કર્યું. 13મી ઓવરમાં, પંજાબના ઓપનર પ્રભસિમરન સિંહે કેપ્ટન શ્રેયસ અય્યર સાથે ત્રીજી વિકેટ માટે સેન્ચુરી પાર્ટનરશીપ કરી. ટીમે 45 રન પર પોતાની બીજી વિકેટ ગુમાવી દીધી હતી. 11મી ઓવરમાં પંજાબના ઓપનર પ્રભસિમરન સિંહે 24 બોલમાં પોતાની ફિફટી પૂરી કરી. તેણે શાર્દૂલ ઠાકુરની ઓવરના બીજા બોલ પર ચોગ્ગો ફટકારીને હાફ સેન્ચુરી પૂરી કરી હતી. આ જ ઓવરમાં શ્રેયસ અય્યરે એક્સ્ટ્રા કવર્સ પર છગ્ગો પણ માર્યો હતો.196 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી પંજાબની શરૂઆત મુંબઈ કરતા સારી રહી છે. ટીમે પાવરપ્લેમાં બે વિકેટ ગુમાવીને 61 રન બનાવ્યા છે. સામે, મુંબઈએ 48 રન બનાવવામાં બે વિકેટ ગુમાવી હતી. 5મી ઓવરમાં પંજાબે બીજી વિકેટ ગુમાવી. અહીં કૂપર કોનોલી 17 રન બનાવીને આઉટ થયા. તેમને અલ્લાહ ગઝનફરના બોલ પર વિકેટકીપર ક્વિન્ટન ડી કોકના હાથે કેચ આઉટ. ગઝનફરને આ મેચમાં બીજી વિકેટ મળી છે. આ જ ઓવરમાં પંજાબે 50 રનનો આંકડો પણ પાર કરી લીધો. ચોથી ઓવરમાં પ્રભસિમરન સિંહને લાઈફ લાઈન મળી. ઓવરના પહેલા બોલ પર હાર્દિક પંડ્યાએ ઓફ સ્ટમ્પની બહાર શોર્ટ પિચ બોલ ફેંક્યો હતો. પ્રભસિમરને કટ શોટ રમ્યો, બોલ જસપ્રિત બુમરાહ તરફ ગયો, પરંતુ તે કેચ પકડી શક્યો નહીં. ત્રીજી ઓવરમાં પંજાબ કિંગ્સે પહેલી વિકેટ ગુમાવી. ઓવરના બીજા બોલને અલ્લાહ ગઝનફરે ગુડ લેન્થ પર ફેંક્યો હતો. પ્રિયાંશ આર્યાએ ફ્લિક શોટ રમ્યો, પરંતુ મિડ વિકેટ પર કેચ આઉટ થઈ ગયો. પ્રિયાંશએ 9 બોલમાં 15 રન બનાવ્યા. પંજાબ કિંગ્સ માટે પ્રભસિમરન સિંહ અને પ્રિયાંશ આર્યા ઓપનિંગ કરવા ઉતર્યા. બંનેએ દીપક ચાહર સામે પહેલીઓવરમાં 21 રન બનાવ્યા. મિસ્ટ્રી સ્પિનર અલ્લાહ ગઝનફર ઈમ્પેક્ટ પ્લેયર બનીને આવ્યો છે. તેણે સૂર્યકુમાર યાદવનું સ્થાન લીધું છે. સૂર્યા પંજાબ સામે કોઈ પણ રન બનાવી શક્યો નહોતો.

વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ચીનની ઝુ વેનજુન સામે ટક્કર

# વૈશાલીએ ચેસ કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ જીતી:પ્રથમ ભારતીય મહિલા બની

## રશિયાની કેટરિનાએ મુકાબલાની શરૂઆતમાં સિસિલિયન ડિફેન્સની ડ્રેગન વેરિએશન અપનાવી

ભારતીય ગ્રાન્ડમાસ્ટર વૈશાલી રમેશબાબુએ FIDE વિમેન્સ કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ 2026નો ખિતાબ જીતી લીધો છે. તેણે 15 એપ્રિલે સાયપ્રસના કેપ સેન્ટ જ્યોર્જ હોટેલમાં રમાયેલા ફાઈનલ રાઉન્ડ પછી પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર રહીને ખિતાબ પોતાના નામે કર્યો. વૈશાલીએ ફાઈનલ રાઉન્ડમાં સફેદ મોહરાઓથી રમતા રશિયાની અનુભવી ખેલાડી કેટરિના લગ્નોને હરાવી. 24 વર્ષની વૈશાલી કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની. હવે તે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ચીનની વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન ઝુ વેનજુનને પડકારશે. રશિયાની કેટરિનાએ મુકાબલાની શરૂઆતમાં સિસિલિયન ડિફેન્સની ડ્રેગન વેરિએશન અપનાવી. એટલે કે, તેણે પોતાના કિંગને સુરક્ષિત રાખતા કાળા મોહરાઓને એવી રીતે ગોઠવ્યા કે તેનો ઊંટ ખૂણામાંથી લાંબા અંતર સુધી અસર કરી શકે. તેના જવાબમાં વૈશાલી રમેશબાબુએ યુગોસ્લાવ અટેક રમ્યો. તેણે શરૂઆતથી જ સફેદ મોહરાઓથી કિંગ સાઈડ પર ઝડપી હુમલો કરવાની રણનીતિ અપનાવી અને રમત પર પકડ બનાવી લીધી. લગભગ 16મી ચાલ સુધી વૈશાલી પાસે સ્પષ્ટ લીડ હતી. ત્યારબાદ તેણે ઉતાવળ કર્યા વિના રશિયન ખેલાડીની ભૂલોનો પણ પૂરો ફાયદો ઉઠાવ્યો. 48મી ચાલ પર લગ્નોએ હાર માની લીધી.



છેલ્લો રાઉન્ડ શરૂ થાય તે પહેલાં વૈશાલી રમેશબાબુ અને કઝાકિસ્તાનની બિબિસારા અસૌબાયેવા 7.5 પોઈન્ટ સાથે બરાબરી પર હતા. છેલ્લા મુકાબલામાં કઝાકિસ્તાની ખેલાડીને ભારતની દિવ્યા દેશમુખે ડ્રો પર રોકી દીધી. આનો ફાયદો વૈશાલીને મળ્યો, જેનાથી તેને લીડ મળી અને તે ચેમ્પિયન બની.વૈશાલી ટુર્નામેન્ટમાં સૌથી ઓછી રેટિંગ ધરાવતી ખેલાડી હતી. પ્રથમ ચાર મુકાબલા ડ્રો રહ્યા અને પાંચમામાં હાર મળી. ત્યારબાદ તેણે સતત સારો દેખાવ કરીને વાપસી કરી અને ખિતાબ જીતી લીધો. વર્ષ 2016 થી વિમેન્સ વર્લ્ડ ચેમ્પિયનશિપ સંપૂર્ણપણે ચીની ખેલાડીઓના કબજામાં રહી છે. વૈશાલી છેલ્લા એક દાયકામાં પ્રથમ એવી ખેલાડી છે જે ચીનના આ વર્ચસ્વને પડકારશે. રમત નિષ્ણાતો હવે વૈશાલીની સરખામણી ગુકેશ સાથે કરી રહ્યા છે, જેણે 2024માં ચીનના જ ડિંગ લિરેનને હરાવીને વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતી હતી. આશા રાખવામાં આવી રહી છે કે 2026માં વૈશાલી પણ ઝુ વેનજુનને હરાવીને તે જ કારનામું દોહરાવશે. છેલ્લી વખત ભારતના ડી. ગુકેશે આ જીતીને ચીનના ડિંગ લિરેનને પડકાર્યો હતો. ત્યારે ગુકેશ કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ જીતનાર ભારતના બીજા ખેલાડી બન્યા હતા. 5 વખતના વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદે 1995માં પહેલીવાર કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ જીતી હતી. કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટને ચેસની દુનિયાની સૌથી મહત્વપૂર્ણ ઈવેન્ટ માનવામાં આવે છે, કારણ કે તે જ નક્કી કરે છે કે વર્લ્ડ ચેમ્પિયનનો આગામી ચેલેન્જર કોણ હશે. તેને વર્લ્ડ ચેમ્પિયનશિપનો સેમિફાઈનલ પણ કહેવામાં આવે છે. વિજેતાને સીધા વર્લ્ડ ચેમ્પિયન સામે રમવાની તક મળે છે. આ શતરંજની સૌથી મોટી ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટ છે.કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ દર બે વર્ષે યોજાય છે અને વિજેતા વર્લ્ડ ચેમ્પિયનને પડકારે છે. ઓપન કેટેગરીના વિજેતાનો મુકાબલો ભારતના ડી. ગુકેશ સાથે, જ્યારે વિમેન્સ કેટેગરીની વિજેતા ચીનની ઝુ વેનજુન સાથે થશે.

# શ્રેયસ ઐયરે ’સુપરમેન’ની જેમ જબરદસ્ત કેચ પકડ્યો, રોહિત-સૂર્યા જોતા રહી ગયા

વાનખેડે સ્ટેડિયમ ખાતે ગુરુવારે(16 એપ્રિલ) IPL 2026 દરમિયાન શ્રેયસ ઐયરે કમાલ કરી હતી, જે IPLના ઈતિહાસમાં શ્રેષ્ઠ ફિલ્ડિંગ મોમેન્ટ્સ માંથી એક માનવામાં આવે છે. જેમાં પંજાબ કિંગ્સના કેપ્ટને શાનદાર પ્રયાસથી મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાની ઈનિંગ્સનો અંત કર્યો હતો. આ ઘટના મેચની 18મી ઓવરના ત્રીજા બોલ પર બની હતી, જ્યારે માર્કો જાનસેન બોલિંગ કરી રહ્યો હતો. હાર્દિકે ઓફ સ્ટમ્પથી દૂર જતા બોલ પર એક જોરદાર શૉટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે યોગ્ય શૉટ રમી શક્યો ન હતો અને બોલ લોંગ-ઓન તરફ હવામાં ઉડી ગયો હતો. જેમાં લોંગ-ઓન પર તૈનાત શ્રેયસ ઐયરે અહીં એક જોરદાર કમાલ કરી હતી. તેવામાં ઐયર પોતાની ડાબી બાજુ દોડીને હવામાં કૂદકો લગાવીને બોલને પકડી પાડ્યો હતો. ખાવ વાત એ છે કે, ઐયરે સંતુલન ગુમાવવા છતાં તેણે બોલને લોંગ-ઓફ તરફ ફ્લિક કર્યો જ્યાં ઝેવિયર બાર્ટલેટે એક સરળ કેચ કર્યો હતો. કોમેન્ટ્રી કરી રહેલા રવિ શાસ્ત્રી પણ આ શાનદાર પ્રયાસથી ચોંકી ગયા હતા. તેમણે ઐયરની સ્ટ્રેન્થ અને બેલેન્સની પ્રશંસા કરી હતી. આ કેચ જેટલો અદભુત હતો તેટલો જ મુશ્કેલ પણ હતો. કેચ પકડ્યા પછી તરત જ શ્રેયસ ઐયરે મુંબઈના



દર્શકો તરફ ઈશારો કર્યો અને કાન પર હાથ મૂક્યો હતો. સમગ્ર દ્રશ્ય થોડી જ વારમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયા હતા. ડગઆઉટમાં બેઠેલા સૂર્યકુમાર યાદવ કેચ જોઈને સ્તબ્ધ થઈ ગયો હતો. જ્યારે તેની બાજુમાં બેઠેલો રોહિત શર્મા પણ કેચ જોઈને ચોંકી ગયો હતો. IPL 2026નો 24મો મુકાબલો ગુરુવારે(16 એપ્રિલ) મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયો હતો. જેમાં પંજાબ કિંગ્સને 7 વિકેટથી શાનદાર જીત મળી. આ મેચ વાનખેડે મેદાન પર રમાયો. જ્યાં ટોસ જીતીને પંજાબ કિંગ્સે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ મેચમાં પહેલીવાર ક્વિંટન ડિકોકને પ્લેઈંગ 11માં મોકો મળ્યો હતો. આ મેચમાં ડિકોકે 53 બોલમાં સદી ફટકારી હતી. તેની ઈનિંગના દમ પર મુંબઈએ 195 રન બનાવ્યા હતા. પરંતુ પંજાબે 196 રનનો ટોટલ 17મી ઓવરમાં જ ચેજ કરી લીધો. પંજાબની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર આવી ગઈ છે. પંજાબની ટીમ આ સિઝનની અત્યાર સુધીની એકપણ મેચ નથી હારી.

# વર્લ્ડ કપમાં ઘાતક બોલિંગ કરનારા બાંગ્લાદેશી બોલરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

બાંગ્લાદેશના અનુભવી ફાસ્ટ બોલર રુબેલ હુસૈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. 36 વર્ષીય આ ખેલાડીએ ફેસબુક પર પોતાના 35 લાખ ફોલોઅર્સને આ જાણકારી આપી અને 159 આંતરરાષ્ટ્રીય મેચોના પોતાના સફરને વિરામ આપવાનો નિર્ણય શેર કર્યો. રુબેલે પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ એપ્રિલ 2021માં ઓકલેન્ડમાં ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ સામે T20 આંતરરાષ્ટ્રીય મેચ તરીકે રમી હતી. ત્યાર બાદથી ઈજાએ તેને સતત પરેશાન કર્યો, જેના કારણે ઘરેલુ ક્રિકેટમાં પણ તેની ભાગીદારી મર્યાદિત થતી ગઈ.

બાંગ્લાદેશી ચાહકો માટે રુબેલનું સૌથી યાદગાર પ્રદર્શન ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2015માં એડિલેડમાં ઈંગ્લેન્ડ સામેની મેચ રહેશે. તે મેચમાં તેણે 4 બોલની અંદર ઈયાન બેલ અને કેપ્ટન ઈયોન મોર્ગનને આઉટ કર્યા, પછી સ્ટુઅર્ટ બ્રોડ અને જેમ્સ એન્ડરસનને આઉટ કરીને 53 રન આપીને 4 વિકેટ ઝડપી હતી, જે મેચ વિનિંગ બોલિંગ સાબિત થઈ હતી.પોતાના મેસેજમાં રુબેલે લખ્યું કે, ’હું ફાસ્ટ બોલર રુબેલ હુસૈન છું. મેં બાંગ્લાદેશ માટે 27 ટેસ્ટ, 104 વનડે અને 28 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. રાષ્ટ્રીય ટીમ મારા માટે એક જુસ્સો રહ્યો છે, પરંતુ એક સમય એવો આવે છે જ્યારે તમારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહેવું પડે છે. તે જ વિચાર સાથે મેં આ નિર્ણય લીધો છે. જોકે, હું ઘરેલુ ક્રિકેટ રમવાનું ચાલુ રાખીશ.’ તેમણે પોતાના પરિવાર, મિત્રો, મીડિયા અને ચાહકોનો આભાર માનતા ભવિષ્યમાં પણ સમર્થનની આશા વ્યક્ત કરી. રુબેલની આંતરરાષ્ટ્રીય સફર 2009માં શરૂ થઈ હતી જ્યારે તત્કાલીન બાંગ્લાદેશના ફાસ્ટ બોલિંગ કોચ ચંપક રામાનાયકેએ તેને દેશવ્યાપી ટેલેન્ટ હંટમાં શોધી કાઢ્યો. પોતાની સ્લિન્ગ એક્શન અને 140 કિમી/કલાકની ઝડપ સાથે રુબેલે ઝડપથી પોતાની ઓળખ બનાવી લીધી. વનડે ડેબ્યૂમાં જ તેણે શ્રીલંકા સામે 33 રન આપીને 4 વિકેટ ઝડપીને બાંગ્લાદેશને જીત અપાવી અને આમ કરનાર તે પ્રથમ બોલર બની ગયો. ટેસ્ટ ક્રિકેટમાં તેને વધુ સફળતા ન મળી. 27 મેચોમાં 76.77ની એવરેજથી 36 વિકેટ લીધી. પરંતુ મર્યાદિત ઓવરોમાં તે અસરકારક સાબિત થયો.

# અમદાવાદમાં 1 મેચનું શેડ્યૂલ બદલાતા ટિકિટો અંગે ગુજરાત ટાઇટન્સની મોટી જાહેરાત

આઈપીએલ-2026માં અમદાવાદમાં એક મેચની તારીખમાં ફેરફાર થયા બાદ ગુજરાત ટાઈટન્સે ટિકિટો અંગે મહત્ત્વની જાહેરાત કરી છે. ટીમના ફ્રાન્ચાઈઝીએ ફેરફાર થયેલ મેચની ટિકિટો અંગે ટિકિટધારકોને બે વિકલ્પો આપ્યા છે. IPL-2026 વચ્ચે BCCI દ્વારા મેચોના શિડ્યુલમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ નવા ફેરફાર મુજબ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી ગુજરાત ટાઈટન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સની મેચ હવે 26 એપ્રિલના બદલે 21 મેના રોજ સાંજે 7.30 રમાશે. આ અંગે ગુજરાત ટાઈટન્સ ફ્રેન્ચાઈઝીએ ટિકિટ ખરીદનારા ચાહકો માટે મહત્વની જાહેરાત કરી છે. ગુજરાત ટાઈટન્સના જણાવ્યા મુજબ, જેમણે ’બુક માય શો’ (BookMyShow) દ્વારા ટિકિટ બુક કરાવી છે તેમને SMS, વોટ્સએપ અથવા ઈમેઈલ દ્વારા બે વિકલ્પ આપવામાં આવશે, જેમાં ટિકિટ ખરીદનારાઓ 21 મેએ યોજાનાર મેચ જોવા માટે ટિકિટ યથાવત્ રાખી શકશે અથવા ટિકિટ કેન્સલ કરાવીને સંપૂર્ણ રિફંડ મેળવી શકશે. જે ચાહકો રિફંડનો વિકલ્પ પસંદ કરશે, તેમને 8થી 10 દિવસોમાં રકમ પરત મળી જશે. ફ્રેન્ચાઈઝીએ એવું પણ કહ્યું છે કે, ટિકિટ લેનારા ચાહકોએ 20 એપ્રિલ બપોરે 12 વાગ્યા સુધીમાં પોતાનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. જો ચાહકો વિકલ્પ અંગે કોઈપણ નિર્ણય નહીં લે તો તેમની ટિકિટ આપોઆપ 21 તારીખની ગણી લેવામાં આવશે. એટલે કે ટિકિટ મેળવનારાઓ 21 તારીખની મેચ જોઈ શકશે, પરંતુ તેમને રિફંડ નહીં મળે.

એમએસ ધોનીની ઈજા પહેલાથી જ CSK ને પરેશાન કરી રહી છે

# ચેન્નઈ સુપરકિંગ્સને ઝટકો, ક્વાડ્રિસેપ્સ ઈન્જરીને કારણે સ્ટાર બોલર IPLની અધવચ્ચે બહાર!

ઋતુરાજ ગાયકવાડની કેપ્ટનશીપ હેઠળની ચેન્નાઈ સુપર કિંગ્સને IPL 2026 વચ્ચે મોટો ઝટકો લાગ્યો છે. એમએસ ધોનીની ઈજા પહેલાથી જ CSK ને પરેશાન કરી રહી છે, અને ચાહકો તેની વાપસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ત્યારે હવે ચેન્નાઈ માટે વધુ એક ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે CSKના ફાસ્ટ બોલર ખલીલ અહેમદ ઈજાને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. ચેન્નાઈ સુપર કિંગ્સે સત્તાવાર રીતે તેની જાહેરાત કરી દીધી છે. જોકે, તેના રિપ્લેસમેન્ટનું એલાન હજું સુધી કરવામાં નથી આવ્યું. ચેન્નાઈ સુપર કિંગ્સની આગામી મેચ 18 એપ્રિલે સનરાઈઝર્સ હૈદરાબાદ



સામે છે. એક ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે ચેન્નાઈ સુપર કિંગ્સના ફાસ્ટ બોલર ખલીલ અહેમદ ક્વાડ્રિસેપ્સ ઈજાને કારણે IPLમાંથી બહાર થઈ ગયો છે. ખલીલ અહેમદ, જે અત્યાર સુધી CSK દ્વારા રમાયેલી પાંચેય મેચનો ભાગ રહી ચૂક્યા છે, તેણે 14 એપ્રિલે કેકેઆર સામેની પાછલી મેચ દરમિયાન જમણા હિપમાં દુઃખાવો હોવાની વાત કહી હતી. ટુર્નામેન્ટના શરૂઆતના સ્ટેજમાં તે CSK માટે સૌથી સારું પ્રદર્શન કરનારાઓમાંનો એક હતો. IPLના એક સોર્સે કહ્યું કે, ’આ ગ્રેડ 2 ટીયર છે અને રિહેબમાં ઓછામાં ઓછા 10-12 અઠવાડિયા લાગશે.’ ડાબા હાથના આ પેસરે ભારત માટે 11 વનડે અને 18 T20 મેચ રમી છે, જેમાંથી છેલ્લી મેચ તે જુલાઈ 2024માં રમ્યો હતો. એક અહેવાલ પ્રમાણે ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીનો 2026 ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) નો પહેલો મુકાબલો 23 એપ્રિલે વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ સામે હોઈ શકે છે. CSKના સૂત્રોના જણાવ્યા પ્રમાણે 44 વર્ષીય ધોની, જે પ્રી-સીઝન કેમ્પમાં પિંડલીમાં ઈજા (Calf Strain)થી પીડાયા બાદથી બહાર હતો, તે હવે સંપૂર્ણ ફિટ હોવાની નજીક છે.

રાજપાલ યાદવે મોરચો સંભાળ્યો; સંગીત પણ બેઅસર

# ‘ભૂત બંગલા’માં કોમેડી ઓછી અને હોરર ફીકું:અક્ષય-પ્રિયદર્શનની જોડીએ નિરાશ કર્યા

## વાર્તાની શરૂઆત શ્રાપિત ગામ મંગલપુરથી થાય છે, જ્યાં એવું માનવામાં આવે છે કે લગ્ન કરવા જોખમી છે, કારણ કે અહીં નવી દુલ્હનને વધૂસુર નામનો રાક્ષસ ઉપાડી જાય છે

અક્ષય કુમાર અને પ્રિયદર્શન જ્યારે પણ સાથે આવે છે, ત્યારે દર્શકોને 'ભૂલ ભુલૈયા', 'હેરા ફેરી', 'ભાગમ ભાગ' જેવી મનોરંજક ફિલ્મોની અપેક્ષા હોય છે. પરંતુ ફિલ્મ 'ભૂત બંગલા'માં આ જોડી આ વખતે તેવો કમાલ બતાવી શકતી નથી. ફિલ્મ હોરર, કોમેડી અને મિસ્ટ્રીનું મિશ્રણ તો છે, પરંતુ તેની અસર દરેક જગ્યાએ સરખી દેખાતી નથી. વાર્તાની શરૂઆત શ્રાપિત ગામ મંગલપુરથી થાય છે, જ્યાં એવું માનવામાં આવે છે કે લગ્ન કરવા જોખમી છે, કારણ કે અહીં નવી દુલ્હનને વધૂસુર નામનો રાક્ષસ ઉપાડી જાય છે.

અર્જુન આચાર્ય (અક્ષય કુમાર) લંડનમાં તેના પિતા વાસુદેવ અને બહેન મીરા સાથે રહે છે. મીરાના લગ્ન નક્કી થાય છે, ત્યારે તેમને ખબર પડે છે કે તેમના દાદા 500 કરોડની સંપત્તિ અને મંગલપુરની હવેલી મીરાના નામે કરી ગયા છે. અર્જુન, મીરાના લગ્ન તે જ પૈતૃક હવેલીમાં કરવા માટે મંગલપુર પહોંચે છે. પરંતુ જેમ જેમ લગ્ન નજીક આવે છે, હવેલીમાં વિચિત્ર અને ડરામણી ઘટનાઓ શરૂ થઈ જાય છે. આ દરમિયાન અર્જુન સામે ઘણા જૂના રહસ્યો ખુલે છે અને તેને ખબર પડે છે કે મીરા જ વધૂસુરના નિશાના પર છે, કારણ કે તેને મારીને વધૂસુર અમર થઈ શકે છે. હવે વાર્તા આ પ્રશ્ન પર અટકે છે કે શું અર્જુન તેની બહેન અને મંગલપુરને આ ખતરાથી બચાવી શકશે. અક્ષય કુમાર આ વખતે અપેક્ષાઓ પર સંપૂર્ણપણે ખરા ઉતરતા નથી. તેમની કોમિક ટાઈમિંગ, જે તેમની સૌથી મોટી તાકાત છે, અહીં બનાવટી અને વધુ મહેનત કરતી હોય તેવું લાગે છે.રાજપાલ યાદવ ફિલ્મના અસલી મજબૂત આધાર બનીને ઉભરે છે, તેમની કોમેડી જ ઘણી જગ્યાએ ફિલ્મને સંભાળે છે. ફિલ્મમાં રાજપાલ યાદવ, અક્ષય કુમાર અને પરેશ રાવલની ત્રિપુટી ફરી સાથે જોવા મળી છે.ફિલ્મમાં રાજપાલ યાદવ, અક્ષય કુમાર અને પરેશ રાવલની ત્રિપુટી ફરી સાથે જોવા મળી છે.પરેશ રાવલનું કામ ઠીક-ઠાક છે, પરંતુ તેમની પાસેથી જે અપેક્ષા રહે છે, તે અહીં જોવા મળતી નથી. એવું લાગે છે કે તેમણે અડધા મનથી અભિનય કર્યો હોય. ફિલ્મની લીડ એક્ટ્રેસ વામિકા ગબ્બીને ખૂબ ઓછો સ્ક્રીન ટાઈમ મળ્યો છે અને અક્ષય સાથે તેમની કેમેસ્ટ્રી પણ જબરદસ્તીની લાગે છે. તબ્બુ, મિથિલા પાલકર અને જેસ્સુ સેનગુપ્તા જેવા કલાકારોનો ઉપયોગ પણ સીમિત અને અધૂરો લાગે છે.પ્રિયદર્શન આ વખતે




પોતાના જ બનાવેલા માપદંડો પર ખરા ઉતરતા નથી. ફિલ્મનું સ્ક્રીનપ્લે વેરવિખેર લાગે છે, જ્યાં પહેલો ભાગ ઘણો ખેંચાયેલો અને કંટાળાજનક લાગે છે, ત્યાં બીજો ભાગ થોડી ગતિ પકડે છે અને વાર્તાને અમુક હદ સુધી સંભાળે છે. હોરર એલિમેન્ટ્સમાં સાઉન્ડનો ઉપયોગ કેટલીક જગ્યાએ અસરકારક છે, પરંતુ ડરનું વાતાવરણ સતત બની શકતુ નથી.VFX ઘણી જગ્યાએ નબળા અને બનાવટી લાગે છે, જેનાથી ફિલ્મની અસર ઓછી થઈ જાય છે. ડાયલોગ્સ સરેરાશ છે અને કોમિક પંચ ઘણી વાર એવા લાગે છે, જાણે પહેલાથી સાંભળેલા હોય, જેનાથી હાસ્ય ઓછું અને નિરાશા વધુ થાય છે. કુલ મળીને ડિરેક્શનમાં તે ધાર અને કડકાઈ દેખાતી નથી, જેની આ જોડી પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે.ફિલ્મમાં વામિકા ગબ્બી, તબ્બુ અને મિથિલા પાલકરને ખૂબ ઓછો સ્ક્રીન ટાઈમ મળ્યો છે. ફિલ્મમાં વામિકા ગબ્બી, તબ્બુ અને મિથિલા પાલકરને ખૂબ ઓછો સ્ક્રીન ટાઈમ મળ્યો છે. ફિલ્મનું સંગીત તેની સૌથી નબળી કડી છે. 'ભૂલ ભુલૈયા'ના ગીતો આજે પણ લોકોને યાદ છે, પરંતુ 'ભૂત બંગલા'નું એક પણ ગીત એવું નથી, જે થિયેટરમાંથી બહાર નીકળ્યા પછી યાદ રહી જાય. 'ભૂત બંગલા' એક એવી ફિલ્મ છે જે 'ભૂલ ભુલૈયા'ની યાદ અપાવે છે, પરંતુ તે સ્તરનું મનોરંજન આપી શકતી નથી. નબળી સ્ક્રીનપ્લે, ફીકું સંગીત અને સરેરાશ અભિનય તેને સંપૂર્ણપણે અસરકારક બનતા રોકે છે. જો તમે હળવી હોરર-કોમેડી અને રાજપાલ યાદવની કોમેડી માટે ફિલ્મ જોવા માંગતા હો, તો એકવાર જોઈ શકો છો. ફિલ્મમાં વામિકા ગબ્બી, તબ્બુ અને મિથિલા પાલકરને ખૂબ ઓછો સ્ક્રીન ટાઈમ મળ્યો છે. ફિલ્મમાં વામિકા ગબ્બી, તબ્બુ અને મિથિલા પાલકરને ખૂબ ઓછો સ્ક્રીન ટાઈમ મળ્યો છે.ફિલ્મનું સંગીત તેની સૌથી નબળી કડી છે. 'ભૂલ ભુલૈયા'ના ગીતો આજે પણ લોકોને યાદ છે, પરંતુ 'ભૂત બંગલા'નું એક પણ ગીત એવું નથી, જે થિયેટરમાંથી બહાર નીકળ્યા પછી યાદ રહી જાય. 'ભૂત બંગલા' એક એવી ફિલ્મ છે જે 'ભૂલ ભુલૈયા'ની યાદ અપાવે છે, પરંતુ તે સ્તરનું મનોરંજન આપી શકતી નથી. નબળી સ્ક્રીનપ્લે, ફીકું સંગીત અને સરેરાશ અભિનય તેને સંપૂર્ણપણે અસરકારક બનતા રોકે છે. જો તમે હળવી હોરર-કોમેડી અને રાજપાલ યાદવની કોમેડી માટે ફિલ્મ જોવા માંગતા હો, તો એકવાર જોઈ શકો છો.રાજપાલ યાદવ ફિલ્મના અસલી મજબૂત આધાર બનીને ઉભરે છે, તેમની કોમેડી જ ઘણી જગ્યાએ ફિલ્મને સંભાળે છે. ફિલ્મમાં રાજપાલ યાદવ, અક્ષય કુમાર અને પરેશ રાવલની ત્રિપુટી ફરી સાથે જોવા મળી છે.ફિલ્મમાં રાજપાલ યાદવ, અક્ષય કુમાર અને પરેશ રાવલની ત્રિપુટી ફરી સાથે જોવા મળી છે.પરેશ રાવલનું કામ ઠીક-ઠાક છે, પરંતુ તેમની પાસેથી જે અપેક્ષા રહે છે, તે અહીં જોવા મળતી નથી. એવું લાગે છે કે તેમણે અડધા મનથી અભિનય કર્યો હોય. ફિલ્મની લીડ એક્ટ્રેસ વામિકા ગબ્બીને ખૂબ ઓછો સ્ક્રીન ટાઈમ મળ્યો છે અને અક્ષય સાથે તેમની કેમેસ્ટ્રી પણ જબરદસ્તીની લાગે છે. તબ્બુ, મિથિલા પાલકર અને જેસ્સુ સેનગુપ્તા જેવા કલાકારોનો ઉપયોગ પણ સીમિત અને અધૂરો લાગે છે.

---

સોશિયલ મીડિયા પર સ્ક્રીનશોટ વાયરલ; ક્રિકેટરે અગાઉ અલ્ગોરિધમ પર દોષનો ટોપલો ઢોળ્યો હતો

# અવનીત બાદ વિરાટ કોહલીએ જર્મન મૉડલનો ફોટો લાઈક કર્યો

વિરાટ કોહલી તેની ક્રિકેટ મેચની સાથે સાથે અન્ય કારણોસર પણ ચર્ચામાં રહે છે. થોડા મહિના પહેલા તેણે એક્ટ્રેસ અવનીત કૌરનો ફોટો લાઈક કર્યો હતો, હવે ક્રિકેટરે જર્મન મૉડલનો ફોટો લાઈક કર્યો છે. જર્મન મૉડલ લિઝલાઝનો ફોટો ક્લિક કરનાર ફોટોગ્રાફર અદ્વૈત વૈદ્યે સ્ક્રીનશોટ શેર કર્યો છે. અદ્વૈત વૈદ્યે સ્ક્રીનશોટ શેર કરતા દાવો કર્યો છે કે, વિરાટ કોહલીના સત્તાવાર એકાઉન્ટ પરથી લિઝલાઝના એક જૂના ફોટોને લાઈક કરવામાં આવ્યો છે.

અદ્વૈત વૈદ્યે વિરાટ કોહલીના લાઈકના દાવાવાળો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો. અદ્વૈતે કેપ્શનમાં લખ્યું, ‘આના પર કેવી રીતે રિએક્ટ કરવું જ્યારે GOAT વિરાટ કોહલી, તમારી પોસ્ટ લાઈક કરી દે. હું અને લિઝલાઝ હજુ પણ અમારી આંખો ચોળીને જોઈ રહ્યા છીએ કે, આ ખરેખર થઈ રહ્યું છે કે નહીં હાહા આભાર GOAT.’ (GOAT એટલે ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ) નોંધનીય છે કે, લિઝલાઝ એક જર્મન-સાઉથ આફ્રિકન મૉડલ, વ્લોગર અને ઈન્ફ્લુએન્સર છે, જે ભારતમાં તેની ટ્રાવેલ કન્ટેન્ટ (જેમ કે 'સમોસા સમોસા' વીડિયો) માટે જાણીતી છે. તેણે 'ફિલ્મીમંત્રા'ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, વિરાટ કોહલી તેના મનપસંદ ક્રિકેટર છે. સોશિયલ મીડિયા પર વિરાટ કોહલીના લાઈકવાળો સ્ક્રીનશોટ વાયરલ થતાં જ ઘણા યુઝર્સે તેના પર પ્રતિક્રિયા આપી હતી. જોકે, અત્યાર સુધી એ સ્પષ્ટ નથી થયું કે કોહલીએ ખરેખર તેને લાઈક કર્યો હતો કે પછી આ કોઈ એલ્ગોરિધમની ભૂલ છે. યુઝર્સ કહ્યું કે, આ વિરાટ કોહલીએ લાઈક નથી કરી, પરંતુ અલ્ગોરીધમની ભૂલ છે.’ નોંધનીય છે કે, ગયા વર્ષે મે-2025માં વિરાટે એક્ટ્રેસ અવનીત કૌરના એક ફોટોને લાઈક કર્યો હતો. જોકે, વિરાટે થોડા સમય પછી તે લાઈક ડિલીટ કરી દીધી હતી, પરંતુ તે દરમિયાન વિરાટના લાઈકનો સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો હતો, જેના કારણે આ મામલે વિવિધ ચર્ચાઓ શરૂ થઈ હતી. બાદમાં વિરાટે આ મામલે સ્પષ્ટતા આપવી પડી હતી. વિરાટ કોહલીએ અવનીત કૌરના ફેન પેજની આ પોસ્ટ લાઈક કરી હતી. વિરાટે કોહલીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, ‘હું સ્પષ્ટ કરવા માંગુ છું કે ફીડ ક્લિયર કરતી વખતે એવું લાગે છે કે, એલ્ગોરિધમે ભૂલથી કોઈ ઈન્ટરેક્શન રજિસ્ટર કરી લીધું છે. આ પાછળ મારો કોઈ ઈરાદો નહોતો. હું તમને વિનંતી કરું છું કે કૃપા કરીને બિનજરૂરી વાતો ન બનાવો. સમજવા બદલ આભાર.’ અદ્વૈત વૈદ્યે વિરાટ કોહલીના લાઈકના દાવાવાળો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો. અદ્વૈતે કેપ્શનમાં લખ્યું, ‘આના પર કેવી રીતે રિએક્ટ કરવું જ્યારે GOAT વિરાટ કોહલી, તમારી પોસ્ટ લાઈક કરી દે. હું અને લિઝલાઝ હજુ પણ અમારી આંખો ચોળીને જોઈ રહ્યા છીએ કે, આ ખરેખર થઈ રહ્યું છે કે નહીં હાહા આભાર GOAT.’ (GOAT એટલે ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ) નોંધનીય છે કે, લિઝલાઝ એક જર્મન-સાઉથ આફ્રિકન મૉડલ, વ્લોગર અને ઈન્ફ્લુએન્સર છે, જે ભારતમાં તેની ટ્રાવેલ કન્ટેન્ટ (જેમ કે 'સમોસા સમોસા' વીડિયો) માટે જાણીતી છે. તેણે 'ફિલ્મીમંત્રા'ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, વિરાટ કોહલી તેના મનપસંદ ક્રિકેટર છે. સોશિયલ મીડિયા પર વિરાટ કોહલીના લાઈકવાળો સ્ક્રીનશોટ વાયરલ થતાં જ ઘણા યુઝર્સે તેના પર પ્રતિક્રિયા આપી હતી. જોકે, અત્યાર સુધી એ સ્પષ્ટ નથી થયું કે કોહલીએ ખરેખર તેને લાઈક કર્યો હતો કે પછી આ કોઈ એલ્ગોરિધમની ભૂલ છે. યુઝર્સ કહ્યું કે, આ વિરાટ કોહલીએ લાઈક નથી કરી, પરંતુ અલ્ગોરીધમની ભૂલ છે.’ નોંધનીય છે કે, ગયા વર્ષે મે-2025માં વિરાટે એક્ટ્રેસ અવનીત કૌરના એક ફોટોને લાઈક કર્યો હતો. જોકે, વિરાટે થોડા સમય પછી તે લાઈક ડિલીટ કરી દીધી હતી, પરંતુ તે દરમિયાન વિરાટના લાઈકનો સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો હતો, જેના કારણે આ મામલે વિવિધ ચર્ચાઓ શરૂ થઈ હતી. બાદમાં વિરાટે આ મામલે સ્પષ્ટતા આપવી પડી હતી. વિરાટ કોહલીએ અવનીત કૌરના ફેન પેજની આ પોસ્ટ લાઈક કરી હતી. વિરાટે કોહલીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, ‘હું સ્પષ્ટ કરવા માંગુ છું કે ફીડ ક્લિયર કરતી વખતે એવું લાગે છે કે, એલ્ગોરિધમે ભૂલથી કોઈ ઈન્ટરેક્શન રજિસ્ટર કરી લીધું છે.



---

‘રોમાન્સ હોત, તો અત્યાર સુધી બાળકો થઈ ગયા હોત’

# ચિરાગ પાસવાન સાથેના સંબંધ પર કંગના રનૌતનો બેબાક અંદાજ, સાંસદને સારો મિત્ર ગણાવ્યો

બોલિવૂડ એક્ટ્રેસ અને ભાજપ સાંસદ કંગના રનૌતે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન સાથેના પોતાના સંબંધો વિશે ખૂલીને વાત કરી છે. તેણે જણાવ્યું કે, જો તેની અને ચિરાગ વચ્ચે પ્રેમ હોત, તો તેમના ઘરે બાળકોનો જન્મ થઈ ગયો હોત.ANI (ન્યૂઝ એજન્સી)ને આપેલા ઈન્ટરવ્યુમાં કંગનાને ચિરાગ પાસવાન સાથેના તેના કથિત અફેર વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો. આના પર હસતા કંગનાએ કહ્યું, 'ના, ચિરાગ ફક્ત મારા એક ખૂબ સારા મિત્ર છે. જ્યારે પણ હું તેમના વિશે વિચારું છું, ત્યારે મને તેમનામાં ફક્ત એક મિત્ર જ દેખાય છે.'કંગનાની 2011માં આવેલી ફિલ્મ 'મિલે ના મિલે હમ'થી ચિરાગ પાસવાને બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું.કંગનાની 2011માં આવેલી ફિલ્મ 'મિલે ના મિલે હમ'થી ચિરાગ પાસવાને બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતુંવાતચીત દરમિયાન કંગનાએ ખૂબ જ સ્પષ્ટ અને રમુજી અંદાજ અપનાવ્યો. તેણે કહ્યું, 'અમે લગભગ 10 વર્ષ પહેલાં એક ફિલ્મ સાથે કરી હતી. જો અમારા વચ્ચે ખરેખર કંઈ થવાનું હોત, તો અત્યાર સુધી અમારા બાળકો થઈ ગયા હોત.'જ્યારથી કંગના સાંસદ બની છે, ત્યારથી તેના અને સાંસદ ચિરાગ વચ્ચે અફેરની ચર્ચા શરૂ થઈ



ગઈ છે.

ફિલ્મ 'મિલે ના મિલે હમ' થી શરૂ થયેલી મિત્રતા કંગના અને ચિરાગ પાસવાન વચ્ચેની બોન્ડિંગ ઘણી જૂની છે. વર્ષ 2011માં આવેલી ફિલ્મ 'મિલે ના મિલે હમ' થી ચિરાગ પાસવાને બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મમાં કંગના રનૌત તેમની લીડ એક્ટ્રેસ હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નહીં, પરંતુ અહીંથી જ બંનેની મિત્રતાની શરૂઆત થઈ. અગાઉ સ્મિતા પ્રકાશ સાથેના પોડકાસ્ટમાં ચિરાગે કંગના વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, 'હું તેને (કંગના) સંસદમાં મળવા માટે ખરેખર ઉત્સાહિત હતો. છેલ્લા 2-3 વર્ષથી હું મારા જીવનમાં એટલો વ્યસ્ત હતો કે મારો સંપર્ક તૂટી ગયો હતો.'કંગનાની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ઈમરજન્સી' હતી, જેમાં તેણે પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મનું ડિરેક્શન પણ તેણે પોતે જ કર્યું હતું. આગામી સમયમાં કંગના તેની ફ્રેન્ચાઈઝીની આગામી કડીઓ 'ક્વીન 2' અને 'તનુ વેડ્સ મનુ 3' માં જોવા મળશે. જ્યારે, ચિરાગ પાસવાન હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડીને સંપૂર્ણપણે રાજકારણ અને પોતાના મંત્રાલયની જવાબદારીઓમાં વ્યસ્ત છે. જેમાં તેણે પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મનું ડિરેક્શન પણ તેણે પોતે જ કર્યું હતું. આગામી સમયમાં કંગના તેની ફ્રેન્ચાઈઝીની આગામી કડીઓ 'ક્વીન 2' અને 'તનુ વેડ્સ મનુ 3' માં જોવા મળશે. જ્યારે, ચિરાગ પાસવાન હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડીને સંપૂર્ણપણે રાજકારણ અને પોતાના મંત્રાલયની જવાબદારીઓમાં વ્યસ્ત છે.

---

અશોક પંડિત લેન્સકાર્ટની સ્ટાઈલ ગાઈડ પર ભડક્યા

# ફિલ્મમેકરે પ્રશ્ન ઉઠાવ્યો- 'હિજાબ, પાઘડી મંજૂર પણ તિલક-બિંદી નહીં?'



ફિલ્મમેકર અશોક પંડિત લેન્સકાર્ટ (ચશ્માની કંપની)ના કર્મચારીઓ માટે જાહેર કરાયેલી સ્ટાઈલ ગાઈડને લઈને ભડકી ઉઠ્યા અને તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કંપનીનો બહિષ્કાર કરવાની અપીલ કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર અશોક પંડિતે સ્ટાઈલ ગાઈડનો ફોટો શેર કરીને લખ્યું, 'પીયૂષ બંસલ પોતાના કર્મચારીઓને કહે છે કે, હિજાબ બરાબર છે, પરંતુ બિંદી/તિલક/કલાવા નહીં. લેન્સકાર્ટ એક એવી કંપની છે, જે હિંદુ બહુમતીવાળા ભારતમાં કામ કરે છે, જ્યાં મોટાભાગના કર્મચારીઓ અને ગ્રાહકો હિંદુ છે. તમે આના પર શું કહેશો?' નોંધનીય છે કે, અશોક પંડિતે સ્ટાઈલ ગાઈડનો ફોટો શેર કર્યો હતો. તે મુજબ, હિજાબ પહેરવાની મંજૂરી છે, પરંતુ તેનો રંગ કાળો હોવો જોઈએ અને તે કંપનીના લોગોને ઢાંકવો ન જોઈએ. પાઘડી પણ ફક્ત કાળા રંગમાં જ પહેરવાની મંજૂરી આપવામાં આવી છે. જ્યારે, ધાર્મિક ટીકા, તિલક, બિંદી કે સ્ટીકર લગાવવાની મંજૂરી નથી અને મહેંદી લગાવવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.માર્ગદર્શિકામાં એ પણ કહેવામાં આવ્યું છે કે, કોઈપણ પ્રકારની ટોપી કે હેટ પહેરવાની મંજૂરી રહેશે નહીં. આ ઉપરાંત, સ્ટોરમાં બ્લુ ટોર્ચ અને સ્પ્રે બોટલ રાખવી, વાળ અવ્યવસ્થિત હોય ત્યારે હેર નેટનો ઉપયોગ કરવો અને ટેટૂ છુપાવવા માટે કાળી ફીટેડ ટી-શર્ટ પહેરવી ફરજિયાત હોવાનું જણાવાયું છે. નોંધનીય છે કે, અશોક પંડિત એક ફિલ્મમેકર છે, સાથે જ તે સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કરતા રહે છે. તેમણે કારકિર્દીની શરૂઆતમાં 'નુક્કડ', 'સર્કસ' અને 'યે જો હૈ જિંદગી' જેવા ફેમસ શોમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું.

અશોક પંડિતની ડિરેક્ટોરિયલ ડેબ્યૂ ફિલ્મ 'શીન' હતી. તેમણે કાશ્મીરી પંડિતો પર ડોક્યુમેન્ટરી પણ બનાવી હતી. આ પછી તેમણે 'ફિલ્મી ચક્કર' જેવા શોનું ડિરેક્શન કર્યું અને 'કોલગેટ ટોપ 10' અને 'તેરે મેરે સપને' જેવા શો પણ બનાવ્યા. સાથે જ તેમણે 'ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' અને '72 હૂર્રે' જેવી ફિલ્મોને પ્રોડ્યુસ કરી છે.

---

'જુબિન નૌટિયાલે દોઢ વર્ષ પહેલા લગ્ન કરી લીધા છે'

# સિંગરના સિક્રેટ વેડિંગ પર પિતાનો મોટો ખુલાસો- 'પરંપરાગત રીતે બાળપણની મિત્ર

બોલિવૂડ સિંગર જુબિન નૌટિયાલના લગ્નને લઈને ચર્ચાઓ તેજ બની છે. તેવામાં તેના પિતા રામશરણ નૌટિયાલે દિવ્ય ભાસ્કરને માહિતી આપી છે કે, જુબિનના લગ્ન દોઢ વર્ષ પહેલાં થઈ ચૂક્યા છે. તેમણે કહ્યું કે, 'જુબિને ખૂબ જ પરંપરાગત રીતે પોતાની બાળપણની મિત્ર સાથે સાત ફેરા લીધા હતા.' જુબિન નૌટિયાલના લગ્ન બહાર કરવામાં આવ્યા હતા. જુબિનના પિતા દેહરાદૂનમાં જ રહે છે. તેમણે કહ્યું કે, 'હાલમાં આ વિષય પર વધુ કંઈ કહેવું યોગ્ય રહેશે નહીં.' વાસ્તવમાં, 'ફેમિના ઈન્ડિયા' દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેક કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, જુબિન નૌટિયાલે તેની બાળપણની મિત્ર સાથે ખાનગી સમારોહમાં લગ્ન કરી લીધા છે. આ ફોટો ખૂબ ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જોકે, હજુ સુધી જુબિન કે તેમના પરિવાર દ્વારા તેમની પત્નીનું નામ જાહેર કરાયું નથી. પરંતુ 'જાગરણ'એ સૂત્રોને ટાંકીને લખ્યું છે કે, જુબિનની પત્નીનું નામ રિયા ચંદેલ છે. સોશિયલ મીડિયા પર જુબિન નૌટિયાલના ફેન પેજ દ્વારા અગાઉ અનેકવાર રિયા ચંદેલ નામની યુવતીના જુબિન નૌટિયાલ સાથે ફોટો શેર કરવામાં આવ્યા છે. જુબિન નૌટિયાલ દેહરાદૂનના જૌનસાર-બાવર ક્ષેત્રના ક્યારી ગામના રહેવાસી છે. જુબિનના પિતા રામ શરણ નૌટિયાલ BJPના નેતા અને બિઝનેસમેન છે, જ્યારે તેમની માતા નીના નૌટિયાલ એક બિઝનેસ વુમન છે. જુબિનનો પ્રારંભિક અભ્યાસ દેહરાદૂનની સેન્ટ જોસેફ એકેડમીમાં થયો હતો, ત્યારબાદ તેમણે મુંબઈની મીઠીબાઈ કોલેજમાંથી મ્યુઝિક ટ્રેનિંગ લીધી હતી.જુબિનને 'સોનાલી કેબલ' ફિલ્મના ગીત 'એક મુલાકાત'થી બોલિવૂડમાં ઓળખ મળી હતી. બાદમાં તેણે 'રાતાં લંબિયા', 'લુટ ગયે', 'તુમ્હી આના' સહિતના અનેક ગીતો ગાયા છે. જુબિન નૌટિયાલના પિતાએ દેહરાદૂન જિલ્લાની ચકરાતા વિધાનસભા બેઠક પરથી 2022ની વિધાનસભા ચૂંટણી ભાજપની ટિકિટ પર લડી હતી, પરંતુ તેમને કોંગ્રેસના પ્રીતમ સિંહે 9,436 મતોથી હરાવ્યા હતા. આ પહેલા રામશરણ નૌટિયાલ દેહરાદૂન જિલ્લા પંચાયતના અધ્યક્ષ પદ પર બે વાર (લગભગ 10 વર્ષ) રહ્યા હતા. તેમણે 6 નવેમ્બર 1997ના રોજ અવિભાજિત ઉત્તર પ્રદેશના સમયમાં જિલ્લા પંચાયત અધ્યક્ષ તરીકે 'નવીન ચકરાતા' ટાઉનશીપનો શિલાન્યાસ કર્યો હતો. ઉત્તરાખંડ રાજ્ય બન્યા પછી પણ તેઓ આ પદ પર રહ્યા હતા. રામશરણ નૌટિયાલ તેમની રાજકીય કારકિર્દીના શરૂઆતના તબક્કાથી જ કોંગ્રેસના સક્રિય સભ્ય રહ્યા હતા. ત્યારબાદ તેમણે એપ્રિલ 2014માં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા.જૂન 2022માં જુબિન નૌટિયાલ કપિલ શર્મા શોમાં ગયા હતા.

